

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ એકાવનમું · અંક ચોથો
એપ્રિલ · ઓગણીસસો ચુમોતેર
તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક
૬૦૪





ઉત્તર ભારતમાં મથુરા નજીક વિકસેલી સંસ્કૃતિઓના લગભગ ૩૦૦૦ વર્ષના ઇતિહાસ પર વધુ પ્રકાશ પાડતા સોંખના ઉત્ખનનમાંથી મળેલા અવશેષોમાંનાં કલારત્નો. (જુઓ આ અંકમાં એ વિષેનો લેખ.)

ઉપર: શાલભંજિકા ઈસ્વી સનના પ્રથમ શતકનો શિલ્પાવશેષ.

બાજુમાં: ૨૦૦૦ વર્ષ પહેલાંનું એક માદળિયું.

જમણી બાજુ છેડે: (ઉપર) લગભગ એ જ કાળના એક બીબા વડે ઢાળેલું નાગ યુવતીનું સુંદર મસ્તક અને (નીચે) કનિષ્ક પહેલાના સમયની પાકી માટીની એક તકતી.





ચિત્રો જોઇ પરિચિત વ્યક્તિઓ-ને દશ્યોનું દર્શન થયું : જાણે જીવન-ના પૂર્વાશ્રમમાં જરાક જઇ આવ્યા!

સાત આઠ ચિત્રો મને વિશેષ મનોરમ અને વ્યંજનાસભર લા-ગ્યાં. 'ગાંધીજી', 'મીનાક્ષી-મંદિરે', 'પાછો મળ્યો', 'ચાંદાપોળી', 'શ્રીમતી', 'પરશુરામ', 'મુંજાલ' અને 'અખો'. કેટલાંક બીજાં કસબ અને સંયોજનમાં યા કલાવિદોના અમુક અમુક દૃષ્ટિકોણથી લાક્ષ-ણિક હશે; પણ એ વાતમાં હું નહિ પડું. મેં ગણાવ્યાં તેમાંનાં કેટલાંક પર લઘુનિબંધો લખી શકાય. અને, કોણ જાણે કેમ, 'પરશુરામ' આ વખતે બહુ ગમ્યું. 'મુંજાલ', 'અખો' અને 'ગાંધીજી'માં અંદરના માણુસ-ને બહાર મુખ ઉપર લાવવામાં તમે બહુ સફળ છો. ચતુર કરામત (invention) અને અંતર્બોધનું સ-ર્જન એ ભિન્ન વસ્તુઓ છે.

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

કુમાર

એપ્રિલ ૧૯૬૪ · અંક ૬૦૪

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૧-૦૦; પરદેશ: રૂ. ૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ. ૫ છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે.....

'કુમાર' ૯૦૦માં (૧) 'વાચકો લખે છે'માં શ્રી રવિશંકર રાવળ નવેમ્બર અંકમાંનાં અજંતા-શિલ્પોની ચર્ચા કરતાં શ્રી ઢાંકીએ જેને 'આકાશચારી ચામરધર બટુક' કહેલા છે તેને 'બટુક નહિ પણ વામન કીચક મલ્લ છે' એવું જે કહે છે તે બરાબર નથી, કારણ કે કીચકના હાથમાં ચામર હોતું નથી. બટુક એટલે શિશુ નહિ પણ 'વામન' એવો જ અર્થ છે. કચ્છ કેરાના ખંડેરમાં કીચક જ છે, ત્યાં ચામર નથી.

(૨) 'ગુજરાતની બે દુર્લભ શિલ્પકૃતિઓની ચર્ચા કરતાં ડૉ. ઉમાકાન્ત શાહ ચિત્ર નં. ૩ને 'કદાચ ભૈરવનું' કહે છે, પણ તે ભૈરવનું નથી. ભૈરવ શિવનું ભયંકર રૂપ છે, તેના હાથમાં ત્રિશૂલ, ખડ્ગ, નરમુંડ એવાં ભયપ્રદ આયુધો હોય. જ્યારે અહીં તો ઉપલા જમણા હાથમાં કમળ છે. બીજો જમણો હાથ તર્કમુદ્રામાં જણાય છે. એક ડાબા હાથમાં રુદ્રાક્ષની માળા (?)—આ બધું શંકરના 'શિવ'રૂપને વ્યક્ત કરે છે. શિલ્પની સમગ્ર અદા પણ ભૈરવને અનુકૂળ નથી. મને આ શિવનું દક્ષિણામૂર્તિ સ્વરૂપ લાગે છે.

(૩) 'ગુજરાતમાં વપરાએલા સંવતો'માં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી સિંહ-સંવત વિષે 'આ સંવત કદાચ સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦માં સોરઠ જીત્યાની યાદમાં શરૂ કર્યો હશે.' એવું જે કહે છે તે બરાબર નથી; કારણ કે સિદ્ધરાજે પોતાના કોઈ વિજયની યાદમાં આ સંવત ચલાવ્યો હોય તો તે સમગ્ર ગુજરાતમાં વપરાએલો હોવો જોઈએ, જ્યારે સિંહ સંવત તો માત્ર દક્ષિણ–પશ્ચિમ સૌરાષ્ટ્રમાં જ મળે છે. આ એક જ હકીકત સિદ્ધરાજે સિંહ-સંવત ફેલાવ્યો નથી તેની પ્રબળ સાબિતી છે. બીજું, સિદ્ધરાજના લગભગ દરેક કાર્યની નોંધ હેમચંદ્ર જેવા લેખકોએ લીધી છે, તો એક નવો સંવત શરૂ થાય તેની નોંધ કેમ કોઈ ન લે? અત: સિંહ-સંવત સાથે સિદ્ધરાજનો કોઈ મેળ નથી.

(૪) 'સાહિત્યસંપર્ક'માં 'ઓતા બાપાનો વડલો' પુસ્તકને 'ઊંચા દસ્તાવેજી મૂલ્યવાળું' ગણાવ્યું છે તે યોગ્ય નથી. એક સાથે વંશાવળી મળી એટલા પૂરતું એનું સમાજશાસ્ત્રીય મૂલ્ય છે, બાકી ગાંધીકુળપ્રશસ્તિને કોઈ દસ્તાવેજનો ટેકો નથી, પરિશિષ્ટમાં અપાએલ પોરબંદર રાજ્યનો ઇતિહાસ પણ બરાબર નથી. આખા પુસ્તકમાં પ્રશસ્તિ જ પ્રધાન છે, ઇતિહાસ નહિ. અત: આ કૃતિને શ્રદ્ધેય અને દસ્તાવેજી મૂલ્યવાળી નહિ કહેવાય!

(૫) 'માધુકરી'માં શ્રી લક્ષ્મણ ગોવર્ધન નાયક દ્વારા અપાએલી 'શ્રીકૃષ્ણની જીવનકાળમર્યાદા'માં એક હકીકત બરાબર નથી. ઈ. સ. પૂર્વે ૩૧૧૫માં 'હસ્તિનાપુરમાં' એમ કહેવાથી આ સમયે 'શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં છે.' એવું સમજાય છે, જ્યારે વાસ્તવમાં આ સમયે 'હસ્તિનાપુરમાં દ્યૂત ખેલાયું' એમ છે! દ્યૂત-ખેલન વખતે શ્રીકૃષ્ણ શાલ્વ-વધમાં રોકાએલા હતા તેની કથા મહાભારત વનપર્વમાં અધ્યાય ૧૪ થી ૨૨માં વિસ્તારપૂર્વક કહેવાએલી છે. વનપર્વ ૧૪–૧માં યુધિષ્ઠિર પૂછે છે: 'હે શ્રીકૃષ્ણ, અહીં દ્યૂતક્રીડાનું આયોજન થઈ રહ્યું હતું તે દિવસોમાં તમે ક્યાં હતા?' શ્રીકૃષ્ણ જવાબ આપે છે: 'શાલ્વસ્ય નગરં સૌભં ગતો હં' અતઃ આ સમયે શ્રીકૃષ્ણ શાલ્વવધ અર્થે સૌભ નગરમાં (આબુમાં) હતા. છેલ્લે, શ્રીલક્ષ્મણ નાયકે આ આખું લખાણ મરાઠી કોશમાંથી લીધું છે એટલું અને 'કુમાર'માં ઇન્દ્રપ્રસ્થની સ્થાપનામાં ૩૧૪૦નો મુદ્રણ દોષ થયો છે એટલું કહીને આ પત્ર પૂરો કરું છું.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

∞

જાન્યુઆરી અંકમાં (૧) ત્રિરંગી ચિત્ર 'પ્રભાત'માં તળાવ, મીઠા પાણીનું જણાય છે, તો તેના કિનારે સુરખાબનું અંકન યોગ્ય ન ગણાય. સુરખાબ દરિયાકિનારાનું, ખાડીનું, રણનું-ખારા પાણીનું પંખી છે. (૨) 'આ માસ ઇતિહાસમાં' મહમૂદ ગઝની અને સોમનાથ વિષેની વાતમાં 'દેવને આશરે ભરાઈ બેઠેલા લગભગ પચાસ હજાર ભીરુ આદમીઓની કતલ' એ તદ્દન ખોટી રજૂઆત છે. 'ભરાઈ બેઠેલા' અને 'ભીરુ' શબ્દો હકીકતથી વેગળું ચિત્ર ઊભું કરે છે. સત્ય તો એ છે કે રાજપૂત સાથે બ્રાહ્મણ પણ તલવાર લઈને મહમૂદ સામે કૂદી પડ્યો હતો. આંધળી ધર્મઘેલછા, કુસંપ અને દીર્ઘ દૃષ્ટિનો અભાવ બધું ખરું, પણ હિન્દુ 'ભીરુ' નહિ. આની સાબિતી તો સોમનાથના 'નાનકડા દુર્ગમાં', પૂરતાં સાધનો અને માણસનો અભાવ છતાં એણે મહમૂદની અતિસજ્જ, સાગર જેવી સેનાને બે દિવસ હંફાવી તે પણ છે.

આપણી કમનસીબી છે કે આપણા ઇતિહાસનું લેખન યુરોપના લોકોના હાથે થએલું છે, અને એટલે જ સિકંદરના વિજયનું જેટલું મહત્ત્વ એમાં ચિત્રણ પામ્યું તેટલું ચંદ્રગુપ્તે સેલ્યુકસ ઉપર મેળવેલા વિજયને સ્થાનપ્રદાન નથી થયું! ઈસ્વી સનની છઠ્ઠી સદીમાં ઉદય પામેલા ઇસ્લામે માત્ર પચાસ વર્ષમાં જ સીરિયા, મેસોપોટેમિયા, બૅબિલોન, એસીરિયા, પર્સિયા અને ઇજિપ્ત ઉપર વિજય મેળવી સત્તા સ્થાપી દીધી જ્યારે હિન્દ ઉપર વિજય મેળવતાં એને ચારસો વર્ષ લાગ્યાં!! કૉન્સ્ટૅન્ટિનોપલ જેવા સમર્થ રોમન સામ્રાજ્યનું એક રાતમાં પતન થયું ત્યારે એ ઝનૂની ઈસ્લામ સામે ચારસો વર્ષ ટક્કર ઝીલનારી પ્રજાને 'ભીરુ' કેમ કહી શકાશે? એક નવા દૃષ્ટિકોણથી આ વિચારવું જોઈએ કે આંધળી ધર્મઘેલછા, કુસંપ અને દીર્ઘદૃષ્ટિનો અભાવ એ બધું હોવા છતાં સમર્થ ઈસ્લામને ચારસો–ચારસો વર્ષ સુધી સ્થિર થવા ન દેનાર પ્રજા કેવી હશે! છૂટા છવાયા છતાંય હિન્દુ કેટલા બળવાન હતા તેની આ ગવાહી છે.

અને 'આંધળી' કહીને ગાળ પામતી આપણી ધર્મઆસ્થા!! સોમનાથનું શિખર અને એનો ધર્મ-ધ્વજ આજે ૧૯૭૪માં પણ ફડફડાટ કરતો ગગન ઘેરી ઊભો છે, જ્યારે ગઝનીના મહમૂદનું અને ગઝનીનું આજે નામનિશાન પણ નથી!! ગઝનીમાં થએલા ખોદકામનો અહેવાલ વાંચવા જેવો છે: ઘોરવંશી અલાઉદ્દીન હુસેને ઈ. ૧૧૫૧માં ગઝનીનો પરાજય કર્યો, ગઝનીમાં સાત દિવસ સુધી લૂંટ ચલાવી, મહાન મહેલાતો બાળી નાખી, તમામ પુરુષોની કતલ કરવામાં આવી, અને ગઝનીનાં સ્ત્રી-બાળકોને તે ગુલામ તરીકે ઉપાડી ગયો! આ હુમલા પછી માંડ પોણી સદી ગઝની ટક્યું, અને ઈ. સ. ૧૨૨૫માં મોગોલ આક્રમણને કારણે ગઝની સાવ નામશેષ! ગઝનીનાં ખંડેરોમાં કાળા માથાના પુરાતત્ત્વવિદો સિવાય આજે કોઈ નજરે નથી ચડતું. અને મહમૂદે તોડેલું સોમનાથ? અને મહમૂદે બાળેલું પાટણ? અને લૂંટેલું મથુરા? પ્રભાતના પહોરમાં હાલ સોમનાથ મંદિરમાં ગડગડતાં ડંકાનિશાન સાંભળ્યાં છે? યમુનાના નીરમાં તરતી હોડીમાં બેસી વિશ્રામઘાટની આરતી નિહાળી છે કોઈ દિ? આંધળી ધર્મશ્રદ્ધા કાં?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

∞

અંક ૯૦૧માં જાન્યુઆરીમાસના ઇતિહાસમાં તા. ૭–૧–૧૦૨૬ મહમૂદ ગઝની અને સોમનાથ વિષે લખ્યું તેમાં મારી નમ્ર માન્યતા મુજબ હકીકત જુદી જ છે. મુસ્લિમ ઇતિહાસકારોએ અતિશયોક્તિ કરીને, અને પોતાના સુલતાનોનું સારું દેખાય માટે કલ્પનાના ઘોડા દોડાવીને લખ્યું અને તે સત્ય માનીને આપણા ઇતિહાસકારોએ તેમજ પરદેશી ઇતિહાસકારોએ લખ્યું અને હજુ લખતા રહે છે.

પરદેશી આક્રમણ વખતે પ્રજા પોતાનાં ધનદોલત ખસેડી નાખે, છુપાવી દે કે દાટી દે છે, અને નાસીને આઘાપાછા થઈ જાય છે, તો જેને ખાતર હજારો મનુષ્યો પોતાની જાતનું બલિદાન આપે તે સોમનાથ જ્યોતિર્લિંગને ને દેવ-

દ્રવ્યને ખસેડીને બીજી જગ્યાએ છુપાવે નહિ? એ વખતે મહાઅમાત્ય નેઢ, વિમળ શાહ સેનાપતિ, તેમજ મહારાજા ભીમદેવ બહુ જ બુદ્ધિશાળી અને શક્તિશાળી હતા. તેમણે આક્રમણ પહેલાં જ્યોતિર્લિંગ અને દેવદ્રવ્યને ખસેડીને બીજે છુપાવી દીધેલું હોય જ (તેમ ચોક્સ જણાય છે અને તેના પુરાવાઓ મળી રહે છે.) તેમ જ બીજા રાજા-મહારાજાઓ, જે ન કરી શક્યા તે વ્યૂહ રચીને, મહમૂદ ગઝનીને રણમાં ખેંચીને સાફ કરી નાખ્યો. તેમજ ત્યાર બાદ મહમૂદ ગઝનીને મદદ કરનારા રાજાઓ ઉપર આક્રમણ કરીને તેમને પણ હરાવીને દંડ વસૂલ કર્યો (એમ ઇતિહાસ બોલે છે.) અને ઇસ્લામ જગતમાં એવો ધાક બેસાડયો કે છેલ્લાં વર્ષે વર્ષે થતાં અઢાર આક્રમણોબાદ ૨૦૦ થી ૨૫૦ વર્ષ સુધી કોઈ પણ મુસ્લિમ આક્રમણકારે ભારત ઉપર આંખ સુધ્ધાં ઊંચી કરી નથી. આ છે સંવત્ ૧૦૭૮ થી ૧૦૮૯ ઈ. સ. ૧૦૨૪થી ૧૦૩૪ સુધીનો દસવર્ષનો ઇતિહાસ.

(મુંબાઈ) —કોઠારી છોટાલાલ માવજી

અંક ૯૦૦માં 'ગુજરાતમાં વપરાએલા સંવતો' લે. હરિપ્રસાદ શાસ્ત્રી લેખમાં પાના ૪૮૮ ઉપર સિંહસંવત વિષે 'આ સંવત કદાચ સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦ (ઈ. સં. ૧૧૧૩-૧૧૧૪)માં સોરઠ જીત્યાની યાદમાં શરૂ થયો હશે'—એવું નોંધે છે. એ અંગે જણાવવાનું કે સિંહ સંવત કોણે ચલાવ્યો તે વિષે આજે વર્ષો થયાં 'કદાચ' અને 'અનુમાન' શબ્દો વપરાતા આવે છે, પણ કોઈ નિશ્ચિત રીતે કંઈ કહી શકતું નથી. સિદ્ધરાજે સોરઠ જીત્યો તેની યાદમાં આ સિંહ સંવત ચલાવ્યો હશે એવું એક જ વિધાન હરકોઈ કરે છે પણ સિદ્ધરાજે સોરઠ જીત્યું હતું ખરું? વળી સિદ્ધરાજ તો ગુજરાતનો રાજા તેણે કોઈ સંવત પ્રવર્તાવ્યો હોય તો સૌ પ્રથમ એના શિલાલેખો ગુજરાતમાં મળવા જોઈએ; જ્યારે સિંહ સંવત તો માત્ર સૌરાષ્ટ્રમાં જ અને તે પણ સોમનાથથી દ્વારકા વચ્ચે જ મળે છે. આથી સિંહ સંવત તો એ પ્રદેશના જ કોઈ રાજવીએ ચલાવ્યો હોવો જોઈએ.

સિંહ સંવતનું ૩૨મું વર્ષ જે લેખમાં મળે છે તેમાં તો 'સોલંકીઓનાં સૈન્યને ગોપવી છે' એવા બળવાન ગુહિલોની વાત થએલી છે. અહીં સવાલ થાય છે કે સોલંકીઓ કરતાં પણ જે પોતાને મહાન ગણે છે અને જેણે સોલંકીઓની સત્તાને ફેંકી દીધી છે તેવા રાજા સોલંકીઓએ ચલાવેલા સંવતને પોતાના લેખમાં શા માટે વાપરે? આથી જ કર્નલ ટૉડ એ લેખમાંનાં 'શાહજુગને' સિંહ સંવત ચલાવનાર કલ્પે છે. પણ ટૉડના સમયમાં સિંહના બીજા લેખો પ્રાપ્ત ન હતા એથી જ 'શાહજુગ'ની (દીવના ગુહિલોની) સંભાવના તેમણે કરી.

હવે આજે પરિસ્થિતિ જુદી છે. સિંહ સંવતવાળા તથા સિંહના ઉલ્લેખ તથા પ્રતિમાવાળા લેખ પણ મળે છે. એથી સિંહ સંવત ચલાવનાર કોણ છે તે હવે નક્કી થઈ શકે તેમ છે.

સિંહ સંવત વિક્રમ સંવત મુજબ ફાગણાદિ અને પૂનમિયા મહિનાનો છે. ઇ.પ્ર.ના નિયમ મુજબ તે શાલીવાહન શક અનુસાર ચૈત્રાદિ પુનમિયા મહિનાવાળો છે. આ બન્નેનો દિવસ તો એક જ છે, કારણ કે ઉત્તર પ્રદેશમાં મહિનાની શરૂઆત વદ એકમથી ગણાય છે જ્યારે વિક્રમ સંવતમાં સુદ એકમથી શરૂઆત છે. આ ગણના મુજબ સિંહ સંવતનું વર્ષ હોળીના દિવસે પૂરું થઈ વદ એકમથી શરૂઆત પામે છે.

સિંહ સંવત પ્રવર્તાવનાર તો ધ્રુમલીનો પહેલો રાણો સંગ છે. આ રાણા સંગને શિલાલેખોમાં 'સંઘ' કે 'સિંહ' કહેવામાં આવ્યો છે. આ ધ્રુમલીનો રાણો સંગ વિક્રમ સંવત ૧૧૭૦માં હયાત હતો અને સિદ્ધરાજનો સમકાલીન હતો; તેમજ આ રાણા સંગથી જ જેઠવાકુળની સાલવાર રાજાવલી મળે છે. પોરબંદરની બાજુમાં વિસાવાડા ગામે સિદ્ધેશ્વર મહાદેવના મંદિરમાં પાર્વતીના સ્થાને આ સિંહ-સંગ-ની તેમજ તેના પૌત્રની કાળા આરસની પ્રતિમા આવેલી છે, જે પ્રતિમા નીચે લેખ પણ છે. તેમાં શ્રી સિંહનો ઉલ્લેખ છે. એટલે મારું માનવું નિશ્ચિત છે કે સિંહ સંવત પ્રવર્તાવનાર ધ્રુમલીનો રાજા સિંહ છે. હવે આ તેણે કયા પ્રસંગની યાદમાં શરૂ કર્યો તે વિચારવાનું રહે છે. કાં તો એ રાજ્યારોહણનું વર્ષ હોય અથવા તેના કોઈ વિજયની યાદમાં, કે માત્ર મોસમી સંવત હોય.

(પોરબંદર) —મોહનપુરી ગોસ્વામી

જાન્યુઆરીના 'કુમાર'માં 'ઉપમન્યુ'નો પૂ. માતાજી ઉપરનો લેખ ઘણો જ સુંદર હતો. ઘણી જ આગવી રજૂઆત થઈ છે. લેખક ઘણા અભ્યાસક લાગ્યા. પૂ. માતાજી વિષે ત્રુટક ત્રુટક સાંભળેલી, તેમના અંગત જીવન અંગેની વાતોનું સુંદર સંકલન જોવા મળ્યું. આ લેખ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય 'કુમાર'ને જ મળ્યું તે સારું થયું, કારણ કે 'કુમાર'ના બહોળા અને વિચારપૂર્ણ વાચકવર્ગને ઘણો લાભ મળશે; કેટલાંક વર્તુળોમાં ચાલતા શ્રી અરવિંદ આશ્રમ વિષે કલ્પિત અને કોઈક વખત ખોટા તેવા ખયાલો દૂર થશે. ત્રણ ચિત્રો પણ સારાં પસંદ થયાં છે.

(અમદાવાદ) —ચંદુભાઈ એન. દેસાઈ

જાન્યુઆરી અંકમાં 'ખારો' ઉપરના લેખમાં એના કળીચૂના સાથેના પ્રયોગનું વર્ણન છે. પણ આ મિશ્રણ ઘણી વાર નુકસાનકારક નીવડે છે. ખરજવા ઉપર એક ભાઈએ આ પ્રયોગ કરવાથી ચામડી આખી બળી ગઈ હતી અને પછી રૂઝ આવતાં એક મહિનો લાગ્યો હતો.

એ જ અંકમાં 'કૉર્ન'-કપાસી-પરના પ્રયોગોનું વર્ણન છે. મારો અનુભવ છે કે પૅથૉલૉજીમાં વપરાતા ગ્લૅશિયલ ઍસેટિક ઍસિડના પ્રયોગથી પણ એ મૂળમાંથી કાઢી શકાય છે. રોજ આ ઍસિડ લગાડવાથી ૮-૧૦ દિવસમાં એ નીકળી જાય છે. અથવા તો કપાસીનો ઉપરનો ભાગ કાપી નાખી એના ઉપર આ ઍસિડનું પોતું–બહુ જ અલ્પ પ્રમાણમાં—મૂકી ઉપરથી ઍડહેસિવ પ્લાસ્ટિક લગાવવું. ૨૪ કે ૪૮ કલાકમાં આ ઍસિડથી આજુબાજુની ચામડી સહિત કપાસી મૂળ સાથે સહેલાઈથી નીકળી આવશે. પણ આથી બળતરા બહુ જ થાય છે અને એક બે દિવસ આરામ પણ કરવો પડે છે. જ્યાં ચામડી કુમળી હોય ત્યાં બહુ જ અલ્પ પ્રમાણમાં લગાવવાથી પણ નીકળી આવે છે.

આ ઍસિડ ઉપરાંત નીચેની દવા પણ ઉપયોગી છે: (1) Trichlo acetic Acid (2) Tonochloracetic Acid (3) Solid Carbon Dioxide (4) Pure Phenol.

(મુંબાઈ) —(ડૉ.) એચ. જે. સંઘોરાવાલા

ફેબ્રુઆરીના અંકમાં છેલ્લા પાના પર ભારતમાં પ્રાચીનકાળમાં શસ્ત્રક્રિયા કરનાર વૈદ્ય સુશ્રુતનું જે રેખાચિત્ર આપ્યું છે તે કોઈ અમેરિકન ચિત્રકાર પાસે, પાર્ક ડેવિસ કંપનીએ કરાવેલી દરેક યુગના શરીર વિજ્ઞાનીઓની ચિત્રમાળા પૈકીનું લાગે છે. સુશ્રુત ઘણું કરીને ઉત્તર ભારતના ઋષિ વૈદ્ય હતા. પરંતુ સદરહુ ચિત્રમાં તેમને એક શીખ જેવા બતાવ્યા છે. કંઠે રુદ્રાક્ષ કે ખભા પર ઉપવીત નથી. તેમજ પાસે બેઠેલી પરિચારિકાનો પોશાક હાલની મહારાષ્ટ્રીય રમણી જેવો છે. તે હાથમાં પાણીનું પાત્ર લઈ બેઠેલી દેખાય છે. આંખની શસ્ત્રક્રિયા કરનારા હાલના ડૉક્ટરો તેમાં વિસંગતિ જુએ છે કે કેમ તે પ્રકટ થવું જોઈએ.


આગળ આડો પડેલો સહાયક શિષ્ય દર્દીના પગ પકડી બેઠો જણાય છે. તેની આકૃતિ પણ સભ્ય બતાવી નથી તેમજ ઉપવીત કે રુદ્રાક્ષ નથી અને મસ્તક પર ગુરુ સમી જટા નથી. ઉપરાંત મૂળ ચિત્રમાં પૃષ્ઠ ભાગે બારીબારણાં ગુજરાતની કાષ્ઠકોતરણીથી કોઈને પણ પરખાય છે. આમ ભારતની પ્રાચીન સંસ્કૃતિને વિકૃત રૂપમાં અમેરિકામાં વસતો ચિત્રકાર રજૂ કરે તે પહેલાં ભારતના કોઈ પ્રાચીન વિદ્યા અને ઇતિહાસના જાણકારની સલાહ જરૂરી છે.


(અમદાવાદ) —રવિશંકર રાવળ

[* આપની કલ્પના સાચી છે. અમેરિકાની 'યુસિસ' સંસ્થા તરફથી એ ચિત્ર પ્રકાશિત થયું છે.]

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૪)

પ્રસવ (કાયા-કરામત: ૪૦) સામાન્યત: ૨૮૦ દિવસની ગર્ભાવસ્થામાં છ-સાત રતલ વજન અને અઢાર-વીસ ઈંચની લંબાઈ જેટલો વિકાસ સાધી બાળક હવે જન્મ લેવાને માટે તૈયાર છે. આકૃતિ (૧). આ પ્રસૂતિકાળ નજીક આવતાં માતાના બસ્તિપ્રદેશનાં સંધિબંધનો અને અન્ય પેશીઓ ઢીલી પડે છે, યોનિમાર્ગમાં ચિકાશ છવાય છે અને ગર્ભાશયના ઉપલા ભાગમાં ગતિબદ્ધ સંકોચનના ધક્કાઓ સાથે બાળક ગર્ભાશયમાં એને રક્ષણ આપતા આવરણ સહિત પહોળા થએલા યોનિમાર્ગમાં ધકેલાય છે. (૨). આ પ્રક્રિયા સ્ત્રીને માટે અતિશય વેદનાભરી નીવડે છે. દરમિયાન બાળકને રક્ષતું આવરણ તૂટી તેમાંનું ગર્ભજળ બહાર પડે છે. જન્મની સરળતા ખાતર પ્રસૂતિ માર્ગમાં બાળકના માથાનાં હજી નહિ જોડાએલાં હાડકાં એકબીજા પર ચડી જઇ મસ્તક સહેજ લાંબું થઇ જઇ અને ગરદન પાછલી બાજુ વંકાઇને બાળક ગર્ભાશયની અને યોનિમાર્ગની બહાર ધકેલાય છે. ગર્ભાશયના સંકોચનના ધક્કા અને માતાનું બળ તથા જરૂર પડયે દાયણ કે દાકતરની સહાયથી હવે પછી એ સરળતાથી બહાર આવે છે. (૩-૪). પણ અહીં સુધી તે ‘નાળ’ દ્વારા એને અત્યાર સુધી પોષણ આપી રહેલી ‘ઓર’ સાથે જોડાએલું હોય છે. રક્તસ્રાવ અટકાવવા આ નાળને હવે બે બાજુથી બાંધી તેને વચ્ચેથી કાપી નાખી બાળકને માતાના દેહથી અલગ પાડવામાં આવે છે (૫). દરમિયાન એ પોતાના પ્રથમ શ્વાસોચ્છ્વાસનો આરંભ કરે છે. હવે એ એક સ્વતંત્ર વ્યક્તિ છે. પ્રસવનું કાર્ય હવે પૂરું થયું, પણ માતાના દેહમાં એની પ્રક્રિયા હજી ચાલુ છે. બાળકના જન્મ બાદ અર્ધોએક કલાકે ગર્ભાશયનું સંકોચન જારી રહી હવે ત્યાં બિનજરૂરી ‘ઓર’ ગર્ભાશયની દીવાલથી છૂટી પડી બહાર નીકળી જાય છે. (૬). પ્રસુતિનો એ છેલ્લો તબક્કો પૂરો થયા પછી એ ઉત્તરોત્તર વધુ સંકોચાતું રહી દસબાર દિવસે ગર્ભાશય પૂર્વવત્ કદ અને સ્થિતિ પ્રાપ્ત કરી લે છે. □





આ પોયણી / 'સુન્દરમ્'

• મિશ્ર •

આ પોયણી...

ન ગોતવા એ નિજ નીલિમા ગઈ,
પરાગને એ રચવા ન બેઠી,
ખાલી નિહાળ્યા કર્યું માત્ર સૂર્યને,–
વિના નિહાળ્યે અથવા બધું બન્યું.
એ સૂર્યનું રશ્મિ અડી ગયું સ્વયં
ને નીરની ભીતરમાં કંઈ થયું.

ત્યાં પંકમાં બીજ દટાયું કો હતું,
રોમાંચ તેને ઉર એક જાગ્યો,
ને આ બધી અદ્‌ભુત જાગી લીલા.

હ્યાં કંકરો, કીટ, ઘણું ઘણું હતું,
થયું માત્ર બી પંકજનું જ પંકજ.
ઘણાં ઘણાં બીજ, ઘણી ઘણી ગતિ,
સ્રષ્ટા ઉરે સર્જનની મહા રતિ.

અહીં ઊંડા આ જલ-ઓરડામાં
કો ગુફતગૂ કોમળ શાંત થૈ ગઈ,
અને થઇ પોયણી ડોલી કો રહું.

એની નીલિમા કે પરાગ એ કાંઈ પોયણીની પોતાની શોધ કે રચના નથી. પંકમાં પડેલા કોઈ પ્રચ્છન્ન બીને સૂર્યના કિરણમાળાએ સ્પંદિત કરી પુષ્પમાં પલટાવ્યું, ત્યાં તો કીટ, કંકર વગેરે ઘણું હતું; કેવળ પંકજના બીમાંથી જ પંકજ થયું. અન્યમાંથી અન્યની ગતિ થઈ. આમ, પ્રકૃતિનાં આલંબનો લઈ કવિએ અદૃષ્ટ સર્જનહારના જાદુઈ સ્પર્શથી સર્જાતી સૃજનલીલાનું રહસ્યઘેરું ને કાવ્યમય નિરૂપણ કર્યું છે.

આગમન / પ્રિયવદન શેઠ

• વસંતમૃદંગ •

આ મંદ મંદ વહતી લહરે સમીરની
આછા કશા તુહિન તારલિયા ઉજાસે,
પોઢેલ રાત્રિતનપે નિજ શ્વેત રંગની
ઢાંકી પિછોડી હળવે હળવે ઉષાએ.

ઊડી રહ્યું નભ નિરભ્ર વિહંગ-પાંખે
રેલાવતું મધુર કલબલ-સૂર-હેલી,
ને પૂર્વમાં રવિ સ્વ ગૌર કરે ધીમેથી
પ્રાચીતણો કુમકુમી ઘૂમટો ઉઠાવે.

હું અર્ઘ્ય અર્પી અભિવાદનભક્તિભાવે,
નેણે નિમીલિત, પ્રભાકરને કરું ત્યાં
તો, પેખું અંશુપથપે પગલાં મૂકી હ્યાં
મારી દિવંગત સુતા મુજ પાસ આવે.

ને એ જ હાસ્ય મધુરે મુજ સંગ ખેલી
આનંદગુંજન સૂને ઉર રહેતી રેલી.

સૉનેટના પ્રથમ અષ્ટકમાં પોઢી ગએલી રાત્રિના તન પર ઉષા આછા શ્વેત રંગની ચાદર ઓઢાડે છે અને પછી તો આખું આકાશ જાણે પક્ષીઓની પાંખે ઊડી રહે છે: આવાં મધુર પ્રાસાદિક પ્રકૃતિચિત્રોની પડછે અકાળે દિવંગત બનેલી પુત્રીની સ્મૃતિ જાગી ઊઠે છે: પુત્રીનું નિખાલસ હાસ્યપ્લાવિત વદન સામું આવીને ઊભું રહે છે. આમ, કાવ્યાંતે, આરંભના મધુર પ્રકૃતિચિત્રના વિરોધી ફલક પર નાજુક વેદનાની ભાત ઊપસાવી છે.

બધા / 'મોમિન'

• ગઝલ •

એમ તો અમને નથી નડતા બધા,
ને ઘણી વેળા નથી ગમતા બધા.

એક ઠોકરમાં સફર છોડી ન દો,
રાહમાં આગળ નથી પથરા બધા.

તો હશે મેંદી સમી એ જિંદગી,
જેને પીસ્યા વિણ નથી પરખ્યા બધા.

દ્વાર છે ખુલ્લાં સુરાલયનાં સદા,
આ-વજા તો પણ નથી કરતા બધા.

આપ છો અપવાદ, કૈં કહેતો નથી,
કૈં કહીને કૈં નથી કરતા બધા.

હું સલામત રૈ' શકું છું જ્યાં રહું,
આગમાં દિલની નથી બળતા બધા.

દિલ દુખે તેથી નથી દેતો જવાબ,
આપના પ્રશ્નો નથી અઘરા બધા.


કેટલા ઊંચા છે 'મોમિન'ના વિચાર,
આભને તો પણ નથી અડતા બધા.

લીલો અભાવ / કરસનદાસ લુહાર

• મુક્તક •

ભીતરની શુષ્કતાઓનો ભારે પ્રભાવ છે,
ઘેઘૂર વંન છું અને લીલો અભાવ છે.
કંઠે તરસનું રણ અને પીવાનું મન નથી,
ખોબા મહીં નકર તો ભરેલું તળાવ છે.

વિરોધી પરિસ્થિતિ અને ભાવોને પ્રત્યેક શેરમાં ચોટદાર રીતે મૂકીને ગઝલકારે કટાક્ષ, કટુતા, કરુણા બધું સુપેરે વ્યક્ત કર્યું છે.



મહાન વિચારક, વાસ્તવવાદી સ્વપ્નશિલ્પી ચાણક્યબુદ્ધિ રાજપુરુષ અને આધુનિક ઇઝિરાએલના ઘડવૈયા

ડેવિડ બેન-ગુરિયન

લેખક
પ્રો. ધીરુભાઈ પરીખ

'He was the chosen of the people, in the period of renaissance of the Jewish people, on its way to independence.'

યહૂદી લોકોના પુનરુત્થાનના ગાળામાં આઝાદીના રાહ પર એઓ આમજનતાના લાડીલા હતા.

આ 'એઓ' એટલે કોણ? કોણે એમના વિષે આ કહેલું? આમજનતાના આ લાડીલા નેતા તે સ્વતંત્ર ઇઝરાએલના પ્રથમ વડાપ્રધાન ડેવિડ બેન-ગુરિયન. ને એમના વિષે આ અંજલિ ધરનાર ઈઝરાએલનાં હાલનાં વડાં પ્રધાન શ્રીમતી ગોલ્ડા મેર. ગઈ પહેલી ડિસેમ્બર ૧૯૭૩ ને શનિવારે સવારે અગિયાર વાગ્યે મગજની નસ તૂટી જવાથી પ્રાણ છોડનાર બેન-ગુરિયનને અંજલિ અર્પવા મળેલી શોકસભામાં શ્રીમતી મેરે ઉપરોક્ત શબ્દો દ્વારા સ્વર્ગસ્થનું ઉચિત ગૌરવ કરેલું.

વિશાળ જડબાં, આગળ પડતો નીચલો હોઠ, ઊંડી તીક્ષ્ણ આંખો ઉપર ગાઢાં કાળાંધોળાં ભવાં, ઊછળતાં ફેનિલ સાગરમોજાં જેવા અસ્તવ્યસ્ત શ્વેત વાળ, વચ્ચે જાણે ભૂશિર રચતો ભાલપ્રદેશ અને એમાં સમયસમીરે રચેલી પાંચ-છ ઓકળી શી કરચલીઓ : બેન-ગુરિયનનો આ આખોય ચહેરો છેક તરુણ કાળથી ઈઝરાએલની આઝાદી માટે એમણે ખેડેલા અડીખમ યુદ્ધની જાણે ગવાહી પૂરે છે.

પોલૅન્ડમાં પ્લૉન્સ્ક (Plonsk) ખાતે ઈ. ૧૮૮૬ના ઑક્ટોબરની ૧૬મીએ એમનો જન્મ. પિતા વિક્ટર ગુરિયન, કાયદાશાસ્ત્રની કોઈ ઉપાધિ નહોતી મેળવી છતાં, સ્વાધ્યાય અને સ્વાનુભવથી કાયદાના સલાહકાર તરીકે કામ કરતા. વળી, યહૂદીઓની આઝાદી પ્રાપ્ત કરવાની ઝિયૉન(Zion)વાદની ચળવળના એક સક્રિય કાર્યકર હતા, તેથી એમનું ઘર જાણે એ પ્રવૃત્તિનું કેન્દ્ર બનેલું હતું. આમ, શિશુકાળથી જ માદરે વતનના આઝાદી જંગના વાતાવરણમાં એમનો ઉછેર થએલો. એમની અગિયાર વર્ષની વયે માતાનું મૃત્યુ થએલું એ ખોટ એમને જીવનભર સાલેલી. ત્રણ વર્ષની ઉમરે જ દાદાએ એમને હિબ્રૂ ભાષાના પ્રથમ પાઠ ભણાવ્યા. ત્યાર પછી તો આધુનિક ઢબની હિબ્રૂભાષી ધાર્મિક શાળામાં એમને મૂકવામાં આવ્યા. આ રીતે દ્વિભાષા અને કુળધર્મના શિક્ષણથી એમનું વ્યક્તિત્વ સ્વ-ધર્મકેન્દ્રી બન્યું. અને આ સ્વ-ધર્મ એટલે બાઈબલ-બોધ્યો માનવધર્મ, માનવસ્વાતંત્ર્યનો મર્મ. આ ધર્મનો મર્મ એમણે સ્વ-કર્મ દ્વારા ચરિતાર્થ કર્યો.

ચૌદ વર્ષની તરુણ વયે તો એ 'એઝરા ઝિયૉનિસ્ટ યૂથ ગ્રૂપ'ના સ્થાપકોમાંના એક બન્યા અને હિબ્રૂમાં જાહેર વ્યાખ્યાન આપ્યું. ઈ. ૧૯૦૩માં 'ઝિયૉન વર્કર્સ મૂવમેન્ટ'ની સ્થાપનામાં ભાગ લીધો અને પ્લૉન્સ્ક, વૉર્સો તેમજ અન્ય નાનાં ગામોમાં એ ચળવળના પ્રચારાર્થે પ્રવાસ કરી અનેક ભાષણો આપ્યાં. ઈ. ૧૯૦૪માં એક પત્રમાં એ જણાવે છે : 'But today more than ever I have faith in and am certain of our victory. It is clear to me that there is a day--a day that is not far off—when we shall return to that wondrous land, the land of song and truth, the land of flowers and of the visionaries' visions...' (પણ આજે મને આપણા વિજયમાં હમેશ કરતાં વધુ શ્રદ્ધા છે અને આપણી વિજયની મને ખાતરી છે. હું એ દિવસ સ્પષ્ટ જોઈ રહ્યો છું—અને એ દિવસ બહુ દૂર નથી—કે જ્યારે આપણે ગાન ને સત્યની, સુમનો અને સ્વપ્નદ્રષ્ટાઓનાં સ્વપ્નોની એ અદ્ભુત ભૂમિમાં પાછા ફરીશું.) ઈઝરાએલને સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાના, યહૂદીઓને નિજી માભોમમાં સ્થિર અને સમૃદ્ધ કરવાના અને ત્યાંના રેગિસ્તાનને નંદનવન બનાવવાના સ્વપ્ન-સેવીઓમાં બેન-ગુરિયન પણ એક હતા.

ઈ. ૧૯૦૫-૬ના યહૂદીઓના વિદ્રોહ અને યહૂદીવિરોધી વિસ્ફોટો વખતે એમણે યહૂદીઓના આત્મ-સંરક્ષણમાં ભાગ લીધો, એટલું જ નહિ પરંતુ એ વિદ્રોહને ઉત્તેજિત કરવા એઓ ઠેરઠેર ઘૂમ્યા. આ વખતે ઝાર સત્તાધીશોએ એમને બે વાર કેદ પકડ્યા. યહૂદીઓના મુક્તિજંગને માર્ગે આ કદાચ એમની પહેલી જેલયાત્રા હતી. આ રીતે એઓ કેવળ નિષ્ક્રિય સ્વપ્નસેવી નહોતા, પરંતુ સ્વકર્મના ટાંકણે માતૃભૂમિની મુક્તિ-પ્રતિમા કંડારનાર સક્રિય સ્વપ્નશિલ્પી હતા. આથી મિત્રોએ એમને રાજકારણમાં ઝંપલાવવાની સલાહ આપી, પણ એમણે એ નકારી કાઢી. એમના એ નકારનો ખુલાસો એમના પિતા પરના એક પત્રમાં મળી રહે છે : 'Settling the land—that is the only real Zionism; everything else is only self deception, empty verbiage, and merely a pastime.' (માતૃભૂમિમાં વસાહત-સ્થાપના એ જ એક સાચો ઝિયૉનવાદ છે; એ સિવાયનું બધું આત્મપ્રતારણા વ્યર્થ વાચાળતા અને માત્ર મનોરંજન છે.) આમ બધી રાજરમત કરતાં માતૃભૂમિની નગદ સ્થાપન કાજે જાનફેરોશીના મમત પર એ મુસ્તાક હતા.

અને એ મમતને ચરિતાર્થ કરવા એ ઈ. ૧૯૦૬માં જાતે પૅલેસ્ટાઈન જઈ વસ્યા—નારંગીની વાડીમાં એક મામૂલી દાડિયા તરીકે! ત્યાં એમણે મજૂર પક્ષનો પ્રારંભ કર્યો અને ત્યાંના યહૂદી કૃષિકાર-વસાહતના રક્ષણ કાજે સંરક્ષક દળની હિલચાલ શરૂ કરી. બપોરે માત્ર એક ટંક પેટ ભરી એ કેદલો ય વખત ચલાવી લેતા. વચ્ચે વળી, વારંવાર એમને મૅલેરિયા

આવી જતો અને પાંચ પાંચ છ-છ દિવસ સુધી એ લંબાતો. કામનો બેશુમાર બોજો, અને સંગઠનની લમણાંઝીક સાથે આવા વિક્ષેપથી તબિયત લથડવા લાગી એટલે ડૉક્ટરે એમને ત્યાં ને ત્યાં કોઈ બીજા પ્રદેશમાં સ્થાનફેર કરવાની સલાહ આપી. પરિણામે એ ૧૯૦૭માં ગૅલિલી પહોંચ્યા. અહીં બધા જ કારીગરો યહૂદીઓ હતા. આથી એમને પોતાનાં સ્વપ્નોની ભૂમિ 'એરેત્ઝ ઈઝરાએલ' (Eretz Yisrael) પ્રાપ્ત થયાનો જાણે આનંદ અનુભવ્યો!

અહીં એમણે અખિલ યહૂદી સંરક્ષકદળનો વિચાર મૂર્તિમંત કર્યો, અને અહીં જ એમણે પ્રથમ વાર અરબોની દુશ્મનાવટ વહોરી લીધી; કારણ કે બે યહૂદી વસાહતીઓનાં અરબોએ કરેલાં ખૂન સામે એમણે ઝુંબેશ શરૂ કરી. અહીંથી એમને સમજાઈ ગયું કે ભાવિમાં યહૂદીઓ અને અરબો વચ્ચે લશ્કરી અથડામણ ઊભી થયા વિના નહિ રહે, અને એ માટે તૈયાર રહેવાની પણ એમણે હાકલ કરી: 'I understood that sooner or later there would be a military confrontation with the Arabs. I realized that this conflict was inevitable.. We would have to be prepared.' (હું સમજી ગયો કે હવે વહેલી કે મોડી અરબો સાથે લશ્કરી અથડામણ થવાની જ. મને પ્રતીતિ થઈ ગઈ કે એ અથડામણ અનિવાર્ય હતી... આપણે તૈયાર થઈ જવું પડશે.) ત્યારની ઘડીથી અદ્યપિ ચાલુ રહેલી યહૂદીઓ અને અરબોની આ શત્રુતાને પામી જવાની એમની શક્તિ એમનું દૂરંદેશીપણું સૂચવી રહે છે.

આમ, ત્રણેક વર્ષ એમણે યહૂદીઓનું સંગઠન કરવા પાછળ ગાળ્યાં ત્યાં તો એમના પક્ષના નવા મુખપત્ર 'આહદત' (Ahdut—એકતા)નું સંપાદન કરવા એમને યરુસાલેમમાં બોલાવી લેવાયા. અહીં એમણે 'બેન-ગુરિયન' તખલ્લુસ ધારણ કર્યું, જે પાછળથી એમની અટક બની ગયું. આ સામયિકમાં એમણે એવું મંતવ્ય રજૂ કર્યું કે 'એરેત્ઝ ઈઝરાએલ' અને ઑટોમન તુર્ક સામ્રાજ્યના સહુ યહૂદીઓએ એક રાજકીય પરિબળ તરીકે એકત્રિત થવું પડશે અને એ સામ્રાજ્યમાં યહૂદીઓની સ્વાયત્તતા માટે મરણિયો પ્રયાસ કરવો પડશે. આ લડતમાં સમ્યક્ નેતાગીરી લઈ શકાય એ આશયથી એઓ કાયદાશાસ્ત્રનો તેમજ બીજા ખપજોગા વિષયોનો અભ્યાસ કરવા તુર્કી યુનિવર્સિટીમાં જોડાયા.

ત્યાં તો ફાટી નીકળ્યું પ્રથમ વિશ્વયુદ્ધ. બેન-ગુરિયન અને એમના સાથીદાર બેન-ઝવીને ઑટોમન તુર્ક વિરોધી પ્રવૃત્તિઓ કરવાના આરોપસર ઈ. ૧૯૧૫ના માર્ચમાં અટકમાં લેવામાં આવ્યા, અને અલગ યહૂદી રાજ્યની સ્થાપના કરવાની ચળવળ માટે દેશનિકાલ કરવામાં આવ્યા. એઓ ત્યાંથી મિસરમાં ઍલેક્ઝાન્ડ્રિયા અને ત્યાંથી થોડા મહિના બાદ ન્યૂ યૉર્ક પહોંચ્યા, જ્યાં એમણે એરેત્ઝ ઈઝરાએલમાં ખેતીવિષયક પગરણ માંડવા યુવાન યહૂદીઓને તૈયાર કરવા માંડ્યા. એવામાં જ પ્રથમ વિશ્વયુદ્ધના અંતકાળે યહૂદીઓનો એક રાષ્ટ્ર તરીકે—એક રાજકીય વ્યક્તિત્વ તરીકે ઇંગ્લૅંડના રાજપુરુષ બાલ્ફરના ઢંઢેરા દ્વારા સૈદ્ધાન્તિક સ્વીકાર થયો.

યહૂદીઓ એના આનંદપૂરમાં ખેંચાવા લાગ્યા ત્યાં જ બેન-ગુરિયને ચેતનવંતી ઘોષણા કરી: 'It is for the Jewish people to convert this title into a living fact...' (આ ઈલકાબને—ઢંઢેરાએ આપેલા અધિકારને એક જીવતીજાગતી હકીકતમાં હવે યહૂદી પ્રજાએ ફેરવવાનો છે.) કેમ કે અંગ્રેજ સરકારે માત્ર યહૂદીઓને ખુશ કરવા જ ઉપર્યુક્ત ઢંઢેરા દ્વારા જે જાહેરાત કરી તેનું હાર્દ બેન-ગુરિયન પામી ગયા હતા. અંગ્રેજો કંઈ એમને એમની ભૂમિ પાછી અપાવી શકે તેમ નહોતા તે સમજી જવા જેટલાં શાણપણ અને સ્વસ્થતા એમનામાં હતાં. એમનો આદર્શ તો અતિ ઊંચો હતો—પોકળ ઢંઢેરો નહિ પરંતુ માતૃભૂમિની વાસ્તવિક મુક્તિ! જ્યાં સુધી એ આદર્શ સિદ્ધ ન થાય ત્યાં સુધી પગ વાળીને એ બેસે તેમ નહોતા.

આથી જ હવે એરેત્ઝ ઈઝરાએલને સ્વાધીન કરવા એમણે યહૂદી યુવાનોની ટુકડીઓ રચવા અમેરિકામાં સર્વપ્રથમ ઉદ્ઘોષણા કરી અને એ માટેના સક્રિય પ્રયાસો આરંભી દીધા. ઈ. ૧૯૧૯માં પેતાહ તિક્વા (Petah Tikva) ખાતે મજૂર એકતા માટે પરિષદની સ્થાપના કરવામાં એઓ અગ્રિમ હતા. મજૂર ઝિયૉનવાદી નેતાઓની વિશ્વ પરિષદમાં એમણે હાજરી આપી અને એરેત્ઝ ઈઝરાએલના ભાવિ વિકાસની યોજના ઘડી કાઢી. ઈ. ૧૯૨૦માં એ લંડન ગયા અને ઝિયૉનવાદી મજૂર પક્ષ અને બ્રિટિશ મજૂર પક્ષ વચ્ચે સંબંધો બાંધ્યા. એ જ વર્ષે એરેત્ઝ ઈઝરાએલના યહૂદી કામદારોની મહાસભા સ્થાપી અને ૧૯૨૧માં લંડનથી પાછા ફર્યા બાદ તેના મહામંત્રી પણ નિમાયા. આ મહાસભામાં એમણે ઝિયૉનવાદી સમાજવાદની સ્થાપનાનું બળ પારખીને તેને એક આર્થિક અને રાજકીય સંસ્થા બનાવી આઝાદીની દિશામાં એનું સંચાલન કર્યું. આમ તો છેક ઈ. ૧૯૧૮થી તેલ-અવિવમાં એઓ મજૂર પક્ષ 'મપાઈ'ના નેતા તરીકે એક જ દિશામાં કર્મરત રહેલા. વળી, એરેત્ઝ ઈઝરાએલમાં યહૂદીઓની સ્થિરતાની આશાથી એમણે ઉપર્યુક્ત મજૂર મહાસભા અને રશિયાનાં 'ટ્રેડ યુનિયનો' અને આર્થિક સંસ્થાઓ વચ્ચે સંબંધો વિકસાવ્યા. રશિયામાં ભરાએલા કૃષિમેળામાં યહૂદીઓની મજૂર મહાસભાએ ભાગ લીધો તે નિમિત્તે એ સંબંધો કઢાવવા એઓ ૧૯૨૩માં રશિયા ગએલા; પરંતુ એની ફલશ્રુતિ નિરાશા સિવાય બીજી કંઈ ના આવી. આમ છતાં નિરાશાથી નાહિમ્મત બને તેવા તે નહોતા; બલકે પ્રત્યેક નિરાશા એમના પુરુષાર્થને વધુ પાકો બનાવતી હતી.

વીસમી સદીના આ ત્રીજા દશકાને અંતે ઝિયૉનવાદી ચળવળમાં એક મજૂરેતર પક્ષની પણ સ્થાપના થઈ. જેનું નામ 'ધ રિવિઝનિસ્ટ પાર્ટી' પાડવામાં આવેલું અને જેના નેતા હતા ઝે'એવ જેબૉતિન્સ્કી— Ze'ev Jabotinsky. કાળનાં એંધાણ પારખી, મજૂર પક્ષને યહૂદી રાજ્યની સ્થાપનામાં કેન્દ્રસ્થાને રાખવા 'મપાઈ' સાથે અન્ય મજૂર પક્ષોને એમણે જોડી દીધા. ઈ. ૧૯૩૩માં ૧૮મી ઝિયૉનવાદી મહાસભા માટેના ચૂંટણીપ્રચાર સારુ એ આખા પૂર્વ યુરોપમાં ઘૂમી વળ્યા અને પોતાનાં શ્રમ ને શક્તિથી એવી પ્રતિષ્ઠા જમાવી કે ૧૯૩૫માં ઝિયૉનવાદી પગલાં સમિતિના તે પ્રમુખ વરાયા. જે સ્થાને એ છેક ૧૯૪૮ સુધી રહ્યા. આ બધો જ કાળ એઓ પોતાના વિચારોને ચોક્સ સ્વરૂપ આપવા અને પોતાની કર્મક્ષિતિજોને વિસ્તારવામાં જ મગ્ન રહ્યા હતા. એ માટે એમણે ફ્રેન્ચ, પ્રશિષ્ટ ગ્રીક અને સ્પૅનિશ ભાષાઓનું જ્ઞાન મેળવ્યું; જો કે એ પહેલાં એઓ હિબ્રૂ, યિદ્દિશ, પોલિશ, રશિયન, અંગ્રેજી અને તુર્કી ભાષાઓ તો જાણતા જ હતા! આ વિવિધ ભાષાઓ દ્વારા એમણે ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનું અગાધ વાચન કર્યું. બાઈબલમાં તો એમણે પંડિતાઈ પ્રાપ્ત કરી લીધી.

આમ, એક તરફથી એઓ સ્વશિક્ષણમાં ડૂબેલા રહેતા; તો બીજી તરફથી સ્વકર્મમાં પણ ગળાબૂડ હતા. આ જ અરસામાં એમણે યહૂદી-અરબ સંબંધો વિષે અનેક વાર અરબો સાથે નીડર અને નિખાલસ ચર્ચાઓ કરેલી. આ બધો હેવાલ એમના ગ્રંથ 'ટૉક્સ વિથ અરબ લીડર્સ'માં રજૂ થએલો છે. કહેવાની જરૂર નથી કે અરબોની જિદને કારણે આ વાટાઘાટો નિષ્ફળ નીવડી અને ઈ. ૧૯૩૬થી '૩૯ દરમિયાન અરબોનાં હુલ્લડો ફાટી નીકળ્યાં. ફરી અંગ્રેજ સરકારે પીલની આગેવાની નીચે એક તપાસપંચ નીમ્યું, જેણે પોતાનું મંતવ્ય પ્રગટ કર્યું કે પૅલેસ્ટાઈનને યહૂદી અને અરબ એવાં બે રાજ્યોમાં વિભક્ત કરી નાખવું.

પોતાની ઇચ્છા પ્રમાણેનો આ યહૂદી પ્રદેશ નહોતો, તેમ છતાં એક વાસ્તવવાદી તરીકે બેન-ગુરિયને પીલની આ ભાગલા પાડવાની દરખા-

સ્વકર્મના ટાંકણે માતૃભૂમિની મુક્તિપ્રતિમા કંડારનાર સક્રિય સ્વપ્નશિલ્પી

ખાસ્તને ય સ્વીકારી લીધી. આમ, સ્વાતંત્ર્યની સ્થાપનાની દિશામાં જે પરિસ્થિતિ ઊભી થઈ તેનો સ્વીકાર કરી લેવામાં એમની 'અરધું પણ પંડિતોએ ન તજવું' એવી ચાણક્યબુદ્ધિનાં દર્શન થાય છે. ત્યારે સંપૂર્ણ ઇચ્છિત યહૂદી રાજ્યની સ્થાપનાનાં વરાળિયાં સ્વપ્નોમાં રાચનાર અનેકોએ બેન-ગુરિયનનો ને પીલની દરખાસ્તનો વિરોધ કર્યો. છતાં નાસીપાસ ન થતાં એ સુયોગ્ય ભાવિની રાહ જોવા લાગ્યા. અંતે એ સમય આવી પહોંચ્યો. ઈ. ૧૯૩૯માં જમીન મેળવવાના યહૂદીઓના હકો પર કાપ મૂકતો અને યહૂદીઓના ઈઝરાએલ–પ્રવેશની સંખ્યાને ૭૫,૦૦૦ સુધી મર્યાદિત કરતો 'શ્વેતપત્ર' અંગ્રેજ સરકારે બહાર પાડચો.

આ તકને બેન-ગુરિયને ઝડપી લીધી. એમનો પુણ્યપ્રકોપ ઊકળી ઊઠચો. અંગ્રેજ સરકાર તથા 'શ્વેતપત્ર' સામે એમણે જેહાદ જાહેર કરી અને ઈઝરાએલમાં ગેરકાયદે પ્રવેશ કરવા માટે એમણે યહૂદીઓને હાકલ કરી, નાનામોટા સહુ નેતાઓનો એમાં સાથ પણ મળી રહ્યો. વિપરીત સંજોગોમાં દુશ્મન સામે દગાખોર દાવ ખેલી લાભ ઉઠાવવામાં એ માનતા નહોતા એટલે એમણે 'શ્વેતપત્ર'ના વિરોધ સાથે પણ અંગ્રેજોની પડખે ઊભા રહેવાની ભલામણ કરી: 'We must support the British in the war as if there were no white paper and we must resist the white paper as if there were no war.' (જાણે શ્વેતપત્ર છે જ નહિ તેમ આપણે અંગ્રેજોને યુદ્ધમાં સહાય કરવી જોઇએ, અને જાણે યુદ્ધ જ નથી તેમ શ્વેતપત્રનો પ્રતિકાર કરવો જોઈએ.) યહૂદીઓના ગેરકાયદે પ્રવેશની તથા અંગ્રેજોને યુદ્ધમાં સહાયભૂત થવાની બેન-ગુરિયનની આ હાકલને ભારતના સ્વાતંત્ર્ય જંગમાં મહાત્મા ગાંધીની સવિનય કાનૂનભંગની લડત અને વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજોને પડખે ઊભા રહેવાની ભારતને કરેલી હાકલ સાથે કેટલું બધું સામ્ય છે! બેન-ગુરિયનના વ્યક્તિત્વમાંની સત્યપ્રિયતા અને સજ્જનતા અહીં ધ્યાન ખેંચ્યા વગર નહિ રહે. ઈ. ૧૯૪૨ની છઠ્ઠી મેના દિવસે ન્યૂ યૉર્કની બાલ્ટીમોર હોટેલમાં એમણે ઝિયૉનવાદીઓની અસાધારણ પરિષદ બોલાવી એમાં ઈઝરાયલમાં યહૂદીઓનો મુક્ત પ્રવેશ થાય તે માટેનો કાર્યક્રમ આપ્યો તથા યહૂદીઓનું પ્રજાસત્તાક સ્થાપવાનો ઝિયૉનવાદી ચળવળનો ઉદ્દેશ પણ વધુ સ્પષ્ટ કર્યો ને સાથેસાથે એમણે પૅલેસ્ટાઈનના યહૂદી યુવાનોને અંગ્રેજ સૈન્યમાં ભરતી થવા પણ અનુરોધ કર્યો. આમ, એમની ન્યાયપ્રિયતા પણ ગાંધીની યાદ અપાવે તેવી હતી.

પણ બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો છતાં 'શ્વેતપત્ર' તો ચાલુ જ રહ્યો એટલે એમણે મક્કમતાથી અંગ્રેજ સરકાર સામે રાજકીય ચળવળ ચલાવી. આ રીતે સ્વાતંત્ર્યપ્રાપ્તિના નિર્ધારમાં દૃઢ મનોબળની બાબતમાં મહાત્મા ગાંધી સાથે એમનું સામ્ય હતું; તો નવી સ્થપાએલી 'હિબ્રૂ પ્રતિકાર ચળવળ'ના ભાંગફોડિયા માર્ગને સમર્થન આપવા તેમજ અરબો સામેની યુદ્ધતરફી મનોવૃત્તિમાં ગાંધી સાથેની એમની વિષમતા પણ જોવા મળે છે. વર્ષોજૂની યહૂદીઓની લડાયક વૃત્તિનો વારસો એમની નસનસમાં દોડતો હતો તેનું આ પરિણામ હોઈ શકે. ઈ. ૧૯૪૬ના ડિસેમ્બરમાં બૅસલ (Basle) ખાતે મળેલી ૨૨મી ઝિયૉનવાદી પરિષદમાં બેન-ગુરિયનની અરબો સામેના યુદ્ધની નીતિને બહાલી મળી ને યહૂદી સંસ્થાના પ્રમુખપદ ઉપરાંત સંરક્ષણનું દફતર પણ તેમને સોંપવામાં આવ્યું, જે ઈઝરાએલ આઝાદ થયા પછી પણ વર્ષો સુધી એમણે કુનેહપૂર્વક સંભાળ્યું એમાં એમના યુદ્ધકૌશલ્યનો પુરસ્કાર છે.

આ ને સમસ્ત યહૂદી પ્રજાની સ્વાતંત્ર્યપ્રાપ્તિની સદીઓ જૂની ઝુંબેશનો દૈવયોગે બેન-ગુરિયનની શ્રદ્ધેય નેતાગીરી નીચે ઈ. ૧૯૪૮માં અંત આવ્યો. એ વર્ષે મેની ૧૮મીએ ઈઝરાએલની સ્વતંત્રતાનું જાહેરનામું એમણે વાંચ્યું. સાહજિકરીતે જ બેન-ગુરિયન, આમ સ્વતંત્ર ઈઝરાયલના પ્રથમ વડા પ્રધાન બન્યા. આ સ્થાન પર એઓ, ઈ. ૧૯૫૩થી '૫૫નો ગાળો બાદ કરતાં, ૧૯૬૩ સુધી સફળતાપૂર્વક રહ્યા.

ઈ. ૧૯૪૯માં પોતાના મંત્રીમંડળ અને પક્ષનો પણ વિરોધ વહોરીને એમણે યરુસાલેમને ઈઝરાયલની રાજધાની તરીકે જાહેર કર્યું. પોતાના બિનસ્વાર્થી મક્કમ નિર્ધારો સામે સામુહિક જુવાળની પણ પરવા ન કરનાર એઓ એકલવીર હતા. પશ્ચિમ જર્મની સાથેના 'સુધારા કરાર' (Reparations Agreement)ની એમની સંમતિને કારણે એમને ૧૯૫૨માં પોતાના જ પ્રધાનમંડળનો અને વિરોધ પક્ષોનો ખતરનાક ખોફ વહોરવો પડેલો, તે એટલે સુધી કે લોકસભા ભવનની બહાર લોકોનાં ટોળાંએ પથ્થરો ફેંકી મકાનના કાચ ફોડી હિંસક વિરોધ દાખવ્યો હતો અને એમને 'ગુંડા' તથા 'ખૂની' તરીકે ભાંડવામાં આવ્યા હતા. રાજકારણમાં વિધિની પણ કેવી વક્રતા હોય છે કે તારણહારને આ રીતે પણ નવાજમાં આવે! પરિણામે ઈ. ૧૯૫૩માં પોતાના પદનું રાજીનામું આપી એઓ નેગેવ ખાતે પોતે વસાવેલી ગ્રામવસાહતમાં જઈ વસ્યા. પણ પાછી એ જ પ્રજાએ ફરી પાછા એમને એ અસલ સ્થાને સ્થાપ્યા, જ્યાં ૧૯૬૩ સુધી એ રહ્યા. ત્યાર બાદ ૧૯૭૦ સુધી એઓ લોકસભામાં રફી (Rafi) પક્ષના માત્ર સભ્ય રહ્યા અને ત્યાર પછીથી પોતાની વસાહત નેગેવ ખાતે અંતિમ શ્વાસ સુધી આરામના દિવસો પસાર કરતા રહ્યા.

નવા જન્મેલા ઈઝરાએલ રાષ્ટ્ર સામે આરંભમાં જ અરબોએ કરેલા ભીષણ હલ્લા ખાળીને તેમજ ૧૯૫૬માં નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે ઑક્ટોબરની ૨૯મી તારીખે પોતાની કુનેહભરી રાહબરી નીચે દુશ્મન દળોનો સામનો કરતો ને ઈઝરાએલના ઇતિહાસમાં સિનાઈના ઘેરા (Sinai Campaign) તરીકે અમર રહેવા સર્જાએલો સફળ વ્યૂહ ગોઠવીને બેન-ગુરિયને પોતાની સંરક્ષણમંત્રી તરીકેની સૂઝ ને શક્તિનો અચ્છો પરિચય કરાવી દીધો હતો. આમ, એક તરફથી એ બાહ્ય હુમલાઓ સામે નવજાત રાષ્ટ્રને સંરક્ષવાનું કાર્ય કરતા હતા, તો બીજી તરફથી તેને સ્થિર કરી સમૃદ્ધ કરવાનો અથાક પુરુષાર્થ પણ ખેડી રહ્યા હતા.

પોતાના વડા પ્રધાન તરીકેના ગાળામાં એમણે મુખ્યત્વે બહારથી આવતા હજારો યહૂદીઓને સ્થિર વસવાટ આપવામાં તથા દેશની વેરાન ધરાને ખેડી ફળદ્રૂપ બનાવવામાં લક્ષ આપ્યું હતું. ત્યાંના રેતાળ પ્રદેશોમાં નારંગીથી લચી પડતી વાડીઓ ઉછેરવામાં એમણે પ્રજાને પ્રેરણા ને પ્રોત્સાહન આપ્યાં. એના આર્થિક ને રાજકીય વિકાસમાં પણ એમણે અદ્વિતીય ઉત્સાહ દાખવ્યો. ફ્રાન્સની મદદથી દિમોના ખાતે 'ન્યૂ કલીઅર રીઍક્ટર' ઊભું કર્યું. પશ્ચિમની રાજધાનીઓમાં ફર્યા ને પોતાના દેશની આબાદી કાજે પશ્ચિમના રાજકારણીઓની સહાનુભૂતિ અને સહાય મેળવી. ઈ. ૧૯૫૦માં એમણે બ્રિટન ને ગ્રીસનો પ્રવાસ કર્યો; ૧૯૫૧ના મે-જૂનમાં અમેરિકા ગયા; ૧૯૫૯ના ઑગસ્ટમાં ફ્રાન્સ પહોંચ્યા; ૧૯૬૦માં ફરી અમેરિકા, બ્રિટન ને ફ્રાન્સ ઉપરાંત બેલ્જિયમ ને હૉલૅન્ડમાં ફર્યા. ઈ. ૧૯૬૧માં કૅનેડા, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ ને બ્રહ્મદેશ તથા ઈ. ૧૯૬૨માં સ્કૅન્ડિનૅવિયા ગએલા. એમની આ વિદેશ યાત્રાઓ સ્વદેશની સમૃદ્ધિમાત્રાને સંવર્ધવા માટેની કલ્યાણયાત્રા જ હતી.

આવી અવિરત પ્રવૃત્તિ વચ્ચે પણ એમનું લેખનકાર્ય તો થતું જ રહ્યું હતું. એમના હજારો લેખો ને પત્રિકાઓ વિવિધ શીર્ષક નીચે ગ્રંથસ્થ થયાં છે. 'વી ઍન્ડ અવર નેઈબર્સ', 'ફ્રૉમ ક્લાસ ટુ નૅશન', 'ઑન ધ વૉચ', 'ઈન ધ બૅટલ'ના પાંચ ખંડ, 'વ્હેન ઈઝરાએલ ફૉટ' તથા 'ધ વિશ્ઝન ઍન્ડ ધ વે'ના પાંચ ખંડો એમની સર્જનપ્રવૃત્તિનો પ્રમુખ ફાલ છે. પોતાનાં સ્મરણો ત્રણભાગમાં આલેખ્યાં છે. એમની (અનુ. પૃ. ૧૨૪)

એક અસાધારણ સાધારણ માણસ

ખિતિનબાબુ

મૂળ લેખક: 'અજ્ઞેય' · અનુવાદક · સુકન્યા ઝવેરી

એ ચહેરો! કયો ચહેરો? પરદેશીને બધા હિંદુસ્તાની ચહેરા એકસરખા જ લાગે છે; અને હિંદુસ્તાનીને હર ફિરંગી. પણ જેણે સાચે જ કોઈ ચહેરો જોયો છે એ જ જાણે છે કે દરેક વ્યક્તિ અદ્વિતીય છે અને હરેક ચહેરો સ્મરણીય. સવાલ એટલો જ છે કે આપણે એ વિશિષ્ટતા જોવાની દૃષ્ટિ કેળવીએ. મારી સ્મૃતિમાં પણ ચહેરાઓનો યથેષ્ટ સંગ્રહ છે—બધા જ અદ્વિતીય, બધા જ સ્મરણીય. પણ જે એકને અહીં તારવું છું તે કંઈ તેના અસાધારણત્વ માટે નથી, જેની વાત કરું છું એ એક અત્યંત સાધારણ વ્યક્તિનો ચહેરો છે; અને હું એ જ તો કહેવા માગું છું કે અસાધારણ જ સ્મરણીય નથી. દરેકમાં કંઈક તો હોય જ છે—જો જરા ધ્યાનથી જોવાનો પ્રયત્ન કરીએ તો.

એ એક ચહેરો, ખિતિન (ક્ષિતીન્દ્ર) બાબુનો છે. ન તો એ સુંદર હતો, ન અસાધારણ. એ કોઈ 'મોટા માણસ' પણ ન હતા. સાધારણ ભણેલા એક મામૂલી કલાર્ક હતા એ. મેં એમને પહેલી વાર જોયા ત્યારે એમનામાં જોવા જેવું કશું જ નહોતું. શીળીના ડાઘથી ભરેલા એમના ચહેરા પર એક આંખ ગાયબ હતી. વળી એક હાથ પણ નહોતો; કોટની બાંહ્ય પિનથી જોડી દીધી હતી. કાણાને લોકો અપશુકનિયાળ માને છે–અને અતિ ચતુર પણ; પરંતુ ખિતિનબાબુના હાસ્યમાં એક વિલક્ષણ નિખાલસતા અને ઋજુતા હતી. એમના વિષે પૂછતાં જાણવા મળ્યું કે આંખ તો શીળીમાં ગુમાવી હતી અને હાથ ઝાડ પરથી પડવાને કારણે એટલો તૂટી ગયો હતો કે પાછળથી કપાવી નાખવો પડ્યો હતો. પણ એમના હસમુખા અને મિલનસાર સ્વભાવની સૌ પ્રશંસા કરતા.

ફરી હું એમને છ મહિના બાદ એક મિત્રને ત્યાં મળ્યો. ત્યારે એમનો એક પગ પણ નહોતો! રેલગાડીની દુર્ઘટનામાં એ કપાઈ ગયો હતો, તેથી ઘોડીના સહારે હરતાફરતા. એમને માટે તો એ બનાવ પણ હવે જૂનો બની ગયો હતો. પણ મારા માટે એ બિલકુલ નવી વાત હતી. હું સહાનુભૂતિ દેખાડવા ઇચ્છતો હતો પણ અચકાતો હતો, કેમ કે કોઇની અસમર્થતા તરફ ઈશારો કરવો પણ એને અસમંજસમાં મૂકી દે છે. એવામાં એમણે જ મને બોલાવ્યો: 'આવો આવો, મારા નવા આવિષ્કારની કહાણી સંભળાવું.' એમની સાથે હાથ મેળવતાં જ મને લાગ્યું કે શરીરનો એક અવયવ ઓછો થતાં બીજા અવયવોની શક્તિ બેવડાય છે! આવી જોરદાર પકડ ભાગ્યે જ કોઈના હાથની મેં માણી હતી. હું પાસે બેઠો. તેઓ કહે: 'જુઓને, કેટલો બધો આલતુફાલતુ બોજો માણસ વેંઢારતો હોય છે? મેં ટૉન્સિલ કપાવ્યાં, કંઈ કમી ન અનુભવી. ઍપેન્ડિક્સ કપાવ્યું, કંઈ જ ન ગુમાવ્યું–ફક્ત દર્દ ગયું. ભગવાને ય મનમોજી દાતા છે ને? બધું જ ફાલતુ આપે છે: બે હાથ, બે કાન, બે આંખ! આ જીભ જુઓને એક જ છે પણ જરા ય કમી વર્તાય છે?'

હું તો દિંગ થઇને જોઈ જ રહ્યો. પણ એમના હાસ્યમાં સચ્ચાઇનો રણકો હતો. એમની આંખમાં જીવનનો આનંદ ચમકી રહ્યો હતો. એમાં અધૂરાપણાની, પંગુતાની ઝાંઈ પણ નહોતી.

ત્રીજી વાર અમે મળ્યા ત્યારે બીજો હાથ પણ ગુમાવી બેઠા હતા! સાંભળ્યું કે રિક્ષામાંથી ઊતરતાં પડી ગયા, કોણી તૂટી ગઈ અને ઘામાં ઝેર ફેલાવાથી બાવડેથી હાથ કાપી નાખવો પડ્યો હતો. આ વખતે અમે એ જ મિત્રને ત્યાં મળ્યા હતા, પણ એમનાં રસોડામાં. મિત્રપત્ની રસોઈ બનાવતી હતી ત્યાં એ કૈંક વાનગી કેમ બનાવવી એની ચર્ચા મીમાંસા કરતા હતા! એમને ખાવા અને ખવડાવવાનો ખૂબ જ શૉખ હતો રસોઈશાસ્ત્રના તો એ આચાર્ય હતા. એમનો જાન બચી ગયો એની ખુશાલીમાં આજની મિજબાની હતી! ખિતિનદાએ જમવાનું આમંત્રણ કબૂલ્યું હતું: પણ એક શરતે–વાનગીઓ પોતે બનાવશે–મતલબ પોતાની દેખરેખ હેઠળ. ખિતિનબાબુનો ઉત્સાહ અદમ્ય હતો અને એ ઉત્સાહ જ જાણે બધાંનો આધાર હતો.

હું પણ રસોડામાં ગયો. મેં મિત્રપત્નીને પૂછ્યું 'શું બનાવો છો?' કહે, 'હું ક્યાં બનાવું છું? બનાવે છે તો ખિતિનદા.' આ સાંભળી ખિતિનદા બોલ્યા: 'કેમ, મારું અડેલું ખાશોને?' અને એટલું કહીને ખડખડાટ હસ્યા. એમનું અડેલું? જેને બેમાંથી એક પણ હાથ નહોતો! પછી કહે: 'અરે તમે પેલા ભોજન-વિલાસી ને શય્યા-વિલાસીની વાર્તા સાંભળી છે?'

મેં નહોતી સાંભળી. એમણે શરૂ કરી: એક રાજા પાસે બે આદમી, નોકરીની તલાશમાં આવીને કહે 'હું ભોજન-વિલાસી છું, ભોજન ચાખીને કહી શકું છું કે રાજાજી માટે એ ખાવા યોગ્ય છે કે નહિ; અને મારો સાથીદાર રાજાની શય્યાની પરીક્ષા કરશે. એમની પરીક્ષા માટે રાજાજીનું ભોજન આણવામાં આવ્યું. થાળ પાસે આવતાં જ એ નાક દાબી બરાડી ઊઠ્યો: દૂર લઈ જાઓ, દૂર લઈ જાઓ, આમાં તો મડદાની વાસ આવે છે. ખૂબ તપાસ કરતાં માલૂમ પડ્યું કે જે ખેતરમાંથી રાજાજી માટે ચોખા આવ્યા હતા તેના શેઢા પરના એક ઝાડ પર મરેલું પક્ષી લટકતું હતું! ભોજનવિલાસીને તાબડતોબ નોકરી મળી ગઈ. બાકી રહ્યો શય્યાવિલાસી. એને લઈ ગયા રાજાજીના શયનખંડમાં. રાજાજીની મખમલી શય્યા પર બેસતાં જ કમર પકડી બૂમો પાડવા માંડ્યો: અરે મારી કમરમાં કંઈક ખૂંચે છે! શું પાથર્યું છે કોઈ કે?' સહુએ જોયું કે પથારીમાં એક કરચલી સુધ્ધાં નહોતી, છતાં બધી જ ગાદી ઉપાડીને ઝાટકી, કમરમાં ખૂંચે એવું કશું જ ન નીકળ્યું, પણ હા છેલ્લી ગાદીની નીચે એક વાળ હતો! અને શય્યાવિલાસીને પણ નોકરી મળી ગઈ...વાર્તા પૂરી કરી ખિતિન બાબુ બોલ્યા: 'વાહ! એ ય જમાનો હતો!'

મિત્ર પત્ની કહે: 'તમે એ જમાનામાં હોત તો મઝા પડત, નહિ?'

ખિતિનદા બોલ્યા: 'નહિ તો શું? હું હોત તો રાજાને બે નોકર થોડા રાખવાં પડત?' મિત્રપત્ની મને સંબોધીને કહે: 'ખિતિનદા ગાય છે પણ ખૂબ જ સુંદર!' ખિતિનદા હસીને બોલ્યા: 'અરે હા, આવી સંગીતવિલાસીની નોકરી પણ મને જ મળતને!'

ચાર વાગ્યે ખિતિનદાના વિધાન હેઠળ ભોજન તૈયાર થયું. અમે આઠેક જણાં હતાં. આમ તો મારા સ્મરણીય સ્વાદમાં ભોજનના સ્વાદને પ્રાધાન્ય નથી, છતાં એ ભોજનની યાદ આજે પણ તાજી જ છે.

પૂરા એકલાંબા ગાળા પછી અમારી ફરીમુલાકાત થઈ, ત્યારે એમનો બીજો પગ પણ સાથળમાંથી ગાયબ હતો. બે હાથ નહિ, બે પગ નહિ, એક આંખ નહિ; ટૉન્સિલ, ઍપેન્ડિક્સ તો ક્યારનાં ય ગાયબ હતાં જ. કેવળ એક-ઠૂંઠું! બેઠકખંડમાં ગાદી પર બેઠા હતા. પૈડાંવાળી ખુરશીમાં એમને ત્યાં લાવેલા. અને છતાં એ એટલા સહજભાવે બેઠા હતા કે જાણે કોઈ સ્વપ્નાવિષ્ટ ચતુર શિલ્પીએ પાષાણમાંથી મસ્તક અને ખભા ખૂબ જ સુંદર રીતે કંડારી બાકીનો પાષાણસ્તંભ એમ જ છોડી દીધો ના હોય!

હું ચૂપચાપ બેઠો હતો. મને નાનપણમાં કરેલી આત્મા સંબંધી ચર્ચા યાદ આવી. આત્મા સમગ્ર શરીરમાં જ વસતો હશે કે એકાદ વિશેષ અંગમાં? અને પૂરા શરીરમાં વસતો હોય તો તે અંગ કપાઈ જાય તો આત્મા પણ કપાઈ જતો હશે? મારી જ થીઅરી મને યાદ આવી. જ્યારે કોઈ અંગ કપાય ત્યારે આત્મા બાકી રહેલા શરીરમાં પ્રવેશે છે, પંગુ થતો

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉકટર ની સલાહ

શિવપ્રસાદ ત્રિવેદી
(ઠાકરવગા · ઉમરેઠ)

૧. ઑટોપ્સી અને બાયોપ્સી એટલે શું?

ઉ. ઑટોપ્સી એ શંકાસ્પદ મૃત્યુનું કારણ જાણવા માટે કાયદેસર થતા શબચ્છેદન–પોસ્ટમૉર્ટમનું બીજું નામ છે. ખૂનનો ગુનો પકડવામાં એ સહાયક બની રહે છે. આ મરણોત્તર તપાસમાં મૃત્યુના કારણરૂપ રોગ, તેના નિદાનની ચોકસાઈ કે ભૂલ, રોગનાં અસ્પષ્ટ કારણો અને લક્ષણો, વાતાવરણની દૂષિતતા, ખોરાકમાંની જીવલેણ ભેળસેળ, ઝેરી ઔષધો, રેડીએશનની અસર વગેરેની શરીર પરની અસરો સ્પષ્ટ થાય છે. આથી વૈદક-વિજ્ઞાનમાં પણ તેનું ઘણું મહત્ત્વ છે. જ્યારે બાયોપ્સીમાં જીવતા શરીરમાંથી તપાસ અર્થે અંશતઃ ભાગ કાપી લેવાય છે. કૅન્સર, ચામડીના રોગો, યકૃત અને મૂત્રપિંડોની તપાસમાં બાયોપ્સીનું ઘણું મહત્ત્વ છે. અમુક ઑપરેશનો કરતાં પહેલાં પણ આ પ્રકારની તપાસ જરૂરી હોય છે.

૨. વજન વધારવા શું કરવું? કેવો ખોરાક લેવો? ભૂખ લગાડવા ને ને ખોરાક પચાવવા શું કરવું?

ઉ. જાતિ, ઊંચાઈ અને ઉંમર પ્રમાણે વજન હોવું જોઈએ. વીસ-પચીસ વર્ષની વય સુધી ઈષ્ટ કરતાં થોડું વધારે વજન અને ચાલીસની ઉંમર પછી ઈષ્ટ કરતાં થોડું ઓછું વજન હોય એ સારું લેખાય છે. શરીરના વજનનું નિયંત્રણ કરનાર ભૂખ છે, એ ખરું પણ કેટલાક વધુ ખાનારા શરીરે પાતળા અને પ્રમાણમાં થોડું ખાનારાના શરીરનું વજન વધારે હોય તેવું પણ જોવા મળે છે. વળી, કેટલાકના ખોરાકનું પ્રમાણ અને વ્યય એવાં સમતુલા ભર્યાં હોય છે કે વરસો સુધી તેમના વજનમાં ખાસ વધઘટ થતી જણાતી નથી. આનું કારણ આહારશાસ્ત્રીઓ પણ સ્પષ્ટપણે દર્શાવી શકતા નથી.

સામાન્ય રીતે એમ કહેવાય છે કે શ્રમના પ્રમાણ કરતાં વધારે ખોરાક ખવાય તે શરીરમાં ચરબી રૂપે જમા થાય છે. વધારે ખોરાક લેવાતો હોવા છતાંય શરીરની અભિશોષણની શક્તિની કોઈ નિષ્ફળતાના કારણે કેટલાકના શરીરમાં ચરબી જમા થતી નથી. ઓછો શ્રમ અને વધારે ખોરાકનો ક્રમ જળવાય તો શરીરનું વજન વધ્યા વગર રહેતું નથી. ખોરાકમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ ને ચરબી વધારે પ્રમાણમાં લેવાનાં છે, પણ વજન વધારવા માટે ચરબી શ્રેષ્ઠ છે. મલાઈ, માખણ અને ઘી તથા માંસ-મચ્છી ચરબીયુક્ત પદાર્થો છે. પ્રોટીન ચરબી વધારનાર નથી પણ કાર્બોહાઈડ્રેટ પદાર્થો બધાં ખાદ્યોમાં આવે છે, તેમનો વધારો કરવો સહેલો છે. સહેલાઈથી પચે અને શરીરમાં અભિશોષાય એવાં ખાદ્ય સ્વીકારવાનાં છે. ઘી અને માખણ ના પચતાં હોય તો તેલનું પ્રમાણ વધારી શકાય. એક-બે ટંકમાં વધારે ખાવા કરતાં ચારપાંચ વાર ખાવાથી સારી રીતે પચી શકે છે.

સૂકાં ફળમાં બદામ ને અખરોટ વજન વધારનાર છે, પણ તે સારી પેઠે ચાવીને ખવાય તો જ ગુણ આપે છે. બદામ કે અખરોટનો ભૂકો, મોસંબી, નારંગી કે શેરડીના રસમાં ભેળવી, તેમાં એકાદ ચમચો મધ નાખીને પીવાથી એ શરીરમાં સહેલાઈથી અભિશોષાય છે. પાકાં કેળાં પણ વજન વધારનાર છે. તેને એકલાં ખાવા કરતાં દૂધમાં ચોળીને ચમચો મધ નાખીને પી શકાય. સવારમાં ચ્યવનપ્રાશાવલેહ અને દૂધ લેવાથી પણ ભૂખ ઊઘડે છે દૂધમાં ફેરાડોલ કે શાર્કોફેરોલ જેવું–કૉડલિવર ઑઈલયુક્ત ઔષધ લેવાથી પણ શરીરમાં ચરબી પુરાય છે.

ભૂખ ઉઘાડવા માટે ત્રણેક મહિના સુધી રોજ 'પેરિએકટીન'નામની દોઢ ગોળી લેવાની સલાહ અપાય છે.

મર્યાદામાં રહી શ્રમ કરવાથી ભૂખ વધારે લાગે છે. વારંવાર અને બહુ ચા પીવાથી ભૂખ નાશ પામે છે. આ બેમાંથી જે લાગુ પડતું હોય તે છોડવાથી અને પૌષ્ટિક ખોરાક લેવાથી શરીરનું વજન વધે છે જ.

૩ બાળક બહુ ખાવા ઉપર ચડી જાય તેનું શું કારણ?

ઉ. દેહના ઘાટ પ્રમાણે વ્યક્તિના 'એકટોમોર્ફ' અને 'એન્ડોમોર્ફ' આવા બે વિભાગ ગણવામાં આવે છે. પાતળા અને નાજુક બાંધાના લોકો એકટોમોર્ફ લેખાય છે તો જાડા ગોળમટોળ ને પોચા બાંધાના લોકો એન્ડોમોર્ફ. એકટોમોર્ફ બાળકને જાણે કે ખાવાની પડી ન હોય તેમ બળે-બળે ખવરાવવું પડે છે, જ્યારે એન્ડોમોર્ફ બાળકોને ખાવામાં બહુ આનંદ આવે છે. આનું કારણ એમને રાક્ષસી ભૂખ નથી હોતી પણ તેમને ખાવાનું ગમે છે. ખાવાથી તે કંઈ જાડું થાય છે એવું પણ નથી પણ તે વધુ ખાનારા હોય છે વળી, તેમને પચે છે પણ ખરું, અને અપચો કે બંધકોશ થતા નથી. આવાં બાળકોને ખાતાં અટકાવવાં એ શિક્ષારૂપ થઈ પડે છે. આ ઉપરાંત, કેટલાક લોકો પુષ્કળ અકરાંતિયાપણે ખાનારા પણ હોય છે.

બાળક બહુ ખાય તેમ ન ખાય કે થોડું ખાય તે પણ એક કોયડો છે. બાળકના ખોરાકની ખરી જરૂરિયાત વિષે સ્પષ્ટ સમજ હોય તો પછી તેમના ખાવા સંબંધી કોઈ પ્રશ્ન રહેતો નથી. □

નથી. એની સચ્ચાઈનો જ્વલંત નમૂનો મારી સામે ઉપસ્થિત હતો। એમનો આત્મા પંગુ તો નહોતો જ, ઊલટું પણ ઓછા થતા અવયવો સાથે એમના આત્માનાં તેજ અને કાંતિ વધતાં જતાં હતાં. જાણે વ્યર્થ અંગોમાંથી પોતાને સમેટીને બાકીના શરીરમાં આત્મા વધુ ગાઢ ભાવે પુંજિત થઈ ગયો હતો: બાકીના શરીરમાં નહિ—ફક્ત એક આંખમાં, પ્રેતાત્માઓથી ભરેલા વિશાળ શૂન્યમાં નિષ્કંપ જ્વલતા એક આકાશદીપ સમ...

એવામાં ખિતિનદાની નજર મારા પર પડી. એ બોલી ઊઠયા: 'બોલે છિલામ, બેચે થાકતે બેશિ કિછુ લાગે ના!' (કહ્યું'તું ને? જીવવા માટે વધુ કશું જરૂરી નથી!) અને હસી પડયા.

આ પછી મેં ખિતિનબાબુને કયારે ય જોયા નથી. વાર્તા પૂરી કરવા માટે એક વાર જોવું જરૂરી હતું. પણ હું વાર્તા નથી કહેતો. સાચી હકીકત કહું છું. મેં એમને ફરી કયારે ય નહોતા જોયા, પણ સાંભળનારની કમીને લીધે કંઈ વાર્તા અટકે છે? દર્શકની ગેરહાજરીમાં જીવન નાટકો તો બંધ નથી થઈ જતાં. મેં સાંભળ્યું હતું કે ખિતિનબાબુની વાર્તા પોતાના ચરમ ઉત્કર્ષ પર પહોંચીને જ પૂરી થઈ હતી. ફરવા જતા હતા ત્યારે એમની પૈડાંવાળી ખુરશી કોઈ મોટર સાથે અથડાઈ ને એ નીચે ગબડી પડયા! મોટરનું પૈડું એમના ખભા પર ફરી વળ્યું—બાવડાનું ઠૂંઠું જે બચ્યું હતું એનો યે ઘાણ બોલી ગયો. એમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા 'તા. ઑપરેશન થયું–ખભા પર પાટો બાંધવામાં આવ્યો. જ્યારે ભાનમાં આવ્યા ત્યારે ખભા વિષે પૂછયું, ને પોતે જ બોલ્યા: 'જાના ગેલો, એટા છાડા ચો ચલે.' (જણાઈ ગયું કે એના વિના પણ ચાલશે!) પણ આ વખતે એ 'ચાલવા'નું ઝાઝા દિવસ ન ટકયું. હૉસ્પિટલમાંથી એ બહાર ન જ નીકળ્યા. પૂરા બદનમાં વિષ ફેલાઈ ગયું હતું. અને એક વહેલી સવારે બેભાન અવસ્થામાં જ મૃત્યુ પામ્યા. ખિતિનબાબુ, એક મામૂલી કલાર્ક, સાધારણ દુર્ઘટના, ને એ મૃત્યુ પામ્યા. પણ શું સાચે જ મૃત્યુ પામ્યા'તા? હજુ યે હું એને જોઈ શકું છું. કયારેક લાગે છે કે જેને હું જોઉં છું એ અંગહીન જ નહિ, પણ અશરીરી જ છે. કેવળ એક દીપ્તિ—અંગોથી શું? અવયવોથી શું? 'જાના ગેલો, એટા છાડા ચો ચલે—' આ બધાં વિના કામ ચાલી શકે છે. કેવળ દીપ્તિ: કેવળ સંકલ્પશક્તિ. રોટલો, કપડાં, આશરો આપણે બૂમો પાડીએ છીએ, આ બધું જરૂરી છે. નિઃસંદેહ, જીવનના સ્તર પર આ બધું ખૂબ જ જરૂરી છે; પણ માનવજીવનની મૌલિક પ્રતિજ્ઞા એ નથી. એ તો છે કેવળ માનવીનો અદમ્ય અતૂટ સંકલ્પ! □

માત્ર પચ્ચીસ જ વર્ષમાં ઊડતી રેતીની ઊખર ભૂમિને પાકથી લચી પડતાં નંદનવનમાં પલટી નાખનાર જવાંમર્દ યહૂદી પ્રજાની પુરુષાર્થગાથા

ઇઝરાએલ





△ ઇઝરાએલ : રચનાકાળે અને આજે. પહેલા નકશા સાથે એનો રાષ્ટ્રધ્વજ અને બીજામાં એમના રાષ્ટ્રચિહ્ન 'સપ્તશાખા શમાદાન મૅનોરાહ'નું આલેખન છે.

'બળજબરીથી દેશનિકાલ કરાએલા યહૂદી લોકોએ એમની હિજરત દરમિયાન બધા જ દેશોમાં પોતાના વતન પર શ્રદ્ધા રાખેલી. પાછા ફરવાની આશા અને અભ્યર્થનામાં એઓ અવિચલ રહેલા અને હવે અહીં એમની રાજકીય સ્વતંત્રતા પુનર્જીવિત થઈ છે.' ઇઝરાએલની સ્વતંત્રતાના જાહેરનામાના આ છે કેટલાક શબ્દો. ૧૪મી મે, ૧૯૪૮ના રોજ આ જાહેરનામું બહાર પડયું; અને ૧૫મી મે ૧૯૪૮ના રોજથી ઇઝરાએલ એક સ્વતંત્ર યહૂદી રાષ્ટ્ર બન્યું.

ઉત્તરે લૅબેનૉન, ઈશાનમાં સીરિયા, પૂર્વે જૉર્ડન, દક્ષિણે ઇજિપ્ત અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રની વચ્ચે આવેલું ઇઝરાએલ અસલમાં તો ઇસુની કર્મ અને ધર્મભૂમિ પૅલેસ્ટાઈનનો જ એક ભાગ હતું. યહૂદીઓનું એ માદરે વતન. આજના સ્વતંત્ર ઇઝરાએલની પાછળ ૪૦૦૦ વર્ષ જૂનો યહૂદીઓનો ઇતિહાસ છે.

આ ભૂમિ શરૂમાં કૅનાન (Canaan) તરીકે અને પછીથી પૅલેસ્ટાઈન (જેમાં હાલના ઇઝરાએલ, જોર્ડન ને ઇજિપ્તનો સમાવેશ થતો હતો) તરીકે ઓળખાતી. લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાં પૅલેસ્ટાઈનમાં સ્વાયત્ત યહૂદી સરકાર હતી. પરંતુ ત્યાર બાદ પરદેશીઓનાં અનેક આક્રમણો સામે ટક્કર લઈ રહેલી યહૂદી પ્રજાને ટકી રહેવા માટે એકત્વ વગર આરો-ઓવારો નહોતો. પરિણામે ઈ. પૂ. ૧૦૨૦માં સાઉલ (Saul) રાજા બન્યો અને તેના અમલ તળે ઇઝરાએલ એક થયું. તેના અનુગામી ડેવિડે રાજ્યને મજબૂત કર્યું અને જેરુસલેમને રાજધાની બનાવી. ડેવિડના પુત્ર સૉલૉમને અર્થકારણને વિકસાવ્યું, સુવર્ણ દેવળ બંધાવ્યું તથા જેરુસલેમમાં રાજમહેલ ઊભો કર્યો. પણ સૉલૉમનના મૃત્યુ બાદ તે રાજ્યને ઉત્તરના ઇઝરાએલ અને દક્ષિણના જુડાહ (Judah) નામના બે વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું. ત્યાર પછી લગભગ ઓગણીસ બળવાન રાજવીઓએ ત્યાં સત્તા ચલાવી. ઈ. પૂ. ૭૨૧માં એસીરિયનોએ ઇઝરાએલ ઉપર અને ઈ. પૂ. ૫૮૬માં બૅબિલોનિયનોએ જુડાહ પર ચઢાઇઓ કરી યહૂદી પ્રજાને વેરવિખેર કરી નાખી. બેબિલોનિયનોએ તો જેરુસલેમ જીતી લઈ સૉલૉમને બંધાવેલા સુવર્ણ દેવળનો પણ નાશ કર્યો. પરંતુ વતનપ્રેમથી સદા ધબકતાં હૈયાંવાળી યહૂદી પ્રજાએ ઈ. પૂ. ૫૩૮થી ૫૧૫ દરમિયાન બૅબિલોનમાંથી પોતાની માતૃભૂમિ પર ફરી ડગ માંડયાં અને સુવર્ણ દેવળ ફરી બંધાવ્યું. ફરી પાછું ચાર સૈકા સુધી યહૂદીઓનું સ્વ-રાજ્ય ચાલ્યું. ઈ. પૂ. ૧૬૮માં સેલ્યુસિડ સીરિયાએ યહૂદીઓની સ્વાયત્તતા પર તરાપ મારવા પ્રયત્ન તો કર્યો, પરંતુ મેકાબીઝો (Maccabees)ની આગેવાની નીચે યહૂદીઓએ બળવો કરી સંપૂર્ણ સ્વતંત્રતા મેળવી અને બે સદી સુધી નિભાવી.

પણ ઈ. પૂ. ૬૩માં યહૂદીઓ પર વળી પાછી આફત ઊતરી. રોમન રાજ્યે ચડાઈ કરી બીજી વાર બંધાએલા સુવર્ણ દેવળને તોડી પાડયું. યહૂદી પ્રજાએ વર્ષો સુધી નાનામોટા બળવા કર્યા, પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં તે સફળ તો ન થઈ છતાં ય પૅલેસ્ટાઈનમાં શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ ઈ. સ. ૬૧૧ સુધી રહ્યું. એ દરમિયાન જ યહૂદીઓએ કૉન્સ્ટેન્ટાઈન પહેલા (Constantine I)ના ધર્મપરિવર્તન સાથે પૅલેસ્ટાઈનમાં ખ્રિસ્તી ધર્મની સ્થાપના કરી, અનેક દેવળો બંધાવ્યાં અને પૅલેસ્ટાઈનને દૂર દૂરના ધર્મયાત્રીઓ માટે આકર્ષક યાત્રાધામ બનાવ્યું. ત્યાં ઈ. ૬૧૪માં ઈરાનના રાજાએ ચડાઈ કરી જેરુસલેમ લઈ લીધું અને ખ્રિસ્તી દેવળોનો નાશ કર્યો. વચ્ચે ઈ. ૬૨૮માં રોમનોએ પૅલેસ્ટાઈન પાછું મેળવ્યું, પણ એક દશકા પછી ઈ. ૬૩૬માં અરબોએ જેરુસલેમ જીત્યું. હવે મુસ્લિમોએ જેરુસલેમને ઈસ્લામનું યાત્રાધામ બનાવ્યું અને મસ્જિદો બંધાવી. બિન-મુસલમાનો પર નિયંત્રણો મુકાયાં ને તેમની માનહાનિ પણ થવા લાગી. ઈ. ૧૦૭૧માં સેલ્જુકોએ (Saljuks) ચડાઈ કરી ઈ. ૧૦૯૯ સુધી રાજ્ય કર્યું. પછી પશ્ચિમ યુરોપમાંથી ચડી આવેલા ખ્રિસ્તી ધર્મયોદ્ધાઓ (Crusaders)એ સત્તા જમાવી. આ ખ્રિસ્તી રાજ્યનો ઈ. ૧૨૯૧માં અંત આવ્યો અને પૅલેસ્ટાઇન મામલુકો (Mamelukes)ના તાબા નીચે દમાસ્કસના રાજ્યનો એક ભાગ બન્યું.

પરંતુ પોતાના રાજ્યકાળ દરમિયાન જ મામલુકોને ઑટોમન તુર્કના વધતા જતા બળ સામે વારંવાર ટક્કર લેવી પડી. આખરે ઇ. ૧૫૧૬માં ઑટોમન તુર્કોએ પૅલેસ્ટાઇનનો કબજો લીધો અને ત્યારથી છેક પહેલા વિશ્વયુદ્ધનાં મંડાણ થયાં ત્યાં સુધી એકધારું રાજ કર્યું. અંતે એમની પાસેથી અંગ્રેજોએ ઈ. ૧૯૧૭માં પૅલેસ્ટાઈન લઈ લીધું. આમ, એક તરફથી પૅલેસ્ટાઈન પર પરદેશી સત્તાફેર થયો ત્યારે બીજી તરફથી માતૃભૂમિની મુક્તિ કાજે યહૂદીઓની ઝીઓનિસ્ટ (Zionist) ચળવળ જોર પકડતી જતી હતી. દેશદેશમાં વેરવિખેર પડેલા યહૂદીઓ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી માદરે વતન તરફ પાછા ફરવા લાગ્યા હતા. આમ તો છેક ઈ. ૧૮૯૭ થીઓડોર હર્ઝલે 'વિશ્વ ઝીઓનિસ્ટ સંઘ (વર્લ્ડ ઝીઓનિસ્ટ ઑર્ગૅનિઝેશન)'ની સ્થાપના કરી હતી ને તેથી ઉત્તેજાઇને હજારોની સંખ્યામાં યહૂદીઓ વતનમાં પાછા ફરવા લાગેલા.

ઈ. ૧૯૧૮માં પૅલેસ્ટાઈન ખાતે ૪૭ ઝીઓનિસ્ટ સંસ્થાનો અસ્તિત્વ ધરાવતાં હતાં. ઈ. ૧૯૧૭માં જ વિદેશી બાબતોના બ્રિટિશ મંત્રી આર્થર બાલફોરે યહૂદીઓની રાષ્ટ્રીય ચળવળને પૅલેસ્ટાઈનમાં વસતી બિનયહૂદી જાતિઓના નાગરિક અને ધાર્મિક અધિકારોને પૂર્વગ્રહથી ન

એક વખતની સમૃદ્ધ પ્રજા કાળબળે વતનહીન બની દુનિયાભરમાં ભટકતી રહી....જે દરમિયાન દેશપરદેશમાં વસતા પ્રત્યેક યહૂદી હૃદયમાં વતનપ્રેમનો જે અવિરત સ્રોત વહેતો રહ્યો તેણે જ અનેક તડકીછાંયડી વચ્ચે એમને અડીખમ ઊભા રહેવાનું બળ આપ્યું, અને એને જ પરિણામે અનેક સદીઓની હકાલપટ્ટી ને હેરાનગતિ છતાં યહૂદીઓએ માદરે વતન ઈઝરાએલનું સ્વતંત્ર રાષ્ટ્ર સ્થાપ્યું અને વિકસાવ્યું. દુનિયાના (આપણા જેવા) વિકાસશીલ દેશો માટે ઈઝરાએલનાં ખમીર ને ખુમારી ધડો લેવા જેવાં છે.


જોવામાં આવે તે શરતે ટેકો આપ્યો. રાષ્ટ્રસંઘે (League of Nations)બાલ્ફૉરની આ જાહેરાતને ઈ. ૧૯૨૨નાજુલાઈમાં બહાલીઆપી. પરંતુ આ પહેલાં ૧૯૨૦–'૨૧માં પૅલેસ્ટાઈનમાં ઝીઓનિસ્ટ વિરુદ્ધ તોફાનો થયાં જેને પરિણામે જૂન ૧૯૨૨માં અંગ્રેજ સરકારને પોતાનો આશય સમગ્ર પૅલેસ્ટાઈનને યહૂદીઓનું રાષ્ટ્ર બનાવવાનો નથી તેવી ચોખવટ કરતો 'શ્વેતપત્ર' બહાર પાડવો પડ્યો. આ સમયે વસતિનો મોટો ભાગ અરબોનો હતો, ને એમને ભય હતો કે યહૂદીઓનો વધતો જતો પૅલેસ્ટાઈન-પ્રવેશ પોતાના જીવનનિર્વાહને જોખમમાં મૂકશે. પરિણામે જેરુસલેમના મુફ્તી (Mufti)ની આગેવાની નીચે અરબોએ યહૂદીઓના આગમન સામે ઈ. ૧૯૩૬માં જે બળવો પોકાર્યો તેનો અંગ્રેજ સરકારે પછીનાં પાંચ વર્ષ બાદ યહૂદીઓના આગમનનો આધાર પૅલેસ્ટાઈનવાસી અરબોની સંમતિ પર રહેશે એવી સ્પષ્ટતા કરતું બીજું 'શ્વેતપત્ર' ઈ. ૧૯૩૯માં બહાર પાડીને અંત આણ્યો.


આથી યહૂદીઓ નારાજ તો થયા, પણ નિરાશ ન થયા. ઈ. ૧૯૪૨માં ડેવિડ બેન-ગુરિયન (જુઓ આ અંકનું જીવનચરિત્ર)ની આગેવાની નીચે ન્યૂ યૉર્ક ખાતે ઝીઓનિસ્ટ પરિષદ ભરી યહૂદીઓના અપ્રતિબંધિત વતનપ્રવેશ, યહૂદી લશ્કર અને પૅલેસ્ટાઈનનું યહૂદી પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાની માગણી કરી. અમેરિકન સરકારનો આ માગણીને ટેકો મળતાં પ્રેસિડેન્ટ ટ્રૂમૅને બ્રિટનના વડા પ્રધાન ઍટલીને ૧,૦૦,૦૦૦ યહૂદીઓને પૅલેસ્ટાઈનમાં આવવા દેવાની વિનંતી કરી. પરિણામે બ્રિટને બીજા 'શ્વેતપત્ર'માં મૂકેલી યહૂદીઓના વતનપ્રવેશની પાંચ વર્ષની મર્યાદા લંબાવી. અરબો આથી ફરી નારાજ થયા. ઝગડો પહોંચ્યો સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસે. સંયુક્ત રાષ્ટ્રોની તપાસ સમિતિએ નિર્ણય આપ્યો કે ૫૫ ટકા પૅલેસ્ટાઈન યહૂદીઓને આપવું. યહૂદીઓએ આ નિર્ણયને કચવાતે મને સ્વીકાર્યો, પણ અરબોને તે નામંજૂર હતો. અંગ્રેજ સરકાર આથી મૂંઝાઈ. આખરે એણે જાહેર કર્યું કે ૧૫મી મે ૧૯૪૮ના રોજ અંગ્રેજ સરકાર પોતાની સત્તા છોડી દેશે. પૅલેસ્ટાઈનમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. પણ અંતે યહૂદીઓ પોતાનું સ્વતંત્ર રાષ્ટ્ર સ્થાપવામાં સફળ થયા. ડેવિડ બેન-ગુરિયન એના પ્રથમ વડા પ્રધાન બન્યા. આમ, ઈઝરાએલનું સ્વતંત્ર રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું તે યહૂદી પ્રજાના પુરુષાર્થ, શ્રદ્ધા, આશા, હિમ્મત અને ધીરજનો વિજય સૂચવે છે.

અનેક પતનોત્થાન ને પારાવાર વિટંબણાઓ પછી ઠરીઠામ બેસવાનો વારો યહૂદીઓને આવ્યો તો ખરો પણ હજુય કુદરત એમના ખમીરને કસોટીએ ચડાવવા માગતી હતી. સ્વાતંત્ર્યપ્રાપ્તિના બીજા જ દિવસે પાંચ અરબ રાજ્યોએ નવજાત ઈઝરાએલ પર હુમલો કર્યો. ઇજિપ્તે સુએઝની નહેર વાપરવાની ઈઝરાએલને મના કરી. ઈઝરાએલે નાહિમ્મત થયા વગર એ જ અખાતમાં એલાત (Elat) પાસે એક બંદર બાંધ્યું. પણ




યહૂદીઓએ છેક આરંભકાળથી પોતાના ટકાવ માટે જે કંઈ લડતો લડી ને જે કંઈ વેઠયું તે બધાંના મૂળમાં એક રીતે તો, મોઝીઝે પ્રબોધેલા ઈશ્વરદત્ત 'દસ ધર્માદેશો' પર આધારિત એમની ધર્મભાવના જ રહી છે. એને માટે જ તેઓ બિનવતન બન્યા અને એને માટે જ સદીઓ સુધી પ્રયત્નશીલ રહી એમણે પોતાના માદરે વતનની પુનઃ સ્થાપના કરી. જમણી બાજુ એમના ભૂતકાલીન ધર્મગુરુ અને ડાબી બાજુ હિબ્રૂ યોદ્ધાનું આલેખન છે. નીચે એમની ધાર્મિક ક્રિયા માટે દેવળમાં વપરાતું એક મહાકાય જંગમ ધાતુપાત્ર.





ઝાયોનિઝમ : માદરે વતનમાંથી હકાલપટ્ટી પામ્યા પછી દેશવિદેશમાં વેરવિખેર વસેલા યહૂદીઓના ઐક્ય અને માતૃભૂમિ પૅલેસ્ટાઈનમાં પોતાના રાષ્ટ્રની પુનઃસ્થાપના માટેની ચળચળ શરૂ થએલી. મૂળ ડેવિડે પ્રાચીન જેરૂસલેમનો જે એક પહાડી કિલ્લો જીતીને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપેલું તે 'ઝાયોન' નામે ઓળખાતું. એના જ એક ઉચ્ચ ભાગ પર સૉલૉમને એનું વિખ્યાત દેવળ બાંધેલું. કાળાનુક્રમે 'ઝાયોન' નામ જેરુસલેમના પર્યાય રૂપ બની ગયું. મધ્યયુગમાં છિન્નભિન્ન થઈ ગએલી યહૂદી પ્રજાના ધર્મભાવનાયુક્ત રાષ્ટ્રપ્રેમને છેક આજ સુધી જ્વલંત રાખનાર એ એક પ્રબળ પ્રેરણાસ્રોત હતો. રાજકીય હિતો પણ ઉમેરાયાં. પ્રારંભમાં તો તુર્ક શાસન તળે ત્યાં યહૂદી વસવાટ વધારવાની નેમ હતી, પણ પ્રથમ વિશ્વયુદ્ધ પછીની તુર્કી સત્તાની અવગતિ બાદ ત્યાં યહૂદી રાષ્ટ્રની પુનઃસ્થાપનાના ખયાલને વેગ મળ્યો. આવી રાજકીય માગને કારણે અનેક દેશોમાં યહૂદીઓને હડધૂત થવું પડયું. ઝારશાહી રશિયામાં અને બીજા વિશ્વયુદ્ધના સમયમાં જર્મનીમાં લગભગ આ કારણે જ લાખો યહૂદીઓની કતલ પણ થઈ. પણ ધીરેધીરે પોતાના જ પૈસે અહીંની ભૂમિનો ઘણોખરો ભાગ ખરીદતા જઈ, એનો વિકાસ સાધવા સાથે પોતાની રાજકીય માગનું દબાણ વધારતા રહી છેવટ તેઓ ઈઝરાએલના યહૂદી રાષ્ટ્રની સ્થાપના કર્યે રહ્યા. ત્યાં આજે નંદનવન જ ઊભું નથી કર્યું પણ મુઠ્ઠીભર પ્રજાની પ્રચંડ તાકાતનો પરિચય પણ આપ્યો છે.




જેરુસલેમ : યહૂદીઓના ઇતિહાસથી યે જૂનું આ શહેર. એના નામનો અર્થ છે : 'શાંતિનું શહેર', પણ અહીં કદી કાયમી શાંતિ રહી જ નથી. ડેવિડથી માંડી ઍલેન્બીની જીત સુધીમાં એના પર અઢાર વખત સત્તાફેર થયા. જિસસ ક્રાઈસ્ટના સમયમાં એ વિશાળ રોમન સામ્રાજ્યમાં સમાઈ જતું હતું. જિસસે અહીં ધર્મબોધ આપેલો. અહીં એણે વિજયપ્રવેશ કર્યો. પોતાના બાર મુખ્ય શિષ્યો સાથે અહીં જ એમણે અંતિમ સહભોજન કર્યું, અહીં જ એ કેદ થયા, વધસ્તંભ પર ચડયા અને દફન થયા તથા અહીંથી જ સ્વર્ગારોહણ કર્યું. ખ્રિસ્તીઓ માટે એટલે જ આ એક યાત્રાધામ છે. મુસલમાનો માને છે કે મહમદ પયગંબરે પણ અહીંથી જ સ્વર્ગારોહણ કરેલું, એટલે એમને માટે પણ એ પવિત્ર શહેર છે. સૉલૉમને એનું વિખ્યાત દેવળ અહીં જ બનાવેલું અને સદીઓ સુધી યહૂદી ધર્મસ્રોત અહીંથી જ વહેલો, એટલે એમને માટે યે આ નગર પવિત્ર છે. રોમનો પછી મુસલમાનોએ એ કબજે કર્યું, ખ્રિસ્ત ધર્મયુદ્ધોમાં ક્રુઝેડરોએ તે ફરી હાથ કર્યું ને અનેક સત્તાફેર બાદ ફરી મુસલમાનોના તાબામાં રહ્યું. ઇઝરાએલના નવા રાષ્ટ્રનો જન્મ થતાં યે યહૂદીઓ અને મુસલમાનોમાં એના પરના વર્ચસ્વ માટે તીવ્ર મતભેદો રહ્યા ને છેવટ યહૂદીઓએ હાથ કર્યું. ખડકાળ પ્રદેશમાં દરિયાની સપાટીથી ૨૫૦૦ ફૂટ ઊંચું આ શહેર ત્રણ વાર તો સંપૂર્ણ નાશ પામેલું ને બારબાર રાષ્ટ્રોએ તેના પર રાજ કરેલું. બાઈબલ કથિત એના ૩૦૦૦ વર્ષના ઇતિહાસમાં યહૂદીઓએ તો માત્ર છ સદી જ રાજ કરેલું. ડેવિડ એનો પ્રથમ વિજેતા. એની યે પહેલાં સદીઓથી એનું અસ્તિત્વ હતું. ઇજિપ્શીઅનો, આસીરીઅનો, ઈરાનીઓ, ગ્રીકો ને રોમનો તથા મુસલમાનોના કબજામાં અનેક વાર એ ફર્યું હતું. આજે ત્યાં લગભગ ત્રણેક લાખની વસતિ છે. એનો પ્રાચીન ભાગ સાંકડો ને ગીચ વસતિવાળો છે તો નવો ભાગ તદ્દન આધુનિક. ઈઝરાએલનું એ પાટનગર છે. □

ઇજિપ્તે એ અખાતના પ્રવેશદ્વાર પાસે જ શસ્ત્રધારી ચોકી મૂકી અને ઈઝરાએલનાં જહાજો ત્યાં જ અટકાવ્યાં. છતાંય યહૂદીઓએ પાછી પાની કરી નહિ. ઈ. ૧૯૫૬માં બ્રિટન અને ફ્રાન્સના સહકારથી ઈઝરાએલે ઇજિપ્ત પર હુમલો કર્યો અને પોતાની તાકાતની ઓળખ આપી. પરંતુ એની ખરી તાકાતનો પરચો તો ઈ. ૧૯૬૭ના છ દિવસના પ્રસિદ્ધ યુદ્ધમાં મળ્યો. પહેલાં પોતાની પાસે હતી તેના કરતાં ત્રણ ગણી જમીન આ છ દિવસમાં ઈઝરાએલે જીતી લીધી. છેલ્લે છેલ્લે ગયા વર્ષે પણ અરબ આક્રમણ સામે ઈઝરાએલે ફરી એક વાર તાકાતથી સામનો કર્યો; જો કે આ વખતે એના પક્ષે પણ ખુવારી અને નુકસાન નાનાંસૂનાં નહોતાં. દુશ્મન રાજ્યોથી ઘેરાએલા અને શત્રુઓના સતત ભયમાં વસતા માત્ર ૩૦,૦૦,૦૦૦ જેટલી વસતિ ધરાવતા નાનકડા ઈઝરાએલ રાષ્ટ્રે આઝાદીની પ્રથમ પચ્ચીસીમાં નાનાંમોટાં ચાર ઘર્ષણોનો સામનો કરીને પણ પોતાની અનેકક્ષેત્રીય પ્રગતિની કૂચ વણથંભી ચાલુ જ રાખી છે.

દેશની આર્થિક આબાદી માટે ઈઝરાએલે ખેતી અને ઉદ્યોગો તરફ પૂરતું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કોલસો, પોટાશ, બ્રોમાઈન, લોખંડ, પેટ્રોલિયમ, મૅંગેનીઝ વગેરે કુદરતી ખનિજસંપત્તિનો ઈઝરાએલ અદ્દભુત લાભ ઉઠાવે છે. લગભગ ૨,૨૫,૦૦૦ માણસો આ ખનિજ ને ઉદ્યોગોના વ્યવસાયમાં રોકાએલા છે. ઈ. ૧૯૫૦ની આસપાસ ત્યાંના મૃત સરોવર (Dead Sea)માંથી રાસાયણિક દ્રવ્યો કાઢવાની પણ તેણે શરૂઆત કરી દીધી છે. આ ઉદ્યોગોની પેદાશની નિકાસ વર્ષ પ્રતિ વર્ષ વધતી જ રહી છે. આ ઉપરાંત ત્યાં પશુપાલન અને મરઘાં-ઉછેરના વ્યવસાયો પણ ખૂબ જ વિકસ્યા છે. આજના આંકડાઓ દર્શાવી આપે છે કે ત્યાં ભૂખમરો કે બેકારીનો ભય હજુ સુધી કોઇને નથી. સરકાર આ માટે ખૂબ તકેદારી રાખે છે. બીજા દેશમાંથી વતનમાં પાછા ફરતા યહૂદીઓને સરકાર રહેવા માટે મકાન, ખેતી માટે જમીન, બાળકો માટે કેળવણી વગેરેની સઘળી સુવિધાઓ તરત જ કરી આપે છે.

ઈઝરાએલના લોકોનો મોટો ભાગ ત્યાંનાં લગભગ ૭૦૦થી વધારે ગામડાંમાં રહે છે. આ ગામડાં ચાર પ્રકારનાં છે : મૉશેવ, કિબુત્ઝ અથવા કુવુત્ઝા, મૉશેવ શિતુફી અને મોશેવા. મોશેવમાં સહકારી ધોરણે ખેતી અને સહકારી મંડળીઓ દ્વારા ખરીદવેચાણ થાય છે. કિબુત્ઝ અથવા કુવુત્ઝા આપણી સમાજવાદની ભાવનાનું જાણે મૂર્તિમંત સ્વરૂપ છે. સમૂહજીવન ગાળતા લોકોને ત્યાં પોતાની શક્તિ પ્રમાણે કામ કરવાનું હોય છે અને ઉત્પાદનની વહેંચણી પોતે કરેલા શ્રમ પ્રમાણે થાય છે. આવાં ગામડાંમાં જમીન, સાધનો, નાણા વગેરે સમાજની માલિકીનાં ગણાય છે. મૉશેવ શિતુફી પ્રકારના ગામડામાં પ્રથમ બે પ્રકારના ગ્રામજીવનનું સુભગ સંયોજન જોવા મળે છે, જ્યારે મૉશેવામાં ભારતીય ગ્રામવિસ્તાર અને ગ્રામવ્યવહારની તાસીર જોવા મળે છે.

કેળવણીના ક્ષેત્રને પણ ઈઝરાએલે અત્યંત મહત્ત્વ આપ્યું છે. રાષ્ટ્ર-




ઈઝરાએલ અને અરબ રાજ્યોની સરખામણી

ના બજેટમાં કેળવણીની બાબત ત્રીજા નંબરે આવે છે. ત્રણથી પાંચ વર્ષના ગાળામાં દરેક બાળક માટે બાળવર્ગમાં જોડાવું ફરજિયાત છે. પાંચથી ચૌદ વર્ષ દરમ્યાન છ વર્ષનું પ્રાથમિક શિક્ષણ ફરજિયાત ને મફત છે, અને ત્યાર પછી જુનિયર ને સિનિયર એમ ત્રણ ત્રણ વર્ષના બે તબક્કામાં માધ્યમિક શિક્ષણ આપવામાં આવે છે. ૧૮ વર્ષ પછી ઉચ્ચ શિક્ષણમાં દાખલ કરવામાં આવે છે. પુરુષ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પછી એક વર્ષની ફરજિયાત લશ્કરી તાલીમ બાદ જ ડિગ્રી આપવામાં આવે છે.

ત્યાંના પ્રત્યેક શહેરમાં સંપૂર્ણ સુવિધાવાળી ઑસ્પિટલો છે, નિષ્ણાત ડૉક્ટરો અને પ્રવીણ પરિચારિકાઓ છે. ત્યાં ૨૪થી વધારે દૈનિકો, ૪૦૦ જેટલાં સામયિકો બહાર પડે છે. ત્યાંની રાષ્ટ્રભાષા હિબ્રૂ ઉપરાંત અરબી અને અંગ્રેજી ભાષા પણ ત્યાં વપરાય છે.

ત્યાંના પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્રભાવના અત્યંત ઉત્કટ છે. પ્રત્યેક યહૂદીના હૃદયમાં પેઢી-દર-પેઢી દેશ-પરદેશમાં વતનપ્રેમનો જે અવિરત સ્રોત વહેતો રહ્યો છે તેણે જ અનેક તડકીછાંયડી વચ્ચે એમને અડીખમ ઊભા રહેવાનું બળ આપ્યું છે. એને જ પરિણામે અનેક સદીઓની હકાલપટ્ટી અને હેરાનગતિ છતાં ય યહૂદી પ્રજાએ માદરેવતન ઈઝરાએલનું સ્વતંત્ર રાષ્ટ્ર સ્થાપ્યું છે અને વિકસાવ્યું છે. દુનિયાના વિકાસશીલ દેશો માટે ઈઝરાએલનાં ખુમારી અને ખમીર ધડો લેવા જેવાં છે. □



પોતાના પુનર્જન્મના પ્રારંભથી એની સામે શત્રુવટ દાખવતાં ૨૦ જેટલાં આરબ રાજ્યોની વિસ્તાર-વસતિની સંખ્યા સામે સરખામણીમાં વેંતભરના ઈઝરાએલે પોતાની મુઠ્ઠીભર પ્રજાનાં બળ પર અને ઘર આંગણના વિકાસને સિદ્ધ કરતા જવા સાથે પોતાના સ્વાતંત્ર્યને જાળવી રાખવા જે પુરુષાર્થ ને શક્તિ દાખવ્યાં છે તે લગભગ એની સાથે જ આઝાદ થએલા ભારત અને બીજા દેશો માટે પ્રેરણારૂપ છે. આરબ સંઘબળ, વિસ્તાર અને વસતિની ઈઝરાએલની સરખામણી મથાળે દર્શાવી છે.

ઈ. ૧૯૭૩ દરમિયાન પ્રકટ થએલાં કાવ્યો પૈકી
શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટેનું રૂ. ૩૦નું પારિતોષિક
શ્રી રામચન્દ્ર બ. પટેલ 'સુક્તિ'ને
એમના વતનપ્રેમ અંગેનાં ત્રણ સૉનેટ માટે મળે છે.
એમને અભિનંદન સાથે નિર્ણાયકો શ્રી રાજેન્દ્ર શાહ
અને પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહના આભારી છીએ.

અનુસંધાન] **ડેવિડ બેન-ગુરિયન** [પૃ. ૧૧૮થી

અવિરત રાજકીય પ્રવૃત્તિઓ અને નોંધપાત્ર સર્જનને લક્ષમાં રાખી એમને વિવિધ સંસ્થાઓ તરફથી પારિતોષિકો તથા પદવીઓ એનાયત થએલાં. ઈ. ૧૯૪૯માં યરુસાલેમની હિબ્રૂ યુનિવર્સિટી તરફથી 'બુબ્લિક' (Bublick) તથા ૧૯૫૨માં તેલ-અવિવની નગરપાલિકા તરફથી 'બીઆલિક' (Bialik) પારિતોષિકો મળેલાં, તો ૧૯૫૮માં અમેરિકાની 'હાદાસાહ વિમેન્સ ઝિયૉનિસ્ટ ઑર્ગેનાઇઝેશન' દ્વારા 'હેન્રીએટા ઝૉલ્ડ ઍવૉર્ડ'પણ એનાયત થએલો. આ ઉપરાંત ઈ. ૧૯૫૨માં અમેરિકાની 'જ્યૂઈશ થીઓલૉજિકલ સેમિનરી' દ્વારા, ઈ. ૧૯૫૫માં હિબ્રૂ યુનિવર્સિટી દ્વારા, ઈ. ૧૯૬૦માં 'બ્રાન્દીસ' (Brandeis) યુનિવર્સિટી દ્વારા અને ઈ. ૧૯૬૨માં 'ટેક્નીઑન' (Technion) દ્વારા ડૉક્ટરની માનાર્હ ઉપાધિઓ એમને આપવામાં આવેલી.

આધુનિક ઈઝરાએલના આવા એક મહાન શિલ્પીમાં ન્યાય અને સત્યપ્રિયતાની બાબતમાં મહાત્મા ગાંધીનું, વ્યવહારુતા અને ચાણક્યબુદ્ધિમાં સરદાર વલ્લભભાઈ પટેલનું તથા સ્વપ્નસેવીપણા અને ઊર્મિલતામાં પંડિત જવાહરલાલ નેહરુનું વ્યક્તિત્વ નિહાળી શકાય છે. તરુણ વયથી તે ૮૭ વર્ષની જૈફ ઉંમરે એમણે છેલ્લો શ્વાસ લીધો ત્યાં સુધીની એમની જીવનલીલા એટલે ઈઝરાએલની આઝાદી અને આબાદીનો અવિરત જંગ! માર્ગમાં આવતી કપરામાં કપરી મુશ્કેલીનો સામનો કરીને પણ આદર્શોને સિદ્ધ કરવાની એમની નેમ અને હામ કોઈ પણ જીવનયોદ્ધાને માટે દૃષ્ટાંતરૂપ છે. એમનામાં એક મહાન વિચારક, ચાણક્યબુદ્ધિ રાજપુરુષ, સમૃદ્ધ લેખક, વાસ્તવવાદી સ્વપ્નશિલ્પી અને ધીટ યુદ્ધધુરંધરનું સંમિશ્રણ હતું. યહૂદી પ્રજાની સ્થિરતા અને સમૃદ્ધિના એમના પ્રચંડ પુરુષાર્થમાં કેવળ એમની કોમપરસ્તી નહિ પરંતુ માનવહક અને માનવપ્રેમની પ્રબળ મનોદશાનાં દર્શન થાય છે. ઈઝરાએલના પવિત્ર પહાડ ઝિયૉનને ઉદ્દેશીને એમણે કહેલું: 'Zion!—You shall once again be beautiful and shall blossom; you shall again see your children free men...' (ઝિયૉન!—તું ફરી એક વાર સુંદર અને પુષ્પિત બનશે; તારાં સંતાનોને તું ફરી વાર મુક્ત માનવો તરીકે જોઈશ.) પરદેશી રાજ્ય સત્તા સામે તેમજ સ્વતંત્ર ઈઝરાએલના સહકાર્યકરો સામે ઝઝૂમીને એમણે પોતાનું આ સ્વપ્ન સિદ્ધ કરી બતાવ્યું. અંતકાળ સુધી યહૂદી પ્રજા અને ઈઝરાએલની સર્વક્ષેત્રીય સમૃદ્ધિ માટે ચિંતિત રહેલા આ લોખંડી લડવૈયાએ પોતાના મૃત્યુથી જાણે માભોમને ચરણે કર્મશીલ જીવનનો અર્ઘ્ય ધર્યો છે! ઈઝરાએલના તો શું પરંતુ જગતના ઇતિહાસમાં માતૃભૂમિની મુક્તિ કાજે ઝઝૂમનાર ઝિંદાદિલ નરપુંગવોની પંક્તિમાં એમનું નામ અવિસ્મરણીય રહેશે. □

શ્યામજી કૃષ્ણવર્માના સ્મારક માટે રૂ. એક લાખનો ફાળો

ગુજરાતના ક્રાંતિકાર શ્યામજી કૃષ્ણવર્માની પુણ્યતિથિએ અમદાવાદમાં મળેલી બેઠકમાં 'શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક સમિતિ'ની રચના કરવામાં આવી છે. તેઓ જ્યાં રહેતા હતા એ મકાનને રાષ્ટ્રીય સ્મારક બનાવવાના સંદર્ભમાં સમિતિ એક લાખ રૂપિયા એકત્રિત કરશે અને કચ્છમાં વિવિધ સ્થાનોએ મુલાકાતો—બેઠકો યોજશે. નિધિ અને સૂચનો માટે શ્રી વિષ્ણુ પંડ્યા ('સાધના', રેડક્રોસ માર્ગ, અમદાવાદ-૧)નો સંપર્ક સાધવો.

કનુ દેસાઈ વિષે વિગતે

રવિશંકર રાવળનું આત્મકથાનક અને ગુજરાત કલાસંઘની કથા (૫)

ગુજરાતમાં કલાનાં પગરણ

પચાસ કે પોણોસો વર્ષ પરની આ વાતો કરતાં સ્મૃતિદોષ થવાનો પૂરો સંભવ છે, જોકે હું મળી શકતાં સાધનો ને સાક્ષીઓનો આધાર લઈ મારી વાતને ઐતિહાસિક દસ્તાવેજ રૂપ બનાવવા ઉત્સુક છું, તેથી પુનરુક્તિનો દોષ વહોરી લઈને પણ, મારી પછી ગુજરાતમાં કળાના વિવિધ પ્રયોગ કરી બતાવનાર તરીકે કનુ દેસાઈએ મારી સાધનાનો દોર આગળ લીધો તેની હકીકત તેણે આપેલા વૃત્તાંત તથા પત્રોમાંથી જ ફરી આપું છું.

એ વખતના એક પત્રમાં કનુ દેસાઈ લખે છે: 'અમે ત્રણ ભાંડુઓ. એક બહેન અને હું તથા મારો નાનો ભાઈ. મારાં માતુશ્રી ગુજરી ગયાં. પિતા ભરૂચમાં સ્મૉલ કૉઝ કોર્ટમાં હેડ-કલાર્ક હતા. આવક સાધારણ હતી. પહેલાં એમની પાસે બાગબગીચા હતા પણ ધંધામાં એ બધું ગુમાવ્યું. નોકરી અંગે ગામેગામ ફરવું પડતું હતું. માના અવસાન વખતે અમે ભાંડુઓ ૧૦-૭-૫ વર્ષનાં અનુક્રમે હોઈશું. મુશ્કેલી જણાતાં અમદાવાદ મારા નાનાજી (માતાના પિતાજી)ના પરિવારમાં જઈ રહ્યાં. ત્યાં ત્રણ મામા હતા, પણ તેઓ હજુ કૉમર્સનું ભણતા હતા. મોસાળના આશ્રયે પ્રોપ્રાએટરી હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધી પહોંચ્યા.

નાનપણથી જ મને ચિત્રકળાનો શોખ. ચિત્રોની પોથીઓ હોંશે હોંશે જોતો. મોટા શહેરમાં 'પેઈન્ટર'નાં પાટિયાં મારનારા ઘણા. જોકે તે તો સાઈન-બોર્ડ પેઈન્ટરો જ પણ તેમાંથી હું અક્ષરોના મરોડ અને રંગોની સજાવટ જોયા કરતો.

મારી માના મોટા મામા ઠાકોરલાલ ઠાકોર 'પ્રજાબંધુ પ્રેસ' ચલાવતા. દસ-બાર દિવસે હું ત્યાં જઈ તેમને ત્યાં આવતી કાગળની ગાંસડીઓનાં પૅકિંગના કાગળો લઈ આવતો. ચિત્રો માટે મને તે કામ લાગતા. જે કોઈ પેન્સિલ કે રંગ હાથ લાગે તેનાથી તે પર હું ચિત્રો કર્યા કરતો.

ઈ. સ. ૧૯૨૦ના ડિસેમ્બરમાં અમદાવાદમાં એક ખાસ કૉંગ્રેસ મળી હતી, જેમાં ગાંધીજીએ પૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ પાસ કરાવ્યો. એના પ્રદર્શનમાં ડૉ. હરિપ્રસાદે રવિભાઈ રાવળની દેખરેખ અને માર્ગદર્શન પ્રમાણે કલ્યાણજીભાઈ શુક્લ પાસે મોટાં છ મુરલ ચિત્રો કરાવ્યાં હતાં.

કૉંગ્રેસના એ ઉત્સાહભર્યા વાતાવરણમાં એ ચિત્રો જોવાની બહુ મજા માણી હતી. ત્યાં દરેક ઠેકાણે ફરવાની પરવાનગી મેળવીને જ જવાતું, પણ હું તો મિત્રો સાથે વૉલંટિયરોમાં જોડાયો હતો એટલે બધે ફરી શકતો. (પાછળથી જ ખબર પડી કે એ ચિત્રો કોનાં હતાં.)


એ જ વખતમાં હઠીભાઈની વાડીમાં એક મોટું ચિત્ર-પ્રદર્શન કવિશ્રી નાનાલાલે ભર્યું હતું. ત્યારે મને ચિત્રકારોનાં નામની પણ સૂઝ નહોતી. પણ જગતમાં અનેક જાતનું ચિત્રકામ થઈ રહ્યું છે એટલું સમજ્યો, તેથી ચિત્રકલામાં વધુ રસ પડવા લાગ્યો. તેમાં સૂઝ અને આવડત મેળવવી અને ખૂબ ધ્યાનથી શીખવું એવી તમન્ના મનમાં જાગ્રત થઈ.

ઈ. ૧૯૨૦-૨૧માં અસહકાર યુગ શરૂ થયો અને પરિણામે ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઈ. હું ભણતો તે પ્રોપ્રાએટરી હાઈસ્કૂલના સંચાલકો તરીકે જીવણલાલ દીવાન સાથે મારા મામાના મામા બલુભાઈ (બલવંતરાય ઠાકોર) હતા. તેમણે સૌ પ્રથમ હાઈસ્કૂલને સ્વતંત્ર કરી વિદ્યાપીઠ સાથે જોડાણ કર્યું, એટલે હું વિદ્યાપીઠમાં જોડાયો. ત્યાં શિક્ષણમાં પ્રથમ વાર ચિત્રકળા એક મુખ્ય વિષય તરીકે સ્થાન પામી હતી. મને તો ભાવતું મળી ગયું. મેં ઈતર વિષયતરીકે ચિત્રવર્ગમાં જવા માંડયું. શહેરના ફોટોચિત્રકાર દત્તાત્રેય માહુલીકર તે વર્ગ ચલાવતા.

ઈ. ૧૯૨૨ના જૂનમાં રજામાં વાંચવાનું ગમતું નહિ. સિનેમાનાં છાપાં લાવી તેમાંથી ચિત્રો ઉતારવા પ્રયત્ન કરતો. દરમિયાન સારંગપુર વ્યાયામશાળામાં કસરત કરવા રોજ સાંજે જતો ત્યાં ખાડિયા, સારંગપુર, રાયપુર લત્તાના ઘણા મિત્રો મળતા. કૃષ્ણલાલ ભટ્ટ, બળવંત ભટ્ટ, અમારી ન્યાતના નરેન દેસાઈ, રમણ ઠાકોર વગેરે બીજા ઘણા. ત્યાં એક વખત સાંભળ્યું કે રવિશંકર રાવળ એક મહાન ચિત્રકાર છે અને તે બાઉઆ પોળમાં પોતાને ઘેર અમુક અમુક વિદ્યાર્થીઓને ચિત્રકામ શીખવાડે છે. મને પણ મન થયું. અને એક દિવસ—મને બરાબર યાદ છે, જૂનની ૯મી તારીખે—બાઉઆની પોળમાં ઊંડે ખૂણે તે રહેતા હતા ત્યાં થોડાં ચિતરામણો સુશોભિત બનાવી, તેમનો ખડખડપાંચમ દાદર ચડી ત્યાં પહોંચી ગયો. કૃષ્ણલાલ, બળવંત વગેરે વિદ્યાર્થીઓ વચ્ચે તે એક આરામખુરશી પર બેઠા બેઠા તેમનું ચિત્રકામ તપાસતા તપાસતા બધા જોડે સ્મિત સાથે વાતો કરી રહ્યા હતા.

મારાં ચિત્રો જોઈ એમણે મારી મહેનત માટે સારો અભિપ્રાય વ્યક્ત કર્યો. મારી ચિત્ર માટેની તમન્ના અને ચિત્રકાર થવાની ઉત્કંઠા તેમની આગળ તો કેમ વ્યક્ત કરાય? પણ તેમના ઉત્તેજન આપતા શબ્દો સાંભળી મારો ઉમંગ વધી ગયો. એમને ત્યાં જવાની પરવાનગી મળી. પછી તો મારા કામકાજથી એમનો મારા પર અપાર પ્રેમ થતો ગયો.


મારા મામા આવા ચિત્રકામમાં મારા પડવા માટે ખૂબ જ વિરુદ્ધ હતા તેનું કારણ તો એટલું જ હતું કે ત્યારે ભણીને ડિગ્રી મેળવનારને તરત નોકરી મળતી. અને એ જ માર્ગે સંસારમાં સારી



આચાર્ય ક્ષિતિમોહન સેન] કનુ દેસાઈએ ઈ. ૧૯૨૬માં કરેલા સ્કેચ [બચુભાઈ રાવત

રીતે સુખી થવાય એવી તેમની માન્યતા હતી. એટલે રવિભાઈને ત્યાં ચિત્રકામ શરૂ કર્યું પણ ઘરમાં તેની વાત જરા ય કરી નહોતી. કદાચ કોઇક ભાંજગડ ઊભી થાય. ઘેર કામકાજ પતાવી છાનોમાનો જ તેમની પાસે પહોંચી જતો. તેમનાં બારણાં મારે માટે હમેશાં ખુલ્લાં જ હતાં. નકલો કેવી ચોકસાઇથી કરવી, તેમ જ ચારકોલ, પેન્સિલ, રંગકામ વગેરે કેમ કરવાં તેના પ્રયોગો તે કરી બતાવતા. પછી વિદ્યાપીઠમાં ચિત્રવર્ગો શરૂ થતાં ત્યાં પણ હું રવિભાઈની રીતે જ અવલોકન કરી સાથી વિદ્યાર્થીઓના, પ્રોફેસરોના કે મુલાકાતી મહેમાનોના ચહેરા પરથી તેમના સ્કેચ—આલેખનો—કરતો, અને રવિભાઈને તે બતાવતો ત્યારે તે ખૂબ જ ખુશી થતા. (કનુ દેસાઈએ આ સમયે સંખ્યાબંધ હયાત પાત્રોનાં ચિત્રો પ્રત્યક્ષ જોઈને કર્યાં હતાં અને પરિણામે તેનામાં મુખભાવો અને મુદ્રાઓ ઉતારવાની શક્તિ આપોઆપ જાગી.)

વિદ્યાપીઠમાં સવારના વર્ગો હોવાથી બપોરનો ઘણો વખત રવિભાઈને ત્યાં શીખવા મળતો હતો. તે વખતે રવિભાઈ 'ગુજરાત' તેમ જ બીજાં માસિકો અને પુસ્તકો માટે ચિત્રો કરતા તે જોવા મળતાં. જુદાં જુદાં ચિત્રસંયોજનો, આકૃતિઓ તથા ઘણીઘણી ક્રિયાઓ જોવા–શીખવા મળતી. તેમજ પૂરાં થતાં ચિત્રો આબેહૂબ રંગોમાં અને ઑઇલ પેઈન્ટ તસવીરો પૂરા માનવ–માપની જોવા મળતી.





વિજયરાય ક. વૈદ્ય અને ચિત્રકાર રવિશંકર પંડિત · કનુ દેસાઈએ ઈ. ૧૯૨૬માં કરેલા સ્કેચ

ખાડિયા પોળના એ મેડા ઉપર મારી કામની ધગશને ખૂબ પોષણ મળ્યું. તેઓ બહુ મોટાં કૅનવાસ ચિત્રો ત્રીજા માળ પર એકલા કરતા, પણ ત્રણ વાગ્યે નીચે આવતા ત્યારે સૌ ઘરનાં માણસો જોડે ચામાં મને સાથે લેતા. રવિભાઈને તેમનાં પત્ની રમાબહેન તથા રવિભાઈનાં માતુશ્રી મારા પર ખૂબ પ્રેમ રાખતાં. તેથી એમનાં સૌથી નાના પુત્રનું નામ પાડવાનું આવ્યું ત્યારે માતુશ્રીએ મારા નામ પરથી તેનું નામ કનુ પાડયું. પણ ઘરમાં બે કનુનો ભેદ પાડવા તેને અમે કની કહીને બોલાવતા. હું તેને એ વખતે ડૉ. કની કહેતો હતો, જે નામ તેણે અમેરિકામાં અભ્યાસ કરી પીએચ. ડી. મેળવી સાર્થ કર્યું અને આજે ડૉ. કનક કહેવાય છે.

આવા સુંદર વાતાવરણમાં મને તો જીવનનાં સ્વપ્નાં આવતાં; પણ મામાને એ બધું પસંદ ન હતું એથી ઘણી વાર તેમનાં કડવાં વેણ સાંભળવાં પડતાં. એ ઝાંસાં સહન કરતાં 'ચિત્રકાર કેમ થવાશે' એવા વિચારે ઊંઘ ન આવે ને મન ચકડોળે ચડે.

આ દિવસોમાં મારો એક બીજો શોખ—સિનેમા વિષે—કેળવાતો ગયો. અમદાવાદમાં દર અઠવાડિયે વિક્ટર સિનેમામાં મૂંગી ફિલ્મોની સીરિયલો ચાલતી. તેનાં મોટાં મોટાં પોસ્ટરો ભીંતો પર લગાડાતાં. હું અને મારા મિત્રો તે જોતા ઊભા જ રહેતા. તેમાં ફિલ્મ–પાત્રોના ચહેરા આબેહૂબ દેખાતા. ફિલ્મ જોવાના પાસે પૈસા નહિ, એટલે સિનેમાઘરના માલિક જોડે અને ફિલ્મની ઉપર છટાદાર સંવાદો કે ભાષણ કરનાર ધૂળાભાઈ જોડે દોસ્તી બાંધી. તેથી ફિલ્મ લોકો આગળ મુકાય તે પહેલાં રવિવારે સવારે ધૂળાભાઈ માટે ટ્રાયલ–શો (પ્રાથમિક દર્શન) થતો, તેમાં અંગ્રેજી લખાણ દેખાય તે હું ધૂળાભાઈને સમજાવું એટલે તે ઉપર તે પ્રસંગ પ્રમાણે સંવાદ યોજે કે વાર્તા લોકોને હિન્દુસ્તાની ભાષામાં સમજાવે–'દબસ, અભી અંજામ દૂર નહિ; યે બહાદર જાન પર આ ગયો' વગેરે. તે ઉપરાંત ફિલ્મની ચિત્ર–ચોપડીઓ, ચોપાનિયાં વગેરે જોવા મળતાં તે હું ઘેર મારી પથારી નીચે છુપાવી રાખતો. ઘણી વખત દિવસે ચિત્રો કરવાનો વખત ન મળે ત્યારે ઘરમાં બધાં સૂઈ ગયાં હોય ત્યારે લગભગ બારથી બે વાગ્યા સુધી બંદા ફાનસ આગળ બેસીને ચિત્રો કરતા. કોઈ વખત નાનાજી જાગી જાય તો એકદમ બધું ગોદડામાં સંતાડી દેતો અને કહેતો: 'માકણ બહુ હોવાથી વીણું છું.' તે વખતે બહાર એક પવાલું પડયું રહેતું તે માકણ નાખવા માટે હશે એમ એ માની લેતા.

આમ ઘણા દિવસો અને રાત્રિઓ સુધી સિનેમાનાં પોસ્ટરો પરથી ઍક્ટરોની તસવીરોની નકલો કરી હશે. બીજી તરફ રવિભાઈની સૂચના પ્રમાણે કામ પણ કરતો હતો. એમને ત્યાં પ્રખ્યાત મોટા માણસોનો ડાયરો જામતો. તેમની વાતો બાજુ પર બેસી હું મૂંગોમૂંગો સાંભળતો. એકવાર ચીતરતો હું બેઠો હતો ત્યાં સફેદ કાઠિયાવાડી ફેંટો, સફેદ ખેસ, ભૂખરો કોટ અને તીક્ષ્ણ આંખવાળા, પોપટિયા નાકવાળા માનવી આવીને મારી પાસે બેઠા. 'કાં રવિભાઈ નથી?' 'તેઓ બહાર ગયા છે. બેસો, હમણાં આવશે.' કહેજો કે 'જોશી આવ્યા હતા.' વળી દાદર ઊતરતાં હસીને કહ્યું: 'કહેજો ધૂમકેતુ આવ્યા હતા.' હું તો આભો બની ગયો. આ જ પેલા લેખક 'ધૂમકેતુ!' બીજે દિવસે પાછા મળવા આવ્યા ત્યારે રવિભાઈએ તેમને મારો પરિચય કરાવ્યો. એ પછી અમે ગાઢ મિત્રો થઈ ગયા હતા. ધૂમકેતુ ઉપરાંત દેશળજી પરમાર, રવિશંકર પંડિત, બચુભાઈ રાવત, કલ્યાણજીભાઈ શુક્લ અને બીજા ઘણા લેખકો–ચિત્રકારોની સોબતમાં મને ત્યારે બહુ મજા આવતી. એમાં બચુભાઈ રાવત તો રોજના મુલાકાતી હોઈ વિશેષ પરિચય થયો.

પછી વખત જતાં ઘેર ભંડો ફૂટી ગયો અને મારી આવડત જોઈ

મામાએ પણ ચિત્રકામ હું શીખું તે માટે વાંધો છોડી દીધો અને વિદ્યાપીઠમાં બીજા વિષય તરીકે ચિત્રકામ લઈ હું પાસ થયો તેથી પ્રસન્ન થયા. એ (ઈ. ૧૯૨૨–૨૩–૨૪) અસહકારનો યુગ હોવાથી વિદ્યાપીઠની નજીકમાં જ ગાંધીજીના આશ્રમમાં દેશના બધા ભાગોમાંથી નેતાઓ ત્યાં વારંવાર આવતા. નદીની રેતમાં વિશાળ લોકમેદની મળતી, ત્યાં ભાષણો થતાં, સરઘસો નીકળતાં. દારૂબંધી, પરદેશી કાપડની હોળી, સરકારી નોકરીઓ ને શાળાઓનો બહિષ્કાર વગેરે ચાલતાં. 'દેશદાઝ'ની જાગૃતિ વિદ્યાર્થીઆલમમાં પણ ફેલાઈ ગઈ હતી.

ગાંધીઆશ્રમમાં આવતા દેશનેતાઓ કે મહાન મુલાકાતીઓ વિદ્યાપીઠમાં પણ આવતા જ, એટલે તેમનાં ત્વરિત રેખાચિત્રો કરવાની તક મળતી ને તે પર તેમના હસ્તાક્ષર મળતા. નદીની રેતમાં મળતી સભાઓમાં પણ તેમના સ્કેચ કરવાને બહાને આગળની હારમાં પહોંચી જતો. વિદ્યાપીઠના આચાર્ય ગિદવાણી. પ્રો. કૃપાલાની અને પ્રો. મલકાની સંસ્કારી વિદ્વાનો હતા. તેઓ મને પટ્ટશિષ્ય માફક ચાહતા. વિદ્યાપીઠના ઉત્સવોમાં હું આગળપડતો ભાગ લેતો તેથી ઘણા મારા પર પ્રેમ કરતા.

રવિભાઈ ત્યારે 'કુમાર' માસિક માટે તૈયારી કરતા હતા. એના કવર ડિઝાઇનનો કાચો સ્કેચ મને બતાવ્યો હતો. શરૂઆતમાં બાઉઆની પોળના એક ખૂણામાં ભંગાર લાગતા ઘરમાં બ્લૉક બનાવવાનું પ્રોસેસ ખાતું શરૂ કર્યું હતું. ત્યાં છાપવા માટેનાં ચિત્રો ને તેનાં બીબાં (બ્લૉક) કેમ થાય છે તે ત્યાં જાણી શક્યો. તે ઉપરાંત ત્યાં રવિભાઈના બાળક ભત્રીજા જનુભાઈ અને બાઉઆની પોળના એમના પડોશી રમણિકલાલ તોલાટનો પરિચય થયો.

એક દિવસ પ્રો. કૃપાલાનીએ મને ઑફિસમાં બોલાવી સીધું કહ્યું : 'તું સ્નાતક થવા માગે છે તે કરતાં શાંતિનિકેતન જઈ નંદલાલ બોઝ ત્યાંનું કલાભવન ચલાવે છે એમની પાસે શીખવા જા.' હું તો એ સાંભળીને વિચાર કરતો ઊભો જ રહ્યો કે ત્યાં જવું કેમ? મારી પાસે પૈસા ક્યાં છે? મને વિમાસણમાં જોઈ તે બોલ્યા: 'એ માટે ગુજરાત વિદ્યાપીઠ તરફથી તને સ્કૉલરશિપ મળશે.' એ સાંજે વિદ્યાપીઠથી ઘેર આવતાં સાઈકલનાં પૈડાં સાથે મારા વિચારો અને તુક્કાઓ ઘુમાવતો હું ઘેર પહોંચ્યો.

રવિભાઈને ત્યાં જઈ વાત કરી. મારી વાતથી તેમનો ચહેરો સ્મિત કરતો ખીલી ઊઠ્યો. બધું નક્કી થાય ત્યારે વાત જાહેર કરવી એમ ઠરાવેલું, અમદાવાદની નાની પોળને ખૂણેથી વિશ્વવિખ્યાત કવિ ટાગોરના આશ્રમમાં જવાનું આવ્યું તેથી ચેતનાની સ્ફૂર્તિ આવી અને આશાની પાંખો ફફડવા માંડી. રવિભાઈની ખુશાલીનો તો પાર નહોતો. તેમનો પ્રિય શિષ્ય એક મહાન યોદ્ધાની જેમ રણમાં જઈ રહ્યો હતો. તેની પાર્ટી યોજી મહેમાનો અને છબીકારોને પણ બોલાવ્યા. મારે ઘેર પણ સૌને શાન્તિ થઈ કે કનુના દિવસો પલટાયા.

તા. બીજી જુલાઈ ૧૯૨૫ના દિને થોડાં કપડાંની એક નાની પેટી ને રસ્તા માટે થોડું ભાતું લઈ અમદાવાદ સ્ટેશને હાજર થયો. રવિભાઈએ પીઠ થાબડી આશીર્વાદ આપ્યા. અમદાવાદ છોડતાં બચુભાઈ રાવતે દોડતાં આંસુ પાડતાં ચાલતી ગાડીએ વાંસો થાબડ્યો. રાત પડતાં ગાડીના ડબ્બામાં શાન્તિમાં સૌ સૂઈ ગયાં ત્યારે પણ હું બારી આગળ ડબ્બાની બહારના અંધારામાં પ્રકાશના કિરણ માટે દૂરદૂર જોતો બેસી રહ્યો હતો.'

આમ કનુ દેસાઈ અમદાવાદના સાથી સંબંધી મિત્રોને છોડી ચિત્રવિદ્યાનો ઉત્કર્ષ સાધવા શાંતિનિકેતન ગયા. ત્યાંની સાધના એમણે કેવી રીતે પૂરી કરી તેની સાક્ષી રૂપ વિગતો તે સમયના પત્રોમાંથી હવે પછી કહીશ. તે દરમિયાન અમદાવાદમાં અને ગુજરાતમાં જે જે બની ગયું તેની તવારીખ પણ નોંધવી જોઈએ. (ચાલુ)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર

શ્વેત પ્રદર

શ્વેતપ્રદર એ સ્ત્રીઓમાં એક અતિ સામાન્ય વ્યાધિ છે. લોકભાષામાં એને 'શરીર ધોવાવું', 'પાણી પડવું' કે 'ધાત જવી' કહે છે; સાંપ્રત વિજ્ઞાનમાં Lucorea. લજ્જાથી સ્ત્રી આ વ્યાધિને છુપાવે છે. પણ આ વ્યાધિ ઘાતક, મારક કે પીડાકારક ન હોવા છતાં તેની સમયસર ચિકિત્સા ન થાય તો શરીર ધોવાઈને કૃશ જીવનમાં હતાશા વર્તાય છે.

હમેશાં તીખું, ખારું, ખાટું ને ચટાકેદાર બજારુ ખોરાક ખાનારી; વધુ પડતી કામાતુર, કેટલીક વાર જાતિય કુટેવોનો ભોગ બનેલી અપરિણીત યુવતીઓમાં તથા પરણેલી સ્ત્રીઓમાં અતિ મૈથુન, વારંવાર પ્રસૂતિ કે કસુવાવડ થવાથી, સગર્ભાવસ્થામાં કેટલીક બેદરકારી રાખવાથી, શરીરની સ્વાભાવિક હાજતો રોકવાથી, જનનેંદ્રિયની અસ્વચ્છતા રાખવાથી કે વધુ પડતી સફાઈ કરવાથી; બેઠાડુ જીવન જીવવાથી, દિવસે સૂઇ રહેવાથી તથા ભારે, ચીકણા અને કફવર્ધક આહારનું વધુ સેવન કરવાથી પણ આ રોગ થતો જણાય છે.

લક્ષણો

આ વ્યાધિમાં યોનિમાર્ગથી ચોખાના ઓસામણ (તુષોદક) જેવો શ્વેત, શીત, પિચ્છિલ, સ્નિગ્ધ, ગુરુ, મંદ સ્રાવ રોગના બળ પ્રમાણે અધિક કે અલ્પ માત્રામાં સતત વહે છે. યોનિમાં ખજવાળ આવે છે, તે ચીકણી રહે છે, ઠંડી પડી જાય છે, વેદના થતી નથી, અથવા અતિ અલ્પ પ્રમાણમાં થાય છે. ઝીણો તાવ રહે, આળસ ચડે, કેડનો દુખાવો, પગમાં કળતર, થાક, કૃશતા, ભૂખ નાશ, મોળ, શિરદર્દ, હાડકાંની કળતર, ને અતિ તૃષા એ આ રોગનાં સાર્વદૈહિક લક્ષણો છે. રોગ લાંબો સમય ચાલે તો શ્વાસ, ઉધરસ, પાંડુ, છાતીમાં દુખાવો અને હૃદયના થડકારા વધવા જેવી સ્થિતિ સર્જાય છે.

ઉપચાર

૧. શરૂઆતમાં દીવેલ કે હરડેચૂર્ણનો હળવો જુલાબ લેવો. ૨. ફળઘૃત રામબાણ ઔષધ છે. (સારી ફાર્મસીનું ખરીદવું અથવા પાઠ પ્રમાણે ઘેર બનાવવું.) ૩. દારૂ હળદરના ઉકાળામાં શિલાજીત મેળવી દિવસમાં બે વાર પીવું. ૪. તાંદળજાનાં મૂળને વાટીને ચોખાના ધોવરામણ સાથે પીવું. ૫. અશોકારિષ્ટ, લોધ્રાસવ, પત્રાંગાસવ, ઉશિરાસવ વગેરે પી શકાય. ૬. ચંદ્રપ્રભાવટી, ચંદનાદિ વટી, જીવિતપ્રદાવટી લઈ શકાય. ૭. ધાવડીના ફૂલનો ઉકાળો ત્રણ દિવસ પાવો. ૮. હળદરનું ચૂર્ણ આમળાના રસમાં આપવું. ૯. ઊંદરની લીંડી પાવલીભાર દિવસમાં ત્રણ વાર લેવાથી અચૂક લાભ થાય છે. ૧૦. શતાવરી તથા અશ્વગંધાનું ચૂર્ણ લઈ તેનો ક્ષીરપાક બનાવી પીવો. ૧૧. કટી સ્નાન ઉત્તમ છે. ૧૨. ત્રિફલા–લોધ્ર–ફટકડીના ચૂર્ણની સ્વચ્છ લૂગડામાં બનાવેલી પોટલી રાત દરમિયાન યોનિમાં મૂકવાથી પણ લાભ થાય છે. ૧૩. ત્રિફલા ક્વાથ, છાસ અને સરકાની ઉત્તર બસ્તિ (ડૂશ) લેવી. ૧૪. ચોખાનું ધોવરામણ (ઓસામણ નહિ) આ રોગમાં લાભપ્રદ છે. હાથછડના ચોખા હોય તો ઉત્તમ. ચોખામાં પાણી નાખી ખૂબ ચોળીને ધોવા અને તે પાણી પી જવું. ૧૫. ઉપર બતાવેલાં રોગપ્રદ કારણો ઓછાં કરવાં.


નવીનભાઈ ઓઝા

કલાવાર્તા

કાગળના માવાની ચીજો

કાશ્મીરનાં અનેકવિધ આકારનાં ને સુંદર રંગભાતવાળાં પાઉડર બૉક્સ, ટાઈબૉક્સ, ફૂલદાન, પેન-ટ્રે વગેરે જેવી કાગળના માવાની બનાવેલી રૂપકડી ચીજો તો સૌએ જોઈ હશે. 'પેપર માશે'ની ચીજો તરીકે એ ઓળખાય છે. કાગળના માવાના બનાવેલા ટોપલા યે આપણા ગ્રામપ્રદેશમાં પરિચિત છે. નકામા કાગળોનો આ એક સુંદર સર્જનાત્મક ઉપયોગ છે. આમ તો આ પ્રકારનું કામ બધે જ થાય છે, પણ એમાં કાશ્મીરનું કલાકૌશલ દૂર દેશાવરો સુધી વિખ્યાત છે. કાશ્મીરની વનશ્રીનું સૌન્દર્ય જેમ ત્યાંના શાલ-નમદા પર તેમ આ 'પેપર માશે'-ની ચીજોમાં પણ પ્રતિબિંબિત થતું જોવા મળે છે. કાશ્મીરમાં એનો એટલો સુંદર વિકાસ કઈ રીતે થયો એ નિશ્ચિત નથી, પણ મનાય છે કે કલા-કારીગરીના શોખીન રાજા જૈનુલ આબદીને પાંચેક સદી પહેલાં આ કળાને કાશ્મીરમાં આણી અને ઉત્તેજી હતી. દેખાવે રૂપસુંદર અને વજનમાં તદ્દન હળવી આ ચીજો કિંમતમાં પણ બહુ મોંઘી ન હોઈ દેશવિદેશના પ્રવાસીઓમાં એની ઘણી સારી ખપત છે અને ત્યાં એના વેચાણમાંથી ઘણી મોટી આવક થાય છે. બીજી બાજુ લગભગ બિનખર્ચાળ એવો આ કસબ હોઈ ભારતના અન્ય વિસ્તારના ગ્રામપ્રદેશોમાં લોકો રોજિંદા વપરાશની ઉપયોગી ચીજો બનાવવામાં એનો વિનિયોગ કરે છે. રાજસ્થાનમાં એનાં રમકડાં પણ બને છે.

પરંતુ હવે એક કલાવ્યાસંગ તરીકે પણ આ 'પેપર માશે'નો ઉપયોગ વધતો જાય છે. વિવિધ પૌરાણિક પાત્રોના મુખવટા (મ્હોરાં–માસ્ક) અને અવનવાં શોભન માટે આ એક સરસ માધ્યમ છે. આજે ઠેરઠેર પસરી ગએલી પ્લાસ્ટિકની બરડ ને વાગી બેસે એવી ચીજોના બદલે 'પેપર માશે' નો વપરાશ ઉત્તેજવા જેવો છે. બાળકો પણ સરળતાથી અપનાવી શકે



કાગળના માવાના બનાવેલા મુખવટા

એવો સરળ આ કસબ હોઈ શાળામાં ને ઘરમાં એ પ્રસારવા યોગ્ય વ્યાસંગ છે.

છાપાં ને નકામા કાગળના નાનાનાના ટુકડા કરી પાણીમાં પલાળવા. (રંગીન કાગળ કે પૂઠાંનો ઉપયોગ ન કરવો.) પાંચ-છ દિવસ પલળીને તદ્દન લોચા જેવા થઈ જાય એટલે એમાં ગુંદર ભેળવી ખૂબ પીસીને એનો માવો બનાવવો. આ માટે નિશાતરાથી માંડીને પીસવા માટેનાં ઘરવપરાશનાં આધુનિક સાધનોનો ઉપયોગ થઈ શકે. ગામડાંમાં તો એમાં ગુંદરને બદલે આમલીના કચૂકાનો લોટ અને મેથી ભેળવાય છે. પલળેલો કાગળ જેમ વધુ પીસાય તેમ માવો વધુ મુલાયમ બને અને એમાંથી વધુ સારી ચીજો બને. આ માવામાંથી આવડે અને સૂઝે એ વસ્તુઓ બની શકે. ગામડાંમાં માટલાં કે કથરોટને ઊંધી પાડી તેના પર આ માવો થાપીને ટોપલા-ટોપલી બનાવે છે. આ જ રીતે વિવિધ આકાર ને ઊંડાણ માટે જુદીજુદી ચીજોનો આધાર લઈ શકાય. સાંધામાંથી ઉખડી ગએલી પ્લાસ્ટિકની ઢીંગલીઓને બીબાં તરીકે વાપરી, કાચ કે એવી લીસી સપાટી પર કાગળના માવાને દાબીને વણી લઈને બનાવેલા રોટલાને



The Paintings of Three Tagores

વિદેશી શાસનના પ્રભાવમાં ભારતીય સાંસ્કૃતિક ક્ષેત્રોમાં જે કેટલાક નવા ખયાલો પ્રસર્યા તેમાં કલાક્ષેત્રે પશ્ચિમી કલાની અસર પણ ઘણી હતી. શુદ્ધ ભારતીયતાથી અનભિજ્ઞ ભદ્ર સમાજમાં પણ ત્યારે પશ્ચિમની કલાશૈલી ત્યારે આદર્શ રૂપ લેખાતી અને રાજા રવિવર્માનાં ચિત્રો છેક જનસામાન્ય સુધી પહોંચી શકયાં હોવાથી ચિત્રનિરૂપણમાં એ આદર્શ મનાતાં હતાં. પણ એ નવી હવામાં આપણી કલા પ્રત્યે એક નવી સમજનો પણ અમુક વર્ગમાં પ્રસાર થયો. પશ્ચિમના સાંસ્કૃતિક વિકાસે ભારતીયતાના ગૌરવની પણ પુનઃપ્રતિષ્ઠા થવા લાગી. કલાક્ષેત્રે ટાગોર કુટુંબે એક નવી જ જાગૃતિ આણી. અવનીન્દ્રનાથ, ગગનેન્દ્રનાથ ને રવીન્દ્રનાથનાં ચિત્રાલેખનોએ ભારતીય કલામાં એક નવો જ વળાંક આણ્યો. નવસર્જનની એમની આ દેણગી પાછળ જે પરિબળોએ ભાગ ભજવ્યો તેની વિશદ ચર્ચા અને પૃથક્કરણ કરતું એક સંશોધનાત્મક અને અભ્યસનીય આ પુસ્તક વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ૰ની કલાશાખાના કલા-ઇતિહાસના વિભાગના વડા ડૉ. રતન પારિમૂએ લખ્યું છે. 'કુમાર'ના જ કદનાં, પરિશિષ્ટો સાથે ૧૮૨ પાનાંનું (અંગ્રેજી)લખાણ અને ૧૪૯ જેટલાં પાનાંમાં ૩૯૫ જેટલાં એકરંગી ચિત્રો સાથેનું આ પુસ્તક કલાના અભ્યાસીઓને અને ખાસ કરીને આ ત્રણ ટાગોર વ્યક્તિવિશેષની કલા સમજવા માટે ઉપયોગી બની રહેશે. કિં. રૂ. ૫૦. □




કાગળના માવાની બે પ્રતિમાઓ

ટિકિટ-સંગ્રહ



આ માસમાં વિવિધ ભારતીય મહોરાંની ભારતની આ ચાર ખાસ બહુરંગી ટિકિટો બહાર પડી છે. તેમાં ઉત્તર ભારતની 'રામલીલા'માં વપરાતાં કાગળના માવાનાં બનાવેલાં (અનુક્રમે) રાવણ, સૂર્ય અને ચંદ્રનાં તથા છેલ્લી ૧ રૂ. ની ટિકિટ પર દ. ભારતના 'ભાગવત મેલા' નાટ્યમાં વપરાતા કાષ્ઠના નૃસિંહના મહોરાંનું સુંદર આલેખન છે.



જમણી બાજુની બ્રિટનની આ ચાર ટિકિટો લંડનની વિખ્યાત આગ પછી એ અંગે થએલા ખાસ કાયદાની ૨૦૦મી જયંતી નિમિત્તે આ માસની ૧૪મી એ બહાર પડી છે, જેના પર કિંમત પ્રમાણે અનુક્રમે મોટરથી ચાલતો પ્રથમ બંબો, બીજી અને ત્રીજી પર ઘોડા જોડીને ખેંચી જવાતા વરાળથી ચાલતા પંપ અને ચોથી પર હાથથી ચાલતા પંપવાળા બંબાનાં ચિત્રો છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી--લંડન)





△ દક્ષિણ આફ્રિકન પ્રજાસત્તાકની આ ટિકિટ ત્યાંના તુલબાઘ વિસ્તારની એક ચર્ચ સ્ટ્રીટના પુનર્નિર્માણ નિમિત્તની છે. આવી બે ટિકિટો બહાર પડી છે જેના પર એ નવનિર્મિત ચર્ચ સ્ટ્રીટનું આલેખન છે. (પ્રેષક: જગદીશ બિનિવાલે–અમદાવાદ)

તેમાં દાબવાથી પેપર મારોની ઢીંગલીઓ બની શકે. બીબાંમાં ચોંટી ન જાય એ માટે રાંખજીરાનો ભૂકો વાપરી શકાય. માવાના રોટલાને દાબી ઉપસાવીને મહોરાં અને અન્ય અનેક શોભનની ચીજો પણ બની શકે. જરા કુશળતા વાપરીને તાસક, લૅમ્પ શેઈડ, ફૂલદાન, દાબડા વગેરે પણ બનાવાય. થોડી કલ્પના અને હાથનાં આંગળાંની ફાવટ કેળવતાં આ રીતે અનેકવિધ કલામય સર્જનો કરી શકાય. પ્રાચીન કે આધુનિક સુંદર પ્રતિમાઓ પરથી બીબાં બનાવી લીધાં હોય તો એની પણ બિનખર્ચાળ ને વજનમાં તદ્દન હળવી અનેક સુંદર પ્રતિકૃતિઓ બની શકે. શાળામાં વિજ્ઞાનના વર્ગ માટે શરીરના આંતરબાહ્ય અંગઉપાંગોના આવા નમૂના પણ ઘણાએ જોયા હશે.

આવી ચીજોની અંદરની બાજુએ પાતળા કાપડના ટુકડા ને તેની ઉપર કાગળના ટુકડા ચોડી છેવટના આંતરિક આવરણ તરીકે ક્રાફ્ટ પેપર જેવો ચીકણો મજબૂત કાગળ ચોડી દેવાથી એની મજબૂતી વધે છે. પરંતુ એ સિવાય પણ આવી ચીજો જો માવો સારી પેઠે પીસાયો હોય તો જલદી તૂટતી નથી. આકાર ઘડાઈ રહ્યા પછી, જો બીબામાં હોય તો એમાં જ રહેવા દઈને અથવા એમ ને એમ બનાવેલી ચીજોને છાંયે સૂકવી દેવી. બેપાંચ દિવસે સુકાઈ જતાં એ આપમેળે છૂટી પડી જશે. આ પછી કાંઈ ઊણપ હોય કે બીબાંમાંથી નીકળેલાં બે પડ સાંધવાની જરૂર પડે તો એ માટે પણ આ માવો જ કામ લાગે છે.

સુકાયા પછી તેના પર સફેદી માટે ચાક અને ગુંદરનું મિશ્રણ લગાડી દેવાથી રહી ગએલી ઝીણી તિરાડો પુરાઈ જશે અને રંગકામ માટે એક યોગ્ય ભૂમિકા મળશે. આ રીતે તૈયાર થએલી વસ્તુઓ પર પછી મનપસંદ રંગીન ચિતરામણ કરીને તે સુકાઈ ગયા બાદ વાર્નિશનો હાથ મારી દેવાથી સુંદર ઓપ મળવા સાથે ભીનાશ સામે એને રક્ષણ પણ મળશે.

તદ્દન સરળ ને બિલકુલ બિનખર્ચાળ હોઈ આ એક અજમાવવા જેવું માધ્યમ છે. ઘરમાં ને શાળામાં એ વિકસાવવા જેવો અને ઉપયોગી કલાવ્યાસંગ બની રહેશે.

કનુ નાયક

આગામી ફોટોગ્રાફી હરીફાઈ (ચિત્રવિષય: વસંત ઋતુ)ની ચિત્રો મોકલવાની છેલ્લી તારીખ લંબાવીને ૩૦મી એપ્રિલ '૭૪ રાખવામાં આવી છે.



ભારતના ૩૦૦૦ વર્ષના ઇતિહાસ પર વધુ પ્રકાશ પાડતું મથુરા પાસે થએલું

સોંખનું ઉત્ખનન

છેલ્લાં કેટલાંક વર્ષથી 'બર્લિન મ્યૂઝિયમ ઑવ ઇંડિયન આર્ટ'ના નિયામક ડૉ. હાએર્ટલના નેતૃત્વમાં મથુરા નજીક સોંખનું ઉત્ખનન કાર્ય ચાલી રહ્યું હતું. જર્મન રીસર્ચ કાઉન્સિલ અને પર્શિયન કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પુરાતત્ત્વસંશોધનમાં ઉત્તર પ્રદેશ રાજ્યના સાંસ્કૃતિક ખાતાની અને કેન્દ્રીય સરકારના પુરાતત્ત્વખાતાની પણ સહાય હતી. વિવિધ તબક્કે ચાલેલા આ સંશોધનમાં ૩૭ જેટલા સ્તરના ઉત્ખનનમાં જાટ અને મુઘલ વસવાટથી માંડી ભૂતકાળના છેક કુશાણ, શુંગ અને મૌર્યકાલીન અવશેષો આ એક સ્થાને મળી આવતાં અહીંનો લગભગ ૩૦૦૦ વર્ષ જૂનો ઇતિહાસ નક્કી થઈ શક્યો છે.

માટીની કાચી-પાકી પ્રાચીન ઈંટો, કાળા ઓપવાળાં અને ચિતરામણવાળાં ભૂખરાં ઉત્તર ભારતીય પાત્રો, વિવિધ કાળના દ્યોતક શિલ્પાવશેષો અને સંખ્યાબંધ સિક્કાઓ, મુદ્રાઓ વગેરે ઉપરાંત બે પ્રાચીન મંદિરો, સપાટ છાપરાંવાળાં ઘર અને આ લેખના અનુસંધાને આપેલી કેટલીક ખંડિત છતાં અનુપમ પ્રાચીન શિલ્પકૃતિઓપરથી અહીંની વિવિધકાલીન સંસ્કૃતિની મબલખ માહિતી મળી છે. બીબાંમાં ઢાળીને બનાવેલી પાકી માટીની કેટલીક કૃતિઓ પરથી આ પ્રકાર (ટેરાકોટા)ના કલાકૌશલ અને તેની રીત તથા શૈલી અંગે પણ કેટલાંક કડીબદ્ધ તારણો થઈ શકે છે.

કુશાનકાળની આવી કૃતિઓ કૈંક ઓછી કલાત્મક છતાં તેમાં ઉતારેલા ચહેરા પરના ભાવ જીવંત અને અમુકમાં તો અદ્‌ભુત જણાયા છે. વાયવ્ય ભારતની વિદેશી અસરવાળી ગાંધાર કલાશૈલીની છાપ પણ તેમાં સ્પષ્ટ જોવા મળે છે. આમાં ઈ. પૂર્વેની ૩જી સદીના કેટલાક નમૂનાઓ પણ સુંદર છે અહીંથી મળેલા કેટલાક સિક્કા પરથી મથુરાના ચાર મિત્રવંશીય રાજાઓ—ગોમિત્ર, સૂર્યમિત્ર, બ્રહ્મમિત્ર ને વિષ્ણુમિત્રનો સમય ઈ.સ. પૂર્વેની બીજી સદીના અંતથી પહેલી સદીના અંતની વચ્ચેના ગાળાનો હોવાનું નિશ્ચિત થાય છે. આ પરથી મિત્ર-શાસનનો આરંભ ઈ. સ. પૂર્વે ત્રીજી સદીના અંતથી થયાની જૂની માન્યતાની ભૂલ સુધરી શકી છે.


કલાતત્ત્વ અને ધાર્મિક મહત્ત્વવાળા બે નમૂના પણ ખાસ ધ્યાન ખેંચે છે. એમાંના એક પર ગોળ તકતીમાં સૂવર પર આક્રમણ કરતા સિંહનું સુંદર આલેખન છે જ્યારે બીજો નમૂનો કાણાવાળા હાથના પંજાનો છે. એમાં દોરી પરોવીને એ ગળામાં તાવીજ તરીકે પહેરાતો હશે એમ જણાય છે. આના પર પંચ માર્ક સિક્કાઓમાં હોય છે તેવી સ્વસ્તિક, નંદાવર્ત અને ઇન્દ્ર-યષ્ટિની સંજ્ઞાઓ પણ છે. ઈ.સ.પૂર્વેની પહેલી સદીના સૂર્યમિત્રના સમયનો આ અવશેષ હોઈ શકે. (જુઓ આ અંકના પૂઠા પર)

આ સંશોધન મુખ્ય કેન્દ્રની બાજુમાં જ એક પ્રાચીન મંદિર પણ મળ્યું છે. એ પણ સૂર્યમિત્રના કાળનું જણાય છે. ભારતમાંથી મળેલા આ પ્રકારના અવશેષોમાં આ પ્રાચીનતમ અવશેષ જણાય છે.

કેટલીક વાર આવાં અતિ પ્રાચીન દેવસ્થાનો કયા સંપ્રદાયનાં હશે એ જાણવું મુશ્કેલ બની રહે છે, પણ આ સ્થાન નાગ સંપ્રદાયનું હોવાના અનેક પુરાવા મળ્યા છે. કમલ-માળ તથા નાગ સ્વરૂપનાં અનેકવિધ શોભનો અહીંથી મળ્યાં છે. અહીં બાજુમાં જ આવેલા એક મંદિરમાંની ચામુંડા દેવી તરીકે પુજાતી એક પ્રાચીન મૂર્તિ આ અવશેષો મળ્યા પછી નાગદેવની હોવાનું માનવાને પ્રેરે છે. આ ઉપરાંત મુખ્ય સંશોધનસ્થાનના દક્ષિણ ઢાળ પરથી મળેલા એક તોરણદ્વારના શિલ્પાવશેષો તો અત્યંત સુંદર છે ને એમાં પણ નાગનું જ નિરૂપણ છે. એમાં આ તોરણદ્વારની એક પાટડી પર મકરના ફાડેલા મુખમાં પરાક્રમશીલ નાગનું શિલ્પ (જુઓ ઉપરનું ચિત્ર) નોંધનીય છે. આવા જ અને કંઈક વધુ સુંદર એક બીજા અવશેષ (જુઓ મુખચિત્ર નીચે) માં દર્શાવેલાં કંઈક સ્થૂળદેહી અને મસ્તકે સપ્તફેણધારી સ્વસ્થતાપૂર્વક આસનારૂઢ નાગરાજની બાજુમાં સ્ત્રી-પાત્રનું નિરૂપણ છે. એનું આસન નાગરાજની ડાબી બાજુ નથી તેથી તેમજ તેના મસ્તક પર પાંચને બદલે સાત ફેણ હોઈ એ નાગરાજની રાણી તો નથી જ. વળી આ શિલ્પખંડમાં એક તરફ ચામર અને છત્રધારિણી પરિચારિકાઓ તથા કરજોડ કરી ઊભેલા પુરુષો અને બીજી તરફ આબાલ પ્રૌઢ લોકસમૂહ વગેરે પરથી પ્રો. હાએર્ટલના મત પ્રમાણે આ શિલ્પમાં નાગરાજ વાસુકિ અને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં અનેક વાર ઉલ્લેખ પામેલી તેની બહેન જરત્કારુને રાજસભામાં પ્રજાજનો પાસેથી કંઈ ભેટ સ્વીકારતા દર્શાવ્યાં લાગે છે.

આવો જ એક અત્યંત સુંદર શિલ્પાવશેષ છે શાલભંજિકાનો. (જુઓ પૂઠું)નાગમંદિરના દક્ષિણદ્વાર પરનો એ શિલ્પખંડ. નાગ હોવાની એકમાત્ર નિશાની તેના પગના આભુષણમાં જોવા મળે છે. નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયના નિયામક પ્રો. શિવરામમૂર્તિના શબ્દોમાં કહીએ તો મથુરામાંથી તો અનેક ઉત્તમ શિલ્પાવશેષો મળ્યા છે, પણ સોંખના આ શિલ્પાવશેષોની સ્પર્ધા કરી શકે એવા એ નથી...અને એમાં પણ આ શાલભં-

▽ સોંખના ઉત્ખનનમાં મુખ્ય સ્થાનની બાજુમાં મળેલું પ્રાચીન નાગમંદિર. ઈસ્વી સનના પ્રથમ શતકના આરંભ અને અંત સમયમાં એમ બે તબક્કે તેની રચના થઈ જણાય છે. મથાળે: સોંખના પ્રાચીન નાગ-દેવળના દક્ષિણ દ્વારનો એક શિલ્પખંડ. મહાકાય મકરના મુખમાં ધસી જતા પરાક્રમશીલ નાગપુરુષનું તેમાં નિરૂપણ છે.



માસમાસના આકાશમાં [૧૫] એપ્રિલ-મે



મૃગ પછી એવું જ સુંદર, પ્રેક્ષણીય અને ઓળખવામાં ઘણું સરળ તારામંડળ ભર્યા આકાશમાં કોઈ હોય તો તે સપ્તર્ષિ છે. ઘણાંને તે પરિચિત પણ હશે. ઉત્તર અક્ષાંશમાં ઝળુંબી રહેલા પૂછડીવાળા વિશાળ પતંગ જેવું આ તારામંડળ, ગુલાંટ ખાતા પતંગની જેમ, ઉદય મધ્યાહ્ન ને અસ્ત સમયે જુદીજુદી સ્થિતિમાં દેખાતું હોઈ એ રીતે પણ કુતૂહલપ્રેરક લાગે છે. પહેલી નજરે જ પારખી શકાય તેવા એના સાત તારાને આપણે ભારતીય સંસ્કૃતિના રક્ષક સાત મહાન ઋષિઓનાં નામ આપ્યાં છે. એ સાતે નામ (નકશા પ્રમાણે) ક્રતુ, પુલહ, પુલસ્ત્ય, અત્રિ, અંગિરા, વસિષ્ઠ (અને અરુંધતી) તથા મરીચિ. પશ્ચિમમાં એ અનુક્રમે Dubhe, Merak, Phecda, Megrez, Alioth, Mizar અને Alkaid નામે ઓળખાય છે. પણ પશ્ચિમમાં આ મંડળ આ સાત તારા પૂરતું જ મર્યાદિત નથી. આંતરરાષ્ટ્રીય નિશ્ચિત ધોરણ અનુસાર એની પાસેના બીજા કેટલાક તારાઓ મળીને આ મંડળ Ursa Major (મોટા ઋક્ષ=રીંછ) નામે ઓળખાય છે. આ સપ્તર્ષિના જ આકારનું એક બીજું નાનું મંડળ ઉત્તર ધ્રુવતારક (Polaris)ની આસપાસ ફરે છે. એને આપણે ત્યાં ધ્રુવમત્સ્ય અને પશ્ચિમમાં નાનું રીંછ–Ursa minor કહે છે. બંનેમાં કલ્પાએલી એ મોટાનાના રીંછની આકૃતિઓ સાથેના નકશામાં આપી છે. સપ્તર્ષિનું એક બીજું નામ શિખંડી (મોર) પણ છે.

સપ્તર્ષિમાં એક અત્રિ સિવાય બાકીના બધા તારા બીજા વર્ગના તેજસ્વી તારા હોઈ આ મંડળ તુરત પકડી શકાય છે. એનો આકાર જેમ પતંગ જેવો, રીંછ જેવો, પ્રશ્નાર્થ ચિહ્ન જેવો લાગે છે તેમ ગામડાના ખેડૂતોને ગાડા જેવો પણ લાગતો હોઈ તેઓ એને 'ગાલ્લી' પણ કહે છે. અને એ જ રીતે પશ્ચિમના દેશોમાં એ હળ (Plough) તરીકે લોકોમાં જાણીતું છે.

ક્રતુ અને પુલહને જોડતી રેખાને જો ઉત્તરમાં લંબાવીએ તો એ ધ્રુવતારક બતાવે છે. આ પરથી આ બંને તારા 'દર્શક તારા' (Pointers) કહેવાય છે. પુલસ્ત્ય તારો વસંત સંપાત (૨૨મી માર્ચ)ના દિવસે મધ્યરાત્રિએ યામ્યોત્તર રેખા પર આવે છે. યામ્યોત્તર રેખા એટલે આકાશને પૂર્વ-પશ્ચિમ બે સરખા હિસ્સે વહેંચાતી ઉત્તર-દક્ષિણ(કાલ્પનિક) રેખા.


વસિષ્ઠની બાજુમાં જ એક ઝીણો તારો છે. એ એનો સદાનો સંગી હોઈ આપણે તેને ઋષિપત્ની અરુંધતીનું નામ આપ્યું છે. એ તો સૌને ખબર હશે કે આપણે ત્યાં નવપરિણીત દંપતીને આ આદર્શ યુગલનું અને અચલ ધ્રુવતારકનું દર્શન કરાવવામાં આવે છે. એની પાછળની ભાવના સમજી શકાય તેવી છે.

પણ અસલ ધ્રુવતારક પણ હકીકતે તો અચલ નથી જ.* આજે ધ્રુવ પૃથ્વીની ધરીની બરાબર ઉત્તરે ભલે લાગે, પણ ઈ. ૧૪૦૦૦માં એના બદલે અભિજિત (Vega) નામનો તારો એના સ્થાને આવશે. પણ એ વિષે આપણે પછી જોઈશું.

જેમ ધ્રુવ પોતે અધ્રુવ છે તેમ સપ્તર્ષિના આ સાતે તારાઓ પણ વિવિધ દિશામાં ગતિશીલ છે. સાથેની બીજી આકૃતિમાં આજથી બે લાખ વર્ષ પૂર્વેનાં અને બે લાખ વર્ષ પછીનાં તેમનાં સ્થાનનો ખયાલ આપ્યો છે. તે બધા તારા કઈ દિશામાં દોડી રહ્યા છે તે પણ તીર વડે તેમાં દર્શાવ્યું છે.

સપ્તર્ષિ મંડળના વિસ્તારમાં ઘૂવડના મોં જેવી દેખાતી એક સુંદર મોટી નિહારિકા (Owl Nebula) ખાસ નોંધનીય છે.

* અને એ દેખાય છે તેવો સાધારણ તારો પણ નથી. આપણાથી લગભગ ૪૦૦ પ્રકાશવર્ષ દૂરનો એ એક સૂર્ય છે, પણ આપણા સૂર્ય કરતાં એ વધુ તેજસ્વી છે.



જિકાની તોલે આવે એવો તો બીજો એક પણ શિલ્પાવશેષ મળ્યો નથી. ઉપરાંત, આ અવશેષોમાંથી મળેલા એક બીબા પરથી પુરાવિદોએ એક અતીવ સુંદર મસ્તક પણ ઢાળ્યું છે. (જુઓ પૂઠા પરના ચિત્રમાં) આઠેક વર્ષથી ચાલતા રહેલા આ ઉત્ખનનનો છેલ્લો તબક્કો પૂરો થયો છે. દરમિયાન સંખ્યાબંધ નવા પુરાવશેષો પ્રાપ્ત થતાં મથુરા-વિસ્તારના લગભગ ૩૦૦૦ વર્ષના ઇતિહાસ પર આ સંશોધનથી ઘણો નવો પ્રકાશ પડયો છે. આપણું સદ્ભાગ્ય છે કે અહીંથી મળેલા આ અવશેષો ભારતમાં જ રહેવાના છે.

(વિગતો તથા સાથેનાં બધાં ચિત્રો નવી દિલ્હીમાં આવેલી ફેડરલ રીપબ્લિકઑવ જર્મનીની કચેરીના મુખપત્ર'જર્મન ન્યૂઝ'ના સૌજન્યથી.)

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

૩/૭ ઇલિઝાબેથ યુગનું કાવ્યસાહિત્ય
ડૅનિયલ, ડ્રેટન અને બીજા થોડા

ઇલિઝાબેથ યુગનું (૧૬૦૩ સુધીનું) કાવ્યસાહિત્ય મહદંશે લીલી, સ્પેન્સર અને સિડની જેવા સર્જકોએ આંકી આપેલ ચીલામાં ચાલ્યું છે. સ્પેન્સરની 'ફેઇરી ક્વીન' કૃતિ અને ગ્રામજીવનનાં તેનાં ગીતોએ તેમજ સિડનીનાં 'એસ્ટ્રોફેલ-સ્ટેલા' સૉનેટોએ ઘણા કવિઓને એ માર્ગનું અનુસરણ કરવા આકર્ષ્યા છે. આવા અનેક, સર્જકતાની ઠીક છત બતાવનારા કવિઓમાં ડૅનિયલ અને ડ્રેઈટનનું અર્પણ ધ્યાનપાત્ર છે. એ પછી વ્યક્તિગત કવિનામોનો નિર્દેશ કરવા કરતાં એ યુગમાં થએલા સંખ્યાબંધ કવિઓની કાચી-પાકી કૃતિઓના સંગ્રહો પર દષ્ટિપાત કરવો જ યોગ્ય છે. ડૅનિયલ ને ડ્રેઈટન વચ્ચે જન્મસમયની દૃષ્ટિએ એક જ વર્ષનો ફેર. એ બંનેનું સર્જન જોકે સત્તરમી સદીમાં પણ ચાલુ રહ્યું, તો પણ તેમની સાહિત્યશક્તિ ઘડવામાં ઇલિઝાબેથ યુગનાં પરિબળોનો ફાળો મહત્ત્વનો હોવાથી તેમને એ યુગના જ કવિ ગણવાનું ઉચિત છે.

સૅમ્યુઅલ ડૅનિયલ (Samuel Daniel)

સમરસેટમાં એનો જન્મ (૧૫૬૨ થી ૧૬૧૯). સંગીતશિક્ષકનો એ પુત્ર. ઑક્સફર્ડમાં કેળવાઇને તેણે ઇટલીની મુલાકાત લીધેલી. એની પ્રકૃતિ ઠરેલ અને રુચિ શિષ્ટ હતી. એની કવિતામાં પણ એક પ્રકારની શિષ્ટતા અને સંયમ વરતાય છે. ઊર્મિના આવેગમાં ઘસડાવાને બદલે તેની કલમ સ્વસ્થપણે હકીકતના નિરૂપણમાં રાચે છે. શિષ્ટતા અને કુલીનતાના આગ્રહે જ તેને એના યુગમાં ભજવવાનાં લોકપ્રિય નાટકો રચવાને બદલે ટ્રૅજેડી લખવા પ્રેર્યો. સેનેકાની ટ્રૅજેડીના નમૂના પરથી તેણે 'ક્લીઓપેટ્રા' (૧૫૯૪) અને ફાઇલોટસ (૧૬૧૧) કૃતિઓ રચી છે. જોકે નાટકો રચવા માટેની સજ્જતા કે એ માટેનો તીવ્ર ભાવાવેગ તેની પાસે નથી. ખરું જોતાં તો એ ઇતિહાસલેખક અને નીતિવાદી છે. તટસ્થપણે, સત્યના આગ્રહપૂર્વક વિગતોનું નિરૂપણ કરવાનું તેને વિશેષ ફાવે છે. કલ્પનાનાં ઉડ્ડયન કરવા કરતાં ચર્ચા અને વાર્તાલાપોમાં તેનો રસ છે, તેની ગતિ છે. સંવાદરૂપે રચાએલી (૧૫૯૯) મ્યૂઝોફીલસ (Musophilus) નામની બોધલક્ષી કૃતિમાં તેની આ શક્તિનું નિદર્શન મળે છે. મ્યૂઝોફીલસનો પ્રતિવાદી ફાઈલોકૉસ્મસ (Philocosmus) કવિતા અને સાહિત્યનો વિરોધી છે. રાષ્ટ્રભક્તિ કવિતા કરતાં તેને મન ચડિયાતી છે: જે કવિતા રાષ્ટ્ર ઘડતર માટે વ્યક્તિને સક્રિય બનાવી ના શકે તે કવિતાનો ઉપયોગ શો? કાવ્ય-રચના કરવી એ પ્રમાદ છે. મ્યૂઝોફીલસને કાવ્યમાં-તેની શક્તિમાં શ્રદ્ધા છે. રાષ્ટ્રને ઘડનારાં નીતિબળોની તે માર્ગદર્શક છે. ઉચ્ચ આદર્શોની તે પ્રેરક છે. કાવ્યનું મૂલ્ય અમાપ છે. તેને પોતાની માતૃભાષાની શક્તિ માટે પણ અનહદ ગૌરવ છે. અંગ્રેજી સાહિત્ય વિશ્વભરમાં પ્રસરે એ તેની વાંછા છે.

ડૅનિયલની મહત્વાકાંક્ષી કૃતિ 'સિવિલ વૉર્સ' (Civil Wars) નામની આઠેક હજાર પંક્તિની અપૂર્ણ છે. પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં ઇંગ્લૅન્ડમાં 'ગુલાબ-વિગ્રહ' (વૉર ઑવ રોઝિઝ) નામથી પ્રસિદ્ધ એવું બે પક્ષો વચ્ચેનું આંતરયુદ્ધ ચાલ્યું હતું. એ યુદ્ધની અનિષ્ટ અસરો તેણે પારખી હતી. ઇલિઝાબેથ પછી પણ રાજવારસ માટે કદાચ આવું યુદ્ધ થાય એવી તેને દહેશત હતી. એટલે તેણે આ સુદીર્ઘ કૃતિમાં રિચર્ડ બીજાના રાજ્યઅમલથી આરંભીને એડવર્ડ ચોથા સુધીના અમલ દરમિયાનની આંતરવિગ્રહની ઘટનાઓનું અને ઇંગ્લૅંડની દુર્દશાનું તટસ્થ અને ઐતિહાસિક હકીકતો પર આધારિત ચિત્ર આપ્યું છે. શેક્સપીઅરનાં 'રિચર્ડ બીજો', 'હેન્રી ચોથો' ઇત્યાદિ ઐતિહાસિક નાટકો સાથે તેનું સામ્ય છે. પણ ડૅનિયલની દૃષ્ટિ ઇતિહાસલેખકની છે, શેક્સપીઅરની રીતિ સર્જકની છે. ડૅનિયલે પોતે પણ પોતાનું પ્રયોજન સ્પષ્ટ કરતાં કહી દીધું છે: હું સત્ય ઘટનાને પદ્યરૂપે રજૂ કરું છું, કાવ્યાત્મક રૂપે નહિ (I versify the truth, not poetize.) અને સાચે જ એ કૃતિમાં કાવ્યત્વ અલ્પ છે. રાણી માર્ગરેટ જેવી અગ્રણી ઐતિહાસિક વ્યક્તિના પાત્રચિત્રણમાં કે યુદ્ધની રસપ્રદ ઘટનાના ચિત્રણમાં પણ તે ટાઢોબોળ જ રહે છે. એડવર્ડ ચોથા અને લેડી ઇલિઝાબેથ એ વચ્ચેની મુલાકાતોનાં ચિત્રણ કાવ્યનો ચમકાર દાખવતાં હોય તો તે 'હેન્રી છઠ્ઠો' નાટકમાં આ ઘટનાઓ મંચ પર ભજવાઈ તેમાંથી મળેલી પ્રેરણાને કારણે.

આ ઐતિહાસિક કાવ્યરચનાનો રસ તેમાં તેણે કરેલી વિશદ નૈતિક વિચારણામાં છે. એનું ચિંતન તેની દેશભક્તિમાંથી સ્ફુરેલું છે. બોધનો નિતાર કાવ્યમાં સ્પષ્ટ છે. ઇતિહાસના આગ્રહી ડૅનિયલે કવિતાને તેમાં પાંગરવા દીધી નહિ. કવિ તરીકેની તેની શક્તિ-મર્યાદાનું તેના સમયમાં જ વિવિધ કવિ-વિવેચકોએ મૂલ્યાંકન કરવા માંડયું હતું. સ્પૅન્સર તેની સાહિત્યિક કારકિર્દીના આરંભકાળથી તેને જાણતો હતો, અને તેની એક કૃતિ 'Complaint of Rosamand'માંના કરુણરસના સ્પર્શો આકર્ષાયો પણ હતો. પરંતુ જમીનસરસા જ ઊડયા કરવાની તેની ભીરુ વૃત્તિને તે ટપારે છે. ઝડપથી પાંખ પ્રસાર, આભને તાગી લે, ડૅનિયલ! Then rouse thy feathers quickly, Daniel. વિવેચક બેન જૉન્સને તેની શક્તિનું માપ કાઢી લઇને અભિપ્રાય વ્યક્ત કરી દીધો હતો. He was a good honest man, but no poet.

ડૅનિયલે ગદ્યમાં રચેલી સાહિત્યવિવેચનની એક કૃતિ 'પ્રાસના બચાવમાં' (Defence of Ryme)નો પણ અહીં કિંચિત પરિચય કરી લઇએ. ટૉમસ કૅમ્પીઅને (Thomas Campion) ઈ. ૧૬૦૨માં કવિતામાં પ્રાસ બિનજરૂરી છે એવું પ્રતિપાદન કરતી એક વિવેચના 'Observations on the Art of English Poesie' શીર્ષકથી પ્રસિદ્ધ કરી હતી. આ વિવેચનાએ ડૅનિયલને કાવ્યમાં પ્રાસના બચાવ માટે ઉશ્કેર્યો અને તેના ફળ રૂપે ઉપર્યુક્ત ગદ્યકૃતિ રચાઈ (૧૬૦૩). એક ખાસ મુદ્દા પર આ પ્રકારનો સાહિત્યિક વિવાદ થયો હોય તેવો અંગ્રેજી સાહિત્યમાં આ પ્રથમ દાખલો છે. આ અગાઉ આવી ચર્ચાઓ થએલી ખરી પણ પ્રસ્તુત વિષયથી તે ઘણુંખરું દૂર ચાતરીને કરવામાં આવતી હતી. એક જ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને થએલી આ ચર્ચા એ રીતે મહત્ત્વપૂર્ણ બની રહે છે. ડૅનિયલની તર્કશીલતા, ચોકસાઈ, વિચારોની સ્પષ્ટતા વગેરેનું આ વિવેચન નિદર્શક છે. તેની ચર્ચાના મુદ્દા આજે પણ વિચારપ્રેરક લાગે. પ્રાસને તે તર્ક પર આધારિત ગણે છે. પ્રાચીનોનાં મંતવ્યો આગળ તે ઝૂકી પડતો નથી. પ્રાસથી અમુક પ્રકારનો લય સધાય છે. આ 'Echo of a delightful report'નું તેને મન ઘણું મહત્ત્વ છે. પ્રાસને બંધન માનનારાઓ, તેને મન કાવ્ય અને તેના સર્જનની આનંદ આપવાની શક્તિની ઉપેક્ષા કરનારા છે. કવિને સમજાય છે કે પ્રાસ તેની કલ્પનામાં અંતરાયરૂપ નથી; તેને ઉડ્ડયન માટે પાંખની ગરજ સારે છે. અનવસ્થામાંથી તે વ્યવસ્થા ઊભી કરે છે. તેનો અંત્ય આરોહઅવરોહ કૃતિ માટે એક પ્રકારની નિશ્ચિતતા અને માપ આંકી આપે છે. પ્રાસનું આ બચાવનામું સાચે જ ડૅનિયલનું અંગ્રેજી વિવેચન-સાહિત્યમાં એક અર્પણ છે.

માઇકેલ ડ્રેઈટન (Michael Drayton)

ડ્રેઈટન (૧૫૬૩–૧૬૩૧) ડૅનિયલથી એક વર્ષ નાનો ને શેક્સપીઅરથી મોટો. તેની કાવ્યપ્રવૃત્તિ ડૅનિયલની સાથે સમાંતરે ચાલી છે, પરંતુ બંનેની નિરૂપણરીતિ એકબીજાને સામે છેડે બેસે છે. ડ્રેઈટનમાં કલ્પનાશક્તિ આકર્ષક અને ઊર્મિના આવેગ પ્રબળ છે. દસ વર્ષની વયે તેણે કવિ થવાના કોડ સેવેલા. એક વડીલને વિનંતી કરી: મને કવિ બનાવો. એ વડીલે તેને વર્જિલને હવાલે સોંપી દીધો; એ પછી બીજા એક વડીલે લોકગીતનો ચસકો લગાડયો; અને ઈ. ૧૫૯૩ થી 'Idea, the Shepherd's Garland' દ્વારા તેની કાવ્યપ્રવૃત્તિ ધ્યાન ખેંચવા માંડી. અલબત્ત સ્પેન્સરની સારી એવી પ્રેરણા એ કૃતિમાં છે. એમાં તે રોલાં રૂપે બીટા (Beta) એટલે કે રાણી ઇલિઝાબેથની પ્રશસ્તિ કરે છે, ઇંગ્લૅન્ડના વિગત થએલા વીર નાયકોનું સ્મરણ કરી આર્દ્ર બને છે અને તેની પ્રેમિકા-Idea-એ તેના પ્રેમને અસ્વીકાર્યો તેનો અફસોસ પ્રગટ કરે છે.

તેણે સંખ્યાબંધ ગીતો રચ્યાં છે અને 'Ideas Mirrour' શીર્ષકથી તેનાં સૉનેટો પણ પ્રગટ થયાં છે. પ્રેમિકાની સાથે અંતિમ મિલનની વાત રજૂ કરતું એક સૉનેટ વિવેચકોને સવિશેષ આકર્ષી ગયું છે:

Since there's no help, come let us kiss and part.
Nay, I have done; you get no more of me;
And I am glad, yea, glad with all my heart,
That thus so cleanly I myself can free.

ડ્રેઈટને ઇલિઝાબેથ પછી જેઈમ્સ પહેલાનું રાજ્યારોહણ વધાવ્યું હતું. આ સાહિત્યરસિક રાજા નવો સુવર્ણ યુગ લાવશે એવો તેને વિશ્વાસ હતો. પણ તે નિરાશ થયો. તેણે દરબાર છોડયો અને બે કટાક્ષકૃતિ 'The Owl' અને 'The Man in the Moon' રચી. બંને મધ્યમ કક્ષાની ગણાઈ છે. પણ તેની બીજી બે સુદીર્ઘ કાવ્યરચનાઓએ–'પોલીઓલ્બીઅન Polyolbion' અને 'Baron's War'–વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. પહેલી કૃતિના અઢાર સર્ગ ૧૬૧૩માં અને બીજા બાર ૧૬૨૨માં પ્રસિદ્ધ થયા હતા. એનો તીવ્ર દેશપ્રેમ આ કાવ્યમાં છલકાય છે. પોતાના દેશની નદી અને ઝરણાંને વાચા આપીને તેમની પાસે અનેક કથાઓ તેણે ઉચ્ચારાવી છે. દેશના ઇતિહાસ કરતાં તેની ભૂગોળ પરત્વે તેનું વિશેષ લક્ષ છે. દરેક ઝરણું, દરેક ટેકરી પોતાની પાસેની દંતકથાઓનો ખજાનો ઠાલવે છે. પ્રકૃતિમાં માનવભાવનું આરોપણ કરીને તેણે ચિત્રાત્મક શૈલીમાં એમાં પોતાના પ્રિય પ્રદેશોનું વર્ણન કર્યું છે. સાવ નીરસ લાગતા સર્ગમાં પણ કલ્પનાનો ચમત્કાર દાખવતી થોડીક પંક્તિઓ વાચકને અવશ્ય મળે છે. જોકે સજીવારોપણનો એમાંનો અતિરેક બાલિશ પણ બન્યો છે—કેટલીક વાર તો એવી રીતે થએલાં વર્ણનો-કથનો હાસ્યાસ્પદ બની જાય છે. તેમ છતાં ડ્રેઈટનના મઝાના તરંગો, તેની ધૂન, તેનો આવેગ એ બધાંને કારણે એ રચના એના જમાનાની વિશિષ્ટ કૃતિ બની રહે છે.

એની 'બૅરન્સ વૉર' એ ડૅનિયલની 'સિવિલ વૉર્સ'ની જેમ જ નોંધપાત્ર ઐતિહાસિક કૃતિ છે. ઈ. ૧૬૦૩માં તે પ્રસિદ્ધ થઈ હતી. ડૅનિયલની જેમ એની પણ મહેચ્છા રાષ્ટ્રીય ઇતિહાસના કોઈક કરુણતાસભર યુગને કાવ્ય દ્વારા પુનર્જીવિત કરવાની હતી. પોતાની આ રચના માટે તેણે એડવર્ડ બીજાના રાજ્યઅમલની અને રાણી ઇસાબેલાના પ્રિય મૉર્ટીમર સાથે ઉમરાવોના યુદ્ધની ભૂમિકા પસંદ કરી છે.

ડ્રેઈટનમાં ઘટનાને પ્રભાવક રીતે નિરૂપવાની તેમ જ ચિત્તમાં અંકિત બની રહે તેવી રીતે પાત્રને ઘાટ આપવાની શક્તિ હતી. ઊર્મિ અને કલ્પનાનું બળ તેનામાં હોવાથી તેણે આલેખેલો ચિતાર રસપ્રદ બની શક્યો છે. એડવર્ડ બીજાની હત્યાનો પ્રસંગ, રાણી અને મૉર્ટીમર વચ્ચેના સુંવાળા સંબંધ, નાનકડા એડવર્ડની વેર લેવાની તમન્ના, એ સર્વેનાં નિરૂપણમાં એની સર્જકતા ઝળકી ઊઠી છે. એની કૃતિનો રસ માણવામાં જો મુશ્કેલી હોય તો તે એક જ છે કે તે પાત્ર વિષે કે પાત્રોના વર્તાવ વિષે, આમ કે તેમ, નૈતિક નિર્ણય આપી શકતો નથી. તેનામાં આ 'moral indecision'–નૈતિક અનિર્ણયાત્મકતા–સહૃદયને કઠે છે. કૃતિના રસને તે હાનિ પહોંચાડનારું તત્ત્વ બની રહે છે.

તેની બીજી એક કૃતિ 'Heroical Epistles' અમુક અંશે ડૅનિયલની 'રોઝમન્ડ' કૃતિ પરથી પ્રેરાઈ જણાય છે. તેમાં એણે અંગ્રેજી ઇતિહાસના વીર નાયકોનાં ચિત્રો પ્રગટ કરીને દેશપ્રેમનો ઉમળકો ઠાલવ્યો છે.

પણ ડ્રેઈટનની મનહર તરંગોયુક્ત કૃતિ (fantasia) તો છે 'નિમ્ફીડિયા'–Nymphidia. શેક્સપીઅરના એ જ પ્રકારના નાટક 'મિડ-સમર નાઇટ્સ ડ્રીમ'નું તે તરત સ્મરણ કરાવે છે. એમાં રાણી મૅબનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે ઑબેરૉન અને સરદાર પિગ્વીજન વચ્ચેના કલહની રમૂજી દાસ્તાન છે. ડ્રેઈટને અહીં કાવ્યની ખાસ તમા રાખી નથી. સ્થૂલ હાસ્ય નિષ્પન્ન કરતી ઘટનાઓ પર તેનું વિશેષ લક્ષ્ય છે. ઈર્ષાથી ઝનૂની બનેલો ઑબેરૉન એક ફળનું અને ડાળખાનું શસ્ત્ર સજી શત્રુની શોધમાં નીકળે છે. ભમરાને જોતાં તેને પોતાનો શત્રુ માની લેતો, આગિયાને જોતાં તેને શેતાન સમજી બેસતો ઑબેરૉન એક મધપૂડા સાથે ભટકાય છે, મધથી ખરડાય છે, કીડી પર સવારી કરી આગળ દોડે છે, કીચડમાં પડે છે, ત્યાંથી ટેકરી પર ચડે છે, વળી તળાવમાં પડે છે, પાણીના સ્પર્શે તેનો જુસ્સો ટાઢો પડે છે—આવાં રમૂજી સાહસોથી સભર આ રચના તરંગકથા નામને પાત્ર ઠરે છે.

અને બીજા થોડા

સ્પેન્સરની કાવ્યપ્રણાલીને અનુસરનારા બીજા અનેક કવિઓમાં મનોહર બુટ્ટાદાર રચનાઓ માટે ગાઈલ્સ ફ્લેચર (Giles Fletcher), માધુર્યસભર રચના કરનારો ટૉમ્સ લૉજ (Thomas Lodge), ફ્રેન્ચ અને ઈટાલિયનની અસર દાખવનારો વિલિયમ પર્સી (William Percy), ચિત્તના વિવિધ મિજાજને આલેખતો નિકૉલસ બ્રેટન (Nicholas Breton) વગેરેનો સમાવેશ થાય છે. પણ સ્પેન્સરમાં દેખાતો ઇન્દ્રિયગમ્ય આનંદ-અનુભવ વ્યક્ત કરવાની અનોખી છટા તો હેન્રી કૉન્સ્ટેબલ (Henry Constable)નાં સૉનેટમાં છે. પ્રેમિકાને પ્રશંસવાની તેની રીત આહ્લાદક છે:

My Lady's presence makes the roses red,
Because to see her lips, they blush for shame;
The Lily's leaves, for envy, pale became,
And her white hands in them this envy bred.

આ યુગના કેટલાક કવિઓની શક્તિ–મર્યાદાનો પરિચય એ સમયે પ્રગટ થએલા વિવિધ કાવ્યસંચયોમાંથી મળે છે. એવા એક સંચય Tottel's Miscellanyનો અગાઉ નિર્દેશ થઈ ગયો છે. એ ઉપરાંત સોળમી સદીના છેક અંત ભાગે, ૧૫૯૩માં 'The Phoenix Nest' નામે કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે અને ઇલિઝાબેથ યુગનાં ગીતો-કવિતાનો પરિચય કરાવતો એક મહત્ત્વનો સંગ્રહ ૧૬૦૨માં A Poetical Rhapsody નામથી પ્રસિદ્ધ થાય છે. આવા સંગ્રહોમાં સ્પેન્સર–સિડનીથી માંડીને શેક્સપીઅરની રચનાશક્તિનો પરિચય મળી રહે છે. (ચાલુ)

હરિ: ૐ આશ્રમ તરફનાં

માર્ચ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર 'ચાંપરાજભાઈ' માટે બાબુભાઈ કરાણીને

વ્યક્તિચિત્ર 'રાજ્યાધિકારી' માટે મુકુંદરાય પારાશર્યને

સાહિત્યસંપર્ક

શબ્દકથા: કક્ષ-કચ્છ-કચ્છો કાછ(-ચ)-કાછડો-કાછડી-કાછિયો-કચ્છી

સંસ્કૃતમાં 'કક્ષ' અને 'કચ્છ' બે શબ્દસ્વરૂપ જોવા મળે છે, જ્યારે પ્રા.માં 'કચ્છ'. પૂર્વના બેઉ શબ્દ સં.માં સ્વીકારાએલા છે અને એકબીજાથી સ્વતંત્ર હોય તેમ; એ બેઉને માટે પ્રાકૃતમાં 'કચ્છ' સરખું રૂપ જ છે. કક્ષના સં.માં સત્તર જેટલા અર્થ વ્યાપક છે. એમાંનો 'બગલ', 'છુપાવાની જગ્યા'. 'સૂકું જંગલ', 'ભીની અને ઘાસવાળી જગ્યા' એ ધ્યાન ખેંચનારા છે. 'કચ્છ' શબ્દનો મુખ્યત્વે 'પાણીવાળો પ્રદેશ' અને પાણીની નજીક હોય કે ન હોય તેવો 'સરહદી પ્રદેશ.' અમરકોશ 'અનૂપ' (ન.) અને 'કચ્છ' (પું.)ને પર્યાય ગણી 'જલપ્રાય' પ્રદેશ કહે છે. પ્રાકૃતમાં સમાનરૂપ હોઇ બંને શબ્દોના અર્થ થાય. 'કક્ષ' અને 'કચ્છ'નો 'ભીની અને ઘાસવાળી જગ્યા' એ અર્થ સમાન હોઇ એમ માનવા પ્રેરે છે કે સં. 'કચ્છ' શબ્દ જ પ્રાકૃત છે અને 'કક્ષ'માંથી વિકસ્યો છે, યા તો 'કચ્છ'ને પ્રાકૃત માની 'કક્ષ'ને એનું સં. રૂપ માની લીધું છે. રૂઢ અર્થ તો 'કચ્છ'નો 'ભીનો પ્રદેશ' જ રહ્યો, જેણે ગુજરાતના વાયવ્ય કોણના જૂના સિંધુ-સરસ્વતી નદીઓના મુખ–પ્રદેશનો અત્યારે સૂકો પડી ગએલો દેશ આપણે માટે રહેવા દીધો છે. આ શબ્દે સં. 'કાચ્છિક (૦ક)' શબ્દ આપ્યો, જેણે પ્રા. 'કચ્છિય' (૦અ) દ્વારા 'શાક વેચનાર' અર્થ આપતો 'કાછિયો' શબ્દ આપ્યો. સં. 'કક્ષ'ના વિકાસમાં તો પ્રા. 'કચ્છ' રૂપ દ્વારા જૂ. ગુ. 'કાછ'—નરસૈંયાએ 'વાચ-કાચ-મન નિશ્ચલ રાખે' એ પંક્તિમાં આપેલો 'કાચ'—હકીકતે 'કાછ', અને એના વિકાસના પૂર્વ સ્વરૂપમાં 'કચ્છો' (હિં. 'કચ્છ') 'લંગોટ'ના અર્થમાં, 'કાછડો' સ્ત્રીઓ સાડીનો નીચેનો આગલો ઘેરાવ તાણી બે પગ વચ્ચેથી કાઢી પાછળ કેડના મધ્ય ભાગમાં ખોસે તે; 'કાછડો વાળવો' તરીકે રૂઢ, અને 'કાછડી' એ રીતે જ લાંગ ખોસેલી હોવાને કારણે ધોતી-પોતલી-પંચિયું પહેરતાં, અને પછી એ જ રીતે પહેરેલી નાની પોતલી. પેલા પ્રદેશવાચક 'કચ્છ' શબ્દના ગુ. વિકાસમાં 'કચ્છી' વિ. તરીકે 'કચ્છને લગતું'-'કચ્છવાસી' અને સ્ત્રીલિંગે 'કચ્છની બોલી કે ભાષા.'

કે. કા. શાસ્ત્રી

આત્મકથાનો ખેરીચો

આપણી ભાષાનું ચરિત્ર-સાહિત્ય એકંદરે સંતોષપ્રદ જણાતું નથી. એ સાહિત્યપ્રકારની પૂરી શક્યતાઓ સાથે ખિલવણી પણ થઈ જણાતી નથી. સામાન્યત: એ દિશામાં જે કાંઈ નાનામોટા પ્રયત્નો થયા છે અને થતા રહે છે તે યશોગાન કે હકીકતના નિરૂપણથી વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી શકેલા ભાગ્યે જ જણાશે. (મહાત્મા ગાંધીજીની આત્મકથા જેવી કેટલીક ગણીગાંઠી કૃતિઓના અપવાદથી અનુભવાતો આપણો આત્મસંતોષ અને આત્મગૌરવ માફ!)

આ દિશામાં સ્વાતંત્ર્ય સૈનિક અને ગુજરાતના સપૂત કમળાશંકર પંડ્યાની આત્મકથા 'વેરાન જીવન'* પણ અપવાદ બની શકી નથી. આ ચરિત્ર મુખ્યત્વે ૧૯૨૦ થી ૧૯૭૨ સુધીનો લેખકના જીવનનો સમયગાળો આવરી લે છે. એમણે હિંદની સ્વાતંત્ર્ય-ચળવળમાં જે રીતે ભાગ લીધો, ગુજરાત એમાં જે રીતે તરબોળ બન્યું અને હિંદે જે રીતે લડત ચલાવી તેનો અદ્ભુત ચિતાર આ કથામાં મળી રહે છે. આથી લેખકના થોડા જીવનના પ્રસંગોને બાદ કરતાં આ ચરિત્ર પ્રમુખતયા ગુજરાતની રાજકીય ને સામાજિક પ્રવૃત્તિઓનો સંચય બની રહે છે. આવી ધમધમતી પ્રવૃત્તિઓમાં ધસમસતા પૂરની જેમ ઊછળતા લેખકના જીવનવિકાસની કડીબદ્ધ કથા અહીં સાંપડતી નથી. એમનો આશય જ કદાચ એ તરફ ઝોક આપવાનો નથી.

સમગ્ર કથાનું વાચન લેખકના જાહેર વ્યક્તિત્વનો સમ્યક્ પરિચય કરાવી રહે છે. જો કે આત્મકથાના વાચકને કથાનાયકના જીવનવિકાસમાં તેમની આંતરિક અને અંગત ક્રિયાપ્રક્રિયાઓએ શો ભાગ ભજવ્યો તે જાણવાની જે ઉત્કંઠા સાહજિક રીતે જ હોય છે, તે અહીં વણસંતોષાએલી રહેવા પામી છે. આથી આ કથાને એના રાજકીય-સામાજિક વાતાવરણના વિશિષ્ટ પરિપ્રેક્ષ્યમાં જ નાણવા-માણવાની રહે છે. એક વાત બહુ સ્પષ્ટ છે કે સમાજવાદના અદમ્ય આગ્રહી લેખકે દેશ અને સમાજને ઊંચે લાવવાનાં જે સ્વપ્નો સેવ્યાં હતાં, તે માટે જે પુરુષાર્થ કર્યો હતો તેની ફલશ્રુતિ રૂપે આજના આપણા રાષ્ટ્રને રાષ્ટ્રીય જીવનની દુર્દશા જ્યારે એમને જોવા મળે ત્યારે સ્વાભાવિક રીતે જ એક ઘોર નિરાશાનું વાદળ છાયી જાય! પરિણામે એમને બધું 'વેરાન' જેવું લાગે. આથી પ્રેરાઈને જ એમણે આ આત્મકથાનું શીર્ષક 'વેરાન જીવન' પ્રયોજ્યું છે. જો કે એમનું જીવન, અહીં નિરૂપાએલ પ્રવૃત્તિબાહુલ્યના સંદર્ભમાં, વેરાન કઈ રીતે હોઈ શકે તે પ્રશ્ન કોઇને પણ થાય. રાષ્ટ્રનું જીવન વેરાન લાગે તે સ્વાભાવિક છે. છેલ્લા પ્રકરણમાં એમણે આ સચોટ નિરૂપ્યું પણ છે. આમ, આ શીર્ષક 'રાષ્ટ્રકથા'નું હોવું જોઇએ તે 'આત્મકથા'ને વળગાડવામાં આવ્યું છે તેથી પ્રતીતિકર પણ લાગતું નથી. અતિશય આશાવાદનો આ એક જોરદાર પ્રત્યાઘાત માત્ર જ છે!

એમનાં કથનોમાં સચ્ચાઈ છે, નિખાલસતા છે, નીડરતા છે. સરદાર–ગાંધી વિષેના એમના અભિપ્રાયો અને આરંભની એમની નેહરુભક્તિ આના પુરાવા રૂપ છે. પરન્તુ પછી પલટાતી પરિસ્થિતિનું તટસ્થ નિરીક્ષણ કરી તેનું નિરૂપણ કરવાની તેમની હામ પણ અછતી રહેતી નથી. ધીમેધીમે નેહરુ વિષેનો એમનો વ્યામોહ ઘટતો જાય છે અને સરદાર પ્રત્યે સમભાવ પ્રગટતો જાય છે તે પણ એમણે એટલી જ ઉત્કટતાથી રજૂ કર્યું છે. આ ઉપરાંત અનેક સ્વાતંત્ર્ય સૈનિકોની નામસ્મૃતિ લેખકના વિશાળ અનુભવ અને તીવ્ર સ્મરણશક્તિની દ્યોતક છે.

પરિશિષ્ટો સહિત ૫૧૨ પૃષ્ઠોનો આ દળદાર ગ્રંથ ધૈર્યવાન વાચકને રાજકીય ઇતિહાસના પુસ્તક–વાચનનો આનંદ અચૂક આપશે, તો સાથે સાથે એક સારી ચરિત્રકથા વાંચવાની અપેક્ષાની નિરાશાનો આંચકો પણ આપશે. વાક્યરચનાની ક્લિષ્ટતા, જોડણીની અસંખ્ય ભૂલો, ભાષાશૈલીનું ખરબચડાપણું, અભિવ્યક્તિની પણ ક્યારેક સંદિગ્ધતા અને 'હું'નું ઊપસી આવતું ભારણ આ ચરિત્રકથાને એક સુંદર કૃતિ બનતાં અટકાવે છે. આમછતાં, લેખકની નિર્ભેળ ભાવનાશીલતા, દિલની સચ્ચાઈ, સ્વાતંત્ર્યસંગ્રામનો ભવ્ય પુરુષાર્થ અને સમાજ તથા રાષ્ટ્રના નવનિર્માણની અદમ્ય તાલાવેલી, આ બધાંને પરિણામે એમની ત્યાગશીલતા, નિ:સ્વાર્થભાવના અને નિરાડંબરી જીવનપ્રવૃત્તિઓ કોઈ પણ વાચકને એમના પ્રત્યે માનની લાગણી જન્માવ્યા વગર રહેશે નહિ. આત્મકથાના સાહિત્યસ્વરૂપની દૃષ્ટિએ આ ગ્રંથને માણનાર–મૂલવનારને નિરાશા ભલે મળે, પણ સ્વાતંત્ર્યસંગ્રામનો એક રોચક આલેખ પામ્યાનો સંતોષ તો જરૂર મળશે જ. જેવો છે તેવો આત્મકથાનો આ ખેરીચો એક વાર વાંચી જવા જેવો તો છે જ.

—ધીરુ પરીખ

* પ્રકા૦ કમળાશંકર પંડ્યા સન્માન સમિતિ (૮ માતૃછાયા, કલામંડળ ખાંચો, વડોદરા) મુંબાઈ-ઇન્દોર; પાકું પૂઠું, પૃ. ૫૧૨, રૂ. ૨૦

પતંગનો પ્રવાસ: વિલીનિલી નામક પતંગના દેશવિદેશના પ્રવાસની આ કિશોરકથા એવી જ કિશોરભોગ્ય શૈલીમાં દેશદેશના લોકો, સમાજ, વાતાવરણ વગેરેનો રસિક પરિ-

ચય કરાવતી હોઈ સહુ હોંશેહોંશે તે વાંચશે. મનોરંજન દ્વારા સાહિતી પીરસવાનો લેખિકા જયવતી કાજીનો આ સર્જનશ્રમ લેખે લાગેલો જોઈ શકાશે. (પાકું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૪.)

શિલ્પા : દેવજી રા. મોઢાનાં એક સો પાસાદર સૉનેટોનો આસ્વાદ્ય સંગ્રહ. (પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૫.)

અંબા : પ્રો. ગોવિંદભાઈ પટેલનું પૌરાણિક વસ્તુ તથા પાત્રને આધારે રચાએલું ત્રિઅંકી પદ્યરૂપક. (કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૩-૫૦.)

ગીતોત્સવ : ત્રણ સંગીત રૂપકો અને કેટલાંક અન્ય કાવ્યો પ્રગટ કરતો સ્વ. સ્વપ્નસ્થનોઆ સંગ્રહ એમાંની ઊર્મિને ભાવવાહી ઢાળો તથા શિષ્ટ અભિવ્યક્તિને કારણે રોચક બની રહેશે. (પાકું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૬.)

ચાલો ચોર પકડીએ : સાહિત્યક્ષેત્રે બાળનાટકોની જે ખોટ વર્તાયા કરી છે તેને પૂરવાનો શ્રી પ્રાગજી ડોસા લિખિત આ દ્વિઅંકી બાળનાટક તેના વિષય, રજૂઆત અને અભિનય ક્ષમતાને લઈને એક સફળ પ્રયાસ છે. (કાચું પૂઠું, પૃ. ૯૮, રૂ. ૩.)

બાલગોવિંદ પ્રકાશન

ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

મન મજબૂત : જીવન સાબૂત-ભાગ ૧-૨ : મજબૂત મન જીવનને જીવવાલાયક કેવી રીતે બનાવે છે તે હકીકત રજૂ કરતી શ્રી ઈશ્વરભાઈ પટેલની ૯ (ભાગ ૧માં) તથા ૧૭ (ભાગ ૨માં) લઘુ દૃષ્ટાંત કથાઓની આ કિશોરોપયોગી પુસ્તિકાઓ પ્રેરક વાચન પૂરું પાડે તેવી છે. (કાચું પૂઠું, પ્રત્યેક ભાગના રૂ. ૧-૫૦)

મૂંઝવતું બાળવર્તન : બાળકના વર્તનને સમજી એનો સહાનુભૂતિપૂર્વક ઉછેર કરવામાં ઉપયોગી થાય તેવું, દંપતીએ વાંચવા જેવું પુસ્તક. (પાકું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૨-૭૫)

અમૃતવલ્લી : ગાંધી વિચારધારાના જાણીતા ચિંતક શ્રી મનુભાઈ પંચોળી-'દર્શક'ના ગાંધીચિંતનના ૮ લેખોનું મનનીય પુસ્તક. (પાકું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૩-૭૫)

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ ૨૮ : ઈ. ૧૯૨૫ના ઑગસ્ટથી નવેમ્બર દરમિયાનનાં ગાંધીજીનાં લખાણો, ભાષણો, પાત્રો વગેરેનો ઉપયોગી સંચય, જેમાંથી ગાંધીજીની દેશભક્તિનું સ્પષ્ટ દર્શન પામી શકાય છે. (પાકું, પૃ. ૪૬૦, રૂ. ૧૬ાા.)

ગાંધીજીનો અક્ષરદેહ ૨૯ : ૨૨મી નવેમ્બર ૧૯૨૫થી ૧૦મી ફેબ્રુઆરી ૧૯૨૬ સુધીના ગાળાનાં મહાત્મા ગાંધીજીનાં લખા-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



જયશંકર 'સુંદરી'

પૂરું નામ જયશંકર ભૂધરદાસ ભોજક, પણ જૂની ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ પરના 'સૌભાગ્ય-સુંદરી' નાટકની નાયિકાના એમના સુંદર-સચોટ અભિનયથી 'સુંદરી' નામે વિખ્યાત અદાકાર. જન્મ : વીસનગરમાં સંવત ૧૯૪૫ના પોષ વદિ ૧૪. નવ વર્ષની વયથી આરંભી સાડા ત્રણ દાયકા સુધી રંગભૂમિ પર સ્ત્રીપાત્રો ભજવ્યાં. નિવૃત્તિ પછી યે અવેતન રંગભૂમિ સાથે સંકળાએલા રહ્યા. અમદાવાદમાં સ્થપાએલા 'નાટચવિદ્યા મંદિર'ના આચાર્ય તથા 'નટમંડળ'ના નિયામક તરીકે પણ કામ કર્યું. 'રંગભૂમિના મારા સહયોગીને', 'મારું સ્વપ્ન ફળશે કે સ્વપ્નનું ખંડેર થશે?' તથા 'ભવાઈ અને તરગાળા' વગેરે લાગણીભર્યા ને માહિતીપ્રદ લેખોના લેખક. ઈ. ૧૯૬૩ની 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના કલાવિભાગના પ્રમુખ. રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સરકાર તથા રાષ્ટ્રપતિ પારિતોષિક અને 'પદ્મભૂષણ' પદકથી વિભૂષિત અભિનેતા.

૧ આપે કુલ કેટલી નાઇટ ને કેટલાં પાત્રો ભજવ્યાં હશે?

ઉ. લગભગ સાડા ત્રણ દાયકાની કારકિર્દીમાં આઠેક હજાર નાઇટ. આમાં એક 'મેના ગુર્જરી'માં પિતાની ભૂમિકા ભજવવા સિવાય ૬૦ જેટલાં નાટકોમાં સ્ત્રીપાત્રમાં જ રજૂ થયો છું.

૨ એમાંથી આપને પોતાને કઈ ભૂમિકાઓ વધુ ગમી?

ઉ. 'સૌભાગ્ય સુંદરી'માં સુંદરી—ની મારી ભૂમિકાથી લોકોએ મને 'સુંદરી'ના અભિધાનથી વધાવી લીધો એ ખરું, પણ મારે મન 'જુગલ જુગારી'ની લલિતા તથા 'કામલતા'ની કામલતા તરીકેના મારા અભિનયનું મૂલ્ય વધુ છે.

૩ આપના સમયનાં અને આજનાં નાટકો વિષે કંઈ કહેશો?

ઉ. એ સમયનાં નાટકો લાંબાં અને મુખ્યત્વે ગીતપ્રધાન ને ભાવપ્રધાન રહેતાં. અનુભવી નટો એ ભજવતા. ગીતો પર અનેક વન્સમોર મળતા એથી એ નાટકો મોડી રાત સુધી લંબાતાં. આજે એવો ઉપાડ-ઉઠાવ જણાતો નથી. આજે નવીનતા ખરી, પણ તેમાં ચલચિત્રો અને વિદેશી નાટકોની અસર તથા જાતીય વાતો વધુ. સ્પર્ધા અને નામના તરફનું વલણ વધારે. ગુજરાતને આજે મૌલિક નાટકોની ઘણી જરૂર છે.

૪ ભવાઈ વિષે કંઈ કહેશો?

ઉ. એ એક લોકકળા છે. નાટકનું એ ઉગમ સ્થાન ભલે ન હોય પણ એક સ્વરૂપની દૃષ્ટિએ એનું મહત્વ છે જ. ગીત-સંગીત ને નાટચનું તેમાં સંમિશ્રણ છે. એના તાલ તો અદ્વિતીય છે. સામાજિક માન્યતાઓનું એમાં દસ્તાવેજી પ્રતિબિંબ જોવા મળે છે. એના ૩૬૦ વેશોમાં રહ્યુંસહ્યું યે હવે જવા બેઠું હોઈ એ દિશામાં સંશોધનાત્મક ને સર્જનાત્મક કામ થવું જરૂરી છે.

૫ નાટચક્ષેત્રે આપની સફળતા ને પ્રતિષ્ઠાનાં કારણો કહેશો?

ઉ. મારી ભૂમિકાનો હું સર્વાંગી અભ્યાસ કરતો. પાત્રની લાક્ષણિકતા ઉપસાવવા એના વ્યક્તિત્વને અનુરૂપ એની ઢબછબ, ચાલ, અવાજ, એના સમયને અનુરૂપ વેશપરિધાન વગેરેની સચોટતા આણવા અત્યંત કાળજી રાખતો. આ માટે સમાજના પ્રત્યેક સ્તરની સ્ત્રીઓનું હું ઊંડું નિરીક્ષણ કર્યા કરતો.

૬ નવોદિતો માટે આપની સલાહ?

ઉ. નાનું કે મોટું જે પાત્ર ભજવવાનું આવે તે સ્વીકારી તેના મય બની જવું. દિગ્દર્શકનાં સૂચનોને બરાબર અનુસરવું અને ક્ષોભરહિત અભિનય આપવો. પ્રસિદ્ધિ માટે વલખાં ન મારવાં.

૭ હાલની આપની ચર્યા?

ઉ. છેલ્લાં દસેક વર્ષથી પ્રભુમય જીવન ગાળું છું. નાટકમાં જે આનંદ મળતો એ જ આમાં પણ મળે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'ના ચાર ભાગ, 'વિનયોપાસના' અને 'શ્રીમદ્ લઘુરાજ સ્વામીના ઉપદેશામૃત'નું વાચન પણ ગમે છે. જીવનના અંત સમયે શ્રીમદ્ રાજચંદ્ર વાંચી સંભળાવવાનું પુત્રોને સૂચવી રાખ્યું છે. હું માનું છું કે નિષ્ઠાપૂર્વક જીવનારને વિના પ્રયાસે મોક્ષ મળે જ છે.

જયશંકર ભોજક સુંદરી

ણો, ભાષણો, પત્રો અને પ્રવૃત્તિઓનો ખયાલ આપતા આ ગ્રંથમાં દક્ષિણ આફ્રિકાના હિંદી વસાહતીઓનો પ્રશ્ન અગ્રસ્થાને છે. ઉપરાંત એમાં સત્યાગ્રહાશ્રમના ઉદ્દેશો રજૂ કરતા ટ્રસ્ટ-ડીડ જેવા કીમતી દસ્તાવેજોનો પણ સમાવેશ કરાયો છે. (પાકું પૂઠું, પૃ. ૪૦૫, રૂ. ૧૬–૫૦.)

ગાંધીજીનો અક્ષરદેહ ૩૦ : ઈ.૧૯૨૬-ની ૧૧મી ફેબ્રુઆરીથી ૧૪મી જૂન સુધીની કાલાવધિને આવરી લેતાં મહાત્માજીનાં લખાણોનો આ ગ્રંથ એક વર્ષ સાબરમતી આશ્રમમાં નિવૃત્તિ ગાળવાના આરંભને લગતો છે, જેમાં વર્ગભેદ નાબૂદી, દલિતોદ્ધાર, અહિંસા વગેરે પરના એમના વિચારો મક્કમતાથી વ્યક્ત થાય છે.-(પાકું પૂઠું, પૃ. ૫૯૩, રૂ. ૧૬–૫૦.)

ગાંધીજી–જીવન અને વિચાર : મહાત્માજીના અંતેવાસી આચાર્ય કૃપાલાની લિખિત ગાંધીજીના એક સત્યાગ્રહી તરીકેના વ્યક્તિત્વને સમ્યક્ રીતે પ્રગટ કરતા, જીવન તથા વિચારોની અધિકૃત છણાવટ કરતા આ ગ્રંથને ગુજરાતના સમર્થ અનુવાદક નગીનદાસ પારેખે ગુજરાતીમાં ઉતાર્યો છે, જે ગાંધી-અભ્યાસીઓને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. (પાકું પૂઠું, પૃ. ૪૮૨, રૂ. ૧૫.)

શ્રી રામકથા ૧-૨-૩ : રામાયણના બાલકાંડ ને અરણ્યકાંડના મુખ્ય મુખ્ય પ્રસંગોને સુસંકલિત કરી રોચક શૈલીમાં દેસાઈ વાલજી ગોવિંદજીએ રજૂ કરેલી રામકથાની બીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૧–૭૫.)

શ્રી રામકથા ૪-૫-૬-૭ : કિષ્કિન્ધા, સુંદર, યુદ્ધ અને ઉત્તરકાંડને આવરી લેતી રામકથાની બીજી આવૃત્તિ. (કાચું, પૃ. ૧૨૨, રૂ. ૨.)

પ્રકાશન વિભાગ

(હિંદી પ્રકાશનો)

પતિયાલા હાઉસ, નવી દિલ્હી–૧

સંપૂર્ણ ગાંધી વાઙ્મય–ખંડ ૪૯ : ૪થી જાન્યુઆરીથી મે આખર ૧૯૩૨ સુધીના સમયગાળાના સાહિત્યને આવરી લેતો આ ખંડ, ગાંધીજી ગોળમેજી પરિષદમાંથી પાછા ફર્યા બાદ કેદ પકડાયા તે સમયની તેમની યરવડા જેલ દરમિયાનની પ્રવૃત્તિઓનો ચિતાર આપે છે. (કાચું પૂઠું, પૃ. ૫૩૭, રૂ. ૭–૫૦)

સંપૂર્ણ ગાંધી વાઙ્મય–ખંડ ૫૦ : જૂનથી ૩૧મી ઑગસ્ટ ૧૯૩૨ સુધીના ગાળાને આવરી લેતા આ ખંડમાં દલિત વર્ગો પ્રતિ બ્રિટિશ પ્રધાનમંત્રીનું અપમાનજનક વલણ, તે માટે ૨૦મી સપ્ટેમ્બરથી ગાંધીજીએ શરૂ કરેલા આમરણ ઉપવાસ તથા સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ જેવી મહત્ત્વની દસ્તાવેજી સાહિત્ય-સામગ્રી સંગૃહીત થઈ છે. (કાચું પૂઠું, પૃ. ૫૧૧, રૂ. ૭–૫૦.)

જ્ઞાન–સરોવર ખંડ ૫ : ભારતની આમ જનતાની સર્વક્ષેત્રીય જ્ઞાનક્ષુધા સંતોષવા માટે ભારત સરકારે વિશ્વકોશની જે યોજના ઘડી તેમાંનો આ પાંચમો ભાગ, વિજ્ઞાન, ઇતિહાસ, કેટલાંક જીવનચરિત્ર, સાહિત્ય, ખેલકૂદ વગેરે બાબતોનું લોકભોગ્ય ભાષામાં શ્રદ્ધેય જ્ઞાન આપે છે. (પાકું પૂઠું, પૃ. ૪૩૨, રૂ. ૯.)

મહારાણા પ્રતાપ : મહારાણા પ્રતાપની ત્યાગ અને શૌર્યપ્રેરક કિશોરભોગ્ય જીવનકથા (લે. રઘુવીરસિંહ, કાચું, પૃ. ૭૬, રૂ. ૨ાા.)

ભારત કે ગૌરવ (છઠ્ઠો ભાગ) : સાંસ્કૃતિક, ધાર્મિક, સાહિત્યિક, રાજકીય એમ વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ભારતનાં વિવિધ રાજ્યોની વિવિધ કાળની વિભૂતિઓનો સંક્ષેપમાં પરિચય કરાવતું ઉપયોગી પ્રકાશન. (કાચું પૂઠું, પૃ. ૧૫૪, રૂ. ૨–૫૦.)

આશુતોષ મુખર્જી : ભારતના રાષ્ટ્રીય પુનરુત્થાનમાં પોતાનો મહત્ત્વનો ફાળો નોંધાવનાર બંગાળના સપૂત આશુતોષ મુખર્જીના પ્રેરક ચરિત્રની પુસ્તિકા. (લે. શશધર સિન્હા; કાચું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૩–૫૦.)

પંજાબ : પંજાબ રાજ્યની વિવિધ ક્ષેત્રીય શ્રદ્ધેય માહિતી પૂરી પાડતી પુસ્તિકા. (લે. શેરસિંહ ગુપ્તા; કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૨.)

સચ્ચી જાસૂસી કહાનિયાં ભાગ-૨ : પોલીસના અનુભવમાં આવેલી સાચી ૨૦ અપરાધ-કથાઓનો રસિક સંચય. (કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૨–૨૫.)

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ–૧

ભારતદર્શન : ભારતના વિવિધ પ્રદેશોની વિવિધક્ષેત્રીય શ્રદ્ધેય ને સચિત્ર માહિતી પૂરું પાડતું શંકર ભટ્ટ લિખિત ઉપયોગી પુસ્તક. (કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૩.)

ભક્તકવિ રણછોડ : તોરણાના ભક્તકવિ રણછોડનો એમનાં ૭૧ પદો સાથે અહીં ડૉ. બહેચરભાઈ ર. પટેલે જે પરિચય કરાવ્યો છે તે સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૧–૨૫)

જીવનઘડતરની વાતો : ચારિત્ર્યઘડતર માટે ઉપયોગી સદ્‌ગુણો પ્રેરતી દૃષ્ટાંતકથાઓનો આ નાનકડો સંગ્રહ સાત્ત્વિક વાચન પૂરું પાડતો હોઈ પ્રત્યેકે વાંચવા જેવો ને શિક્ષણસંસ્થાઓએ તો વસાવવા જેવો છે. (લે. મુકુલભાઈ કલાર્થી, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૧.)

મહર્ષિ દુર્વાસા : પૌરાણિક ઋષિ દુર્વાસાના જીવનના કેટલાક આશ્ચર્યકારક પ્રસંગોને નિરૂપતી સંક્ષિપ્ત ચરિત્રરેખાના લેખક છે કૃષ્ણપ્રસાદ ભટ્ટ (કાચું પૂઠું, પૃ. ૬૪, ૫૦ પૈસા.)

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુજરાત પાગા, વડોદરા–૧

અધ્યાત્મ–તત્ત્વ–સુધા : અધ્યાત્મ જેવા ગહન વિષયની વિનોબાજી જેવા અધિકારી સંતે એમનાં અનેક વ્યાખ્યાનોમાં જે સરલ સહજ ચર્ચા કરેલી છે તે પ્રવચનોમાંથી કેટલાંક હિંદીમાં 'વિનોબા ચિંતન' નામક પુસ્તકમાં સંગૃહીત કરાએલાં, જેનો આ ગુજરાતી અનુવાદ ભગિનીદ્વય 'હરિશ્ચન્દ્રે' કરેલો છે. અધ્યાત્મ માર્ગના જિજ્ઞાસુને ખૂબ જ ઉપયોગી આ મૌલિક ચર્ચા જીવનને ઉન્નતમાર્ગે–સર્વોદયને માર્ગે લઈ જવામાં ખૂબ જ ઉપયોગી નીવડે તેમ છે. (કાચું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૨)

તરુણગાન : સ્વદેશાભિમાનથી ભર્યાંભર્યાં ગુજરાતી-હિંદી ૩૧ ગીતોની પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૩૧, ૩૦ પૈસા.)

રામનામ : અધ્યાત્મપુરુષ ગાંધીજીની રામનામ વિષેની અદ્વિતીય શ્રદ્ધા અભિવ્યક્ત કરતાં લખાણોના સંપાદન પરનું વિનોબાજીનું આ સૂક્ષ્મ ભાષ્ય પ્રકાશિત થયું છે, જે મહાત્માજીના વ્યક્તિત્વને અને વિનોબાજીની દૃષ્ટિને સમજાવે છે. (કાચું પૂઠું, પૃ. ૮૮, ૭૫ પૈસા.)

ભાષા-ભૂર

ભાષાલેખનની વધારેમાં વધારે ભૂલો ગુજરાતનાં દૈનિકોમાં થતી હોય છે, કેમ કે ખુદ એના માલિકો અને/અથવા તંત્રીઓ એને વિષે બેદરકાર કે અનભિજ્ઞ હોય છે. એવી એક સામાન્ય ભૂલ 'એમણે' અને 'એમને' પરત્વે થતી જણાય છે. 'એમણે મને કહ્યું' અને 'મેં એમને કહ્યું' એ બંનેનાં વ્યાકરણસ્વરૂપ જુદાં છે. પહેલામાં કર્તા તરીકે ત્રીજી વિભક્તિનો પ્રત્યય છે અને બીજામાં કર્મ તરીકે ચોથી વિભક્તિનો; છતાં અનેકવાર 'એમને મને કહ્યું' જેવા પ્રયોગો એક નહિ પણ ઘણાં દૈનિકોમાં નજરે પડે છે. પછી પ્રજાની ભાષા બગડે એમાં શી નવાઈ?

—અને છેલ્લે

ગયે મહિને ટાંક્યો હતો એવો જ એક પ્રસંગ મથુરાના કવિ માન વિષે 'નવનીતે' આપેલો. કવિ લાહોરમાં પંજાબના રાજા રણજિતસિંહને મળવા ઇચ્છતા હતા, તેમને આહ્વાન આપતાં એક અમલદારે કહ્યું : કવિઓ માત્ર ખુશામતખોર હોય છે. રણજિતસિંહ કાણા છે એ સત્ય તમે એમને મોઢામોઢ કહેશો? કવિએ આ પડકાર ઝીલી લીધો ને બીજે દિવસે દરબારમાં જઈ રણજિતસિંહને આ દુહો કહ્યો :

ઓરન કો દો દો ભઈ, વો અંખિયાં કેહિ કાજ?
તેરી એક હી આંખ મેં કોટિ આંખ કી લાજ?

આ સાંભળી મહારાજા રણજિતસિંહે પ્રસન્ન થઈને કવિને સરપાવ આપ્યો. □

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૪૯ • સળંગ અંક ૩૦૪

ડૉ. નરસિંહ મૂ. શાહની લખેલી 'રોજિંદા જીવનમાં વિજ્ઞાન'ના નામથી ચાલતી લેખમાળામાં ત્યારે 'રેતી' ઉપર એક લેખ આવેલો. એ નાચીઝ નિર્માલ્ય વસ્તુમાંથી તો જીવનમાં ઉપયોગી કેટકેટલી વસ્તુઓ બને છે! જુઓ: કાચ, સિમેન્ટ, સાબુ, વાર્નિશ, રંગીન ઝવેરાત, પ્લાસ્ટિક, રબર... એ લેખનો સારભાગ :

આપણી પૃથ્વી પર બીજા કોઈ પણ મૂળ તત્ત્વ કરતાં ઑક્સિજન વિશેષ આવેલો છે: લગભગ અર્ધોઅર્ધ જેટલો. એ ઑક્સિજનથી બીજે નંબરે વ્યાપી રહેલું તત્ત્વ સિલિકૉન. ઑક્સિજનની સાથે સંયોજનમાં અનેક રૂપે તે મળી આવે છે. સિલિકૉન સ્વતંત્ર અવસ્થામાં ક્યાંય મળતો નથી. પરંતુ આપણી પૃથ્વીની રચનામાં આવેલા ગ્રેનાઈટ અને એવા અન્ય પ્રાથમિકકાળના પથ્થરોમાં સંયોજિત અવસ્થામાં ૨૦-૩૦ ટકા સિલિકૉન હોય છે. આપણા રોજ-બ-રોજના ઉપયોગમાં આવતા આ સિલિકૉનના પદાર્થોમાં રેતી અગ્ર પદે આવે છે. રેતી એટલે સિલિકૉનની ભસ્મ. રાસાયનિક ભાષામાં સિલિકૉન ડાયૉક્સાઈડ અને સામાન્ય ભાષામાં સિલિકા. આ ઉપરાંત પારદર્શક કાચમણિ, ચકમક, અકીક વગેરે ઉપયોગી પદાર્થો પણ એ સિલિકૉન (રેતી)નાં જ વિવિધ રૂપાંતરો છે. આપણી ધરતીની રચનામાં આવેલી શિલાઓ અને જંગી પથ્થરો અનેક સિલિકેટોનાં મિશ્રણ છે. આ શિલાઓ પર વાતાવરણની અસર થવાથી તેઓ તૂટી પડે છે અને એ તૂટેલા ભાગો પાણીના પ્રવાહમાં ઘસાતા જાય છે. પરિણામે આ બારીક ભૂકીના બીજા અંશો નીકળી ગયા પછી જે ચકમક રહે તેનો ઝીણો ભૂકો એટલે રેતી.

રેતી કુદરતમાં બે પ્રકારની મળી આવે છે: (૧) સ્ફટિકમય અને (૨) અસ્ફટિક, કોઈ પણ જાતના સ્ફટિકમય આકાર વિનાની. સ્ફટિકમય રેતીની મુખ્ય ત્રણ જાતો : (૧) ક્વાર્ટ્ઝ (ચકમક); (૨) ટ્રીડાયમાઈટ ને (૩) ક્રિસ્ટો બેલાઈટ. જુદીજુદી ગરમીએ આ ત્રણે જાતોનું અરસપરસ રૂપાંતર કરી શકાય છે. ક્વાર્ટ્ઝને ૧૧૦૦ ડિગ્રીએ ગરમ કરવાથી બને છે. ટ્રીડાયમાઈટ ક્રિસ્ટો બેલાઇટ કેટલાક ખરતા તારા ને જ્વાળામુખી શિલાઓમાંથી મળી આવે છે. પણ એ ત્રણેમાં ક્વાર્ટ્ઝ ખૂબ વ્યાપક રીતે મળી આવે છે. તેના સ્વચ્છ રંગવિહીન સ્ફટિકો નીકળે છે. આવો સફેદ ક્વાર્ટ્ઝ પેબલનાં ચશ્માં ને પ્રકાશ-વિદ્યાના અભ્યાસ માટે ઉપયોગી કાચના સામાન તથા સાધનોની બનાવટમાં વપરાય છે, અને તેની રંગીન જાતો ઝવેરાતમાં ખપે છે.

વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિમાં પણ રેતી મળી આવે છે. વાંસડાઓમાં અને ઘાસનાં સૂકાં પાંદડાંમાં રેતી પુષ્કળ પ્રમાણમાં હોય છે. અશ્વપુચ્છી નામના છોડને બાળવાથી તો તેનું રેતિયું માળખું જ પાછળ રહે છે. કેટલાંક પક્ષીઓનાં પીછાંમાં ૪૦ ટકા જેટલી રેતી હોય છે! ડાયાટમ નામની દરિયાઈ વનસ્પતિના રેતિયા અવશેષો એટલે કિસલગુર તરીકે ઓળખાતી કિંમતી રેતી. આ રેતી છિદ્રાળ હોય છે અને તેનો ઉપયોગ દારૂગોળાની બનાવટમાં તેમજ બીજા ઉદ્યોગોમાં પુષ્કળ થાય છે.

શુદ્ધ રેતી તો સફેદ હોય છે; પરંતુ તેમાં લોહ યા બીજી અશુદ્ધિઓ આવવાથી તે રંગીન થાય છે. પૃથ્વીના પેટાળમાં કુદરતી બળો વડે રેતીના દાણા લોહભસ્મ યા બીજાં મૂળતત્ત્વોનાં સંયોજનની સાથે જોડાઇને જે પથ્થર બને તે વેળુપાષાણ (sandstone) કહેવાય છે. આ પથ્થરો શિલ્પસ્થાપત્યમાં, ઍમરીની બનાવટમાં તથા કાચના ઉદ્યોગમાં ઉપયોગી થાય છે.

રેતીની બધી જાતો ૧૬૦૦ ડિગ્રીની ગરમીએ પોચી પડવા માંડે છે. ઑક્સિજન-હાઇડ્રોજનના ફૂંકણી (Blow-pipe)ની ગરમીમાં તે ઓગળી જાય છે, અને ૨૨૩૦ ડિગ્રીએ વીજળીની ભઠ્ઠીમાં તો તે ઊકળે છે. ઓગળેલી રેતીમાંથી કાચના જેવાં વાસણો બનાવાય છે. એ 'ક્વાર્ટ્ઝ કાચ' કહેવાય છે. તેની વિશિષ્ટતા એ છે કે તેનો પ્રસરણાંક એકદમ ન્યૂન હોવાથી એવા કાચની ચીજોને ગમે તેટલી લાલચોળ તપાવીને એકદમ પાણીમાં ડુબાડવાથી તે તૂટતી નથી. સામાન્ય કાચની ચીજના તો આ સ્થિતિમાં ભૂકેભૂકા ઊડી જાય છે.

અસ્ફટિક રેતી કુદરતમાં અનેકવિધ રૂપે મળી આવે છે. તેની સાથે ક્વાર્ટ્ઝ યા ટ્રીડાયમાઈટ મિશ્ર થવાથી જાતજાતનાં ઝવેરાત બને છે. તેમાં લોઢાની છાંટ હોય તો રાતો રંગ પેદા થાય છે; નિકલ હોય તો લીલાશપડતો રંગ આવે છે. ઉપલ પણ આ પ્રકારનો જ પદાર્થ છે અને અકીક પણ એમાં જ સમાઈ જાય છે. આ બધાં સસ્તાં ઝવેરાત તરીકે વપરાય છે.

રેતી અને કોલસાના ભૂકાને ૫-૩ના પ્રમાણમાં મેળવીને તેમાં થોડો લાકડાનો વેર તથા મીઠું નાખીને વીજળીની ભઠ્ઠીમાં ૧૫૫૦-૨૨૦૦ ડિગ્રીએ ગરમ કરવાથી સિલિકોન કાર્બાઈડ બને છે. આ પદાર્થની શોધ ઈ. ૧૮૯૧માં થઈ હતી. તેને કાર્બોરૅન્ડમ કહે છે અને તે હીરા જેટલો સખત પદાર્થ છે. આજે તો તેનો ઉપયોગ ઉદ્યોગોમાં પુષ્કળ વધી પડયો છે. ઍમરીને બદલે તે ખૂબ વપરાય છે.

કુદરતમાંથી મળી આવતા બીજા સિલિકેટ ક્ષારોમાં અબરખ, શંખજીરું, ઍસ્બેસ્ટૉસ, ચીની માટી વગેરે ઉપયોગી પદાર્થો છે. શંખજીરું એ કાગળ, કાપડ, રબર ને સાબુના ઉદ્યોગોમાં ખૂબ વપરાય છે. ફેઈસ પાઉડર વગેરેની બનાવટમાં પણ તેનો ઉપયોગ થાય છે, શંખજીરું બિહાર, ઓરિસ્સા, મદ્રાસ, મ્હૈસૂર ને આપણા ઈડરમાંથી ખૂબ નીકળે છે. ઍસ્બેસ્ટૉસની માગણીનો ૮૫ ટકા ભાગ કૅનેડા પૂરો પાડે છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં સિલિકાનો ઉપયોગ ઉદ્યોગોમાં ખૂબ વધવા લાગ્યો છે. અમેરિકામાં હમણાં રેતીના તત્ત્વવાળા એવા પદાર્થો શોધાયા છે કે જેનો ઉપયોગ ઉદ્યોગોમાં મહત્ત્વનો થઈ પડયો છે. વીજળીની મોટરની આવરદા જેનાથી બમણી થાય છે તે વીજરખું (insulating) વાર્નિશ રેતીમાંથી જ બનાવવામાં આવ્યું છે. ઉપરાંત રેતીમાંથી પ્લાસ્ટિકો, છાંટણાં તથા ઊંજણાંનાં તેલ શોધાયાં છે. તેમાંથી એક નવું રબર પણ તૈયાર કરવામાં આવ્યું છે, ને અતિશય ગરમીને કારણે જ્યાં કુદરતી રબર કામમાં ન આવી શકે ત્યાં આ રબરનો ઉપયોગ કરી શકાશે એમ માલૂમ પડયું છે. આ બધા પદાર્થો સામાન્યતઃ સિલિકોન (silicone) તરીકે ઓળખાય છે, પણ તેની બનાવટ માટે જોઈતો મુખ્ય કાચો માલ તો રેતી, કોલસો, તેલ અને મીઠું છે. આ ઉપરાંત તેમાં ખાસ જરૂરની વસ્તુ મૅગ્નેશિયમ ધાતુ છે.

રેતી જેવી નિર્માલ્ય લેખાતી ચીજ આપણા જીવનમાં આવો અગત્યનો ભાવ ભજવે છે. પરંતુ તેના બે ખાસ મહત્ત્વપૂર્ણ ઉપયોગોનો ઉલ્લેખ તો હજી બાકી છે. એક તો, આપણા જીવનની પ્રથમ જરૂરિયાત પાણીને શુદ્ધ કરવામાં રેતી વપરાય છે. મોટાં શહેરોમાં મ્યુનિસિપાલિટીઓ પીવાનું જે પાણી પૂરું પાડે છે તે શહેરીઓનાં આરોગ્યને ખાતર સાફ કરીને જ પૂરું પાડે છે. રેતીના થરોમાંથી પાણીને પસાર કરવાથી તેમાં રહેલી અમુક અશુદ્ધિઓ દૂર કરી શકાય છે. નદીકાંઠે આવેલાં ગામોમાં લોકો વીરડા ગાળીને પાણી ભરે છે તેમાં પણ પાણી નદીની રેતીમાંથી ગળાઈને નીકળે છે એટલે તે પાણી શુદ્ધ હોય છે એ આપણો અનુભવ છે. ટૂંકામાં, રેતી પાણી શુદ્ધ કરવાનું સાધન છે.

રેતીનો બીજો મહત્ત્વનો ઉપયોગ તે આપણી આધુનિક સંસ્કૃતિમાં અતિ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવનાર કાચની બનાવટ—એ ઉદ્યોગ રેતી ઉપર જ નિર્ભર છે. □

વૃક્ષવેલ પરિચય-૨૦ · શીમળો



શાલ્મલિને નામે આપણા પ્રાચીન સાહિત્યમાં અનેક વાર ઉલ્લેખ પામેલા શીમળાનું ઊંચું ને ઘેરાવદાર વૃક્ષ ભારતમાં લગભગ સર્વત્ર અને કોંકણમાં વિશેષ જોવા મળે છે.

શંકુ આકારના કાંટાઓથી છવાએલી ભૂખરી છાલ, બંને છેડે સાંકડી ને પંખાકારે ગોઠવાએલી ૫–૭ ચળકતી લીલી ને કડક પર્ણિકાવાળાં મોટાં પાન; પાનખરમાં પર્ણરહિત વૃક્ષ પર શાખાને છેડે વસંતમાં ખીલી ઊઠતાં ઝૂમખાબંધ મોટા લાલ ફૂલ ને એ પછી કડક કોચલાંવાળાં અંડાકાર ફળ, એ એની ઓળખ છે. પણ આ ફળ પાકીને ઝાડ પર જ, યા નીચે ખરી પડીને ફાટે છે ત્યારે તેમાંથી સુંદર સુંવાળી રુંવાટીવાળાં ઝીણાં બીજ પવનના જોરે ચોપાસ ઊડવા લાગે છે એ એની એક આગવી લાક્ષણિકતા છે. આ બીજથી યા કાપ-કલમથી શીમળો ઊગે છે. વીથિવૃક્ષ કે છાયાવૃક્ષ તરીકે શીમળો સુંદર વૃક્ષ છે, અને ઉપયોગી પણ.

શીમળાનાં બીજ પરની રુંવાટી (રૂ) ટૂંકી ને રેશમ જેવી હોઈ એ કાંતી નથી શકાતી, પણ ઓશીકાં-ગાદલાંમાં ભરવા માટે ઉત્તમ છે. એનાં ફૂલની કળીનું શાક થાય છે. એનાં બીજમાંથી નીકળતું તેલ ખાવામાં, બાળવામાં ને સાબુ બનાવવામાં વપરાય છે. એનો ખોળ ને પાલો ઢોરને અપાય છે. એનું સફેદ કણીદાર લાકડું બહુ પોચું હોઈ તથા જલદી ઊધઈ લાગતી હોઈ બીજાં કામમાં તો નહિ, પણ દીવાસળી, ખોખાં વગેરે બનાવવા માટે ઉત્તમ છે. પાણીમાં એ વધુ ટકે છે. શીમળાનો ગુંદર–મોચરસ નામે ગડગૂમડ પર વપરાય છે. કૂમળાં મૂળ કફઘ્ન ને રક્તશોધક તથા પાકટ મૂળ પ્રમેહ તથા મરડા માટે ગુણકારી મનાય છે. અંતરછાલના રેસા દોરડાં વણવામાં કામ લાગે છે. ટૂંકમાં શોભામય હોવા સાથે આ વૃક્ષ અનેક રીતે ઉપયોગી છે.



અર્ઘ્યાંજલિ

નથી હું દોષ દેતો મારી હાલતનો વિધાતાને,
બધી હાલતમાં જીવું છું વિધિનાં દાન સમજીને.
વ્યથા આફત જો આવે કે હૃદયને ચોટ લાગે છે,
તો સ્વાગત કરી લઉં છું એને મહેમાન સમજીને.
નથી મારે મુસીબતથી હવે ડરવાનું કૈં કારણ,
જીવન હું જીવી જાણું છું જીવન આસાન સમજીને.

—વલી લાખાણી

નિષ્ઠાવાન, કલારસિક, વિદ્યાર્થીભક્ત સિંધી દેશસેવક પ્રાધ્યાપક મલકાની

મને હમણાં જ સમાચાર મળ્યા કે અમારા જમાનાના એક ઉત્કૃષ્ટ રાષ્ટ્રસેવાપરાયણ, અધ્યાપક અને મારા પ્રિય મિત્ર શ્રી નારાયણ મલકાનીનો ગાંધીધામ કંડલામાં તા. ૧૮મી ફેબ્રુઆરીએ દેહાન્ત થયો. સાંભળતાં જ, દુઃખ સાથે, એ બધા પુરાણા દિવસોની યાદ આવી ગઈ કે જ્યારે અમે—એ જમાનાના યુવાનો (ગાંધીજી કાયમ માટે ભારત આવ્યા તે પહેલાં), પોતપોતાની મતિ અનુસાર, અંગ્રેજોની રાજસત્તા તોડીને ભારતને આઝાદ કરવા માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થયા હતા. આવા યુવાનો જ્યાં જતા ત્યાં એમના દ્વારા કંઈ ને કંઈ ઝગડો ઊભો થઈ જ જતો અને મડદા જેવા સામાન્ય વાયુમંડળમાં આ પ્રાણવાન યુવક 'તોફાની' ગણાતા.

નારાયણ મલકાનીનો પરિચય મને મારા અત્યંત પુરાણા સિંધી મિત્ર જીવતરામ કૃપાલાની દ્વારા થએલો. મેં એક-બે વાર ઉલ્લેખ કર્યો છે કે વિદ્યાર્થી કૃપાલાની બે-ત્રણ કૉલેજોમાં 'ઝગડા' કર્યા બાદ પૂના ખાતે અમારી ફર્ગ્યુસન કૉલેજમાં આવ્યા હતા. જ્યારે હું મારી સાધના માટે હિમાલય ગયો ત્યારે કૃપાલાની મને ત્યાં મળવા આવેલા. જ્યારે હું રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં ગાંધીજીને પ્રથમ વાર મળ્યો ત્યારે મેં કૃપાલાનીને તાર કરીને તેડાવ્યા કે આપણા યુગના એક નવા નેતાને અહીં મળી શકાશે. એ દિવસોમાં જીવતરામ કૃપાલાની અને નારાયણ મલકાની બિહારની એક સરકાર–માન્ય કૉલેજમાં અધ્યાપક હતા. જ્યારે ગાંધીજી બિહાર ગયા ત્યારે આ બે સિંધી અધ્યાપકોએ પોતાના વિદ્યાર્થીઓને સાથે લઈ સ્ટેશન પર ગાંધીજીનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓએ વાહનના ઘોડા છોડી નાખીને જાતે જ ગાંધીજીની ગાડી ખેંચી હતી. ઈ. ૧૯૧૫ના એ દિવસો હતા. કૉલેજના અંગ્રેજ આચાર્ય આવી સ્વાતંત્ર્યભક્તિ કેવી રીતે સહન કરે? કૃપાલાની અને મલકાની બન્નેને ત્યાંની નોકરી છોડવી પડી.

મને એવું અસ્પષ્ટ સ્મરણ છે કે જ્યારે હું સિંધ હૈદરાબાદમાં ત્યાંના ક્રાંતિકારી બ્રહ્મચર્યાશ્રમમાં આચાર્ય હતો ત્યારે નારાયણ મને મળ્યા હશે. પરંતુ ત્યારે તો ચોઈથરામ ગિદવાણી, વિષ્ણુશર્મા મૌદ્ગલ્ય જેવા નવયુવકો સાથે મારો સંબંધ વિશેષ હતો.



મને એનો સંતોષ અને ગૌરવ છે કે ગાંધીજી ભારત આવ્યા કે તરત અમારા ક્રાંતિકારી મંડળના લગભગ બધા લોકોએ થોડા જ દિવસોમાં ગાંધીજીને ઓળખી લીધા અને એમના સાથી–સેવક બની ગયાં.

જ્યારે ગુજરાતમાં, અસહકારના દિવસોમાં, વિદ્યાપીઠની સ્થાપના થઈ, ત્યારે કૃપાલાની અને મલકાની એમાં દાખલ થઈ ગયા તે સ્વાભાવિક હતું. સિંધમાંથી પ્રથમ આવ્યા પ્રા. આસૂદમલ ગિદવાણી. એમની સાથે મારો પરિચય નહોતો, પરંતુ એઓ જાણતા હતા કે 'માં સિંધુજો માણ્ડૂ અહ્યાં'—હું સિંધનો આદમી છું.

મને યાદ છે ત્યાં સુધી, નારાયણ મલકાનીએ પોતાની પ્રસન્નતા, કલાભિરુચિ ને સેવાભાવનાથી ગુજરાતી વિદ્યાર્થીઓનાં હૃદય જીતી લીધાં

હતાં. પરંતુ નારાયણમાં નમ્રતાની એવી ખૂબી હતી કે વિદ્યાર્થીઓનો સઘળો ભક્તિભાવ કૃપાલાની જેવા નેતાઓ તરફ જ ઢળી જાય.

ઈ. ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા ત્યારથી એમની સેવામાં—અથવા ગાંધી ઢબની રાષ્ટ્રસેવામાં, અને માનવતાની ઉન્નતિમાં, પોતાના આયુનાં લગભગ સાઠ વર્ષ પૂરી નિષ્ઠાથી જેમણે અર્પણ કર્યાં તે નારાયણ મલકાનીનું જીવનચરિત્ર તૈયાર કરીને પ્રગટ કરવું તે આજની પેઢીનું કામ છે. હું તો આ નિષ્ઠાવાન, રસિક, વિદ્યાર્થીભક્ત સિંધી દેશસેવકનું પ્રેમાદર પૂર્વક સ્મરણ કરીને કેવળ શ્રદ્ધાંજલિ જ કરું છું.

(મંગલ પ્રભાત) —કાકા કાલેલકર

બે સંગીતજ્ઞોનો દેહવિલય

હિંદુસ્તાની સંગીતના બે ઉત્તમ ગાયકો ઉસ્તાદ અમીરખાં અને પં. રતનજનકરના અવસાનથી તાજેતરમાં એ ક્ષેત્રે આપણને બેવડી ખોટ પડી.

અમીરખાં ઈંદોર ઘરાણાના એક મશહૂર ગાયક હતા. ઈ. ૧૯૧૨માં ઈંદોરમાં એમનો જન્મ. પિતા શમ્મીરખાં ઈન્દોર રાજદરબારમાં સારંગીવાદક હતા. અનેક નિષ્ણાત ગાયકો સાથે એમણે વગાડેલું હોઈ વિવિધ ઘરાણેદાર ચીજો તે જાણતા ને પુત્ર અમીરખાંને પણ એ શીખવતા. પણ એ સમયમાં બીનકાર સિવાય અન્ય વાદકો માત્ર ગાયકની સંગત કરનારા જ અને એથી તુચ્છ ગણાતા. શમ્મીરખાંને પણ એવા કડવા અનુભવો હતા જ, એટલે એમની મનેચ્છા પુત્રને કોઈ ઉસ્તાદ પાસે ગાયનની ઊંડી તાલીમ અપાવવાની હતી. દેવાસના રાજગાયક ઉસ્તાદ રજબઅલીખાં પાસે એમણે એ વ્યવસ્થા કરી અને અમીરખાંએ પંદર વર્ષ સુધી આકરી સાધના કરીને પોતાના ઉસ્તાદ જેવી જ વિશિષ્ટ ફિરત કંઠગત કરી ગુરુને ખુશ કરી દીધેલા. આ પછી દિલ્હીમાં એમણે કિરાણા ઘરાણાના ઉસ્તાદ અબ્દુલવહીદખાં ચિશ્તી સાબરી પાસે તાલીમ લઈ ઝૂમરા તાલમાં અનેક રાગની રજૂઆતમાં અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી. આ પછી મુંબઈ–કલકત્તાના એમના નિવાસ દરમિયાન ઉત્તમ ગાયક તરીકે એમણે ઘણી ખ્યાતિ મેળવેલી. 'બૈજુ બાવરા' ફિલ્મનાં 'આજ ગાવત મન મેરો ઝૂમકે' ગીતમાં એમનો કંઠ તો ઘણાને યાદ હશે. એ જ રીતે 'શબાબ', 'ગૂંજ ઊઠી શહનાઈ', 'ઝનક ઝનક પાયલ બાજે'માં પણ પાર્શ્વગાયક તરીકે એમણે રાગદારી ગાયન આપેલું. કાબૂલની પણ એમણે સંગીતયાત્રા કરેલી. તરાના અને ખયાલ ઉપર એમણે આગવું સંશોધન કરેલું છે.

છેલ્લા ત્રણ દાયકાથી તેઓ ભારતના એક ઉત્કૃષ્ટ ગાયક તરીકે મશહૂર હતા. રેડિયો પર ને લગભગ દરેક મોટા સંગીત સમારંભમાં એમને અચૂક નિમંત્રણ મળતું. ઈ. ૧૯૬૭માં સંગીત નાટક અકાદમીનો ઍવાર્ડ આપીને અને પદ્મશ્રીનાં માનથી ભારત સરકારે પણ એમની કલાને બિરદાવી છે. એમના ગાયનની રેકૉર્ડ હવે તો એમનું જીવંત સ્મારક બની રહેશે.

પંડિત શ્રીકૃષ્ણ નારાયણ રતનજનકર એ આપણા દેશના એક અગ્રગણ્ય સંગીતજ્ઞ હતા. મુંબઈમાં ઈ. ૧૮૯૯ની ૩૧મી ડિસેમ્બરે એમનો જન્મ. હિંદુસ્તાની ધ્રુપદ અને આગ્રા ઘરાણાના એ એક વિખ્યાત ગાયક હતા. હોનાંવર કૃષ્ણભટ્ટ તથા ગ્વાલિયર ઘરાણાના ખ્યાતનામ ગાયક પં. અજિત મનોહર જોષી પાસેથી સંગીતની પ્રાથમિક તાલીમ લઈ એમણે પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે પાસે રહીને સંગીતનો ઊંડો અભ્યાસ કરેલો. પોતે મુંબઈ યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ હોઈ સંગીત વિષે ઉચ્ચ શાસ્ત્રીય જ્ઞાન અને ઊંડો અભ્યાસ એમણે એવી કાળજીથી કર્યો કે પં. ભાતખંડેએ એમને આગ્રા ઘરાણાના નામાંકિત ઉસ્તાદ ફૈયાઝહુસેનખાં પાસે ખાસ તાલીમ લેવા મૂક્યા. અને એમની શક્તિથી પ્રસન્ન થઈ ખાનસાહેબે પણ એમને પોતાની રંગીલી ગાયકીની વર્ષો સુધી ઘનિષ્ઠ તાલીમ આપી. આ પછી એમણે લખનૌની મેરિસ કૉલેજ ઑવ મ્યૂઝિકના પ્રિન્સિપલ તરીકે ૨૦ વર્ષ સુધી એકધારી સેવા આપી અને આગળ જતાં એ કૉલેજ ભાતખંડે કૉલેજ ઑવ હિંદુસ્તાની મ્યૂઝિકમાં રૂપાંતર પામી ત્યારે પણ તેમાં તે ઉચ્ચ પદે રહેલા.

પં. ભાતખંડેના તેઓ પટ્ટશિષ્ય ગણાતા અને પંડિતજીએ રચેલી સંગીતની ક્રમિક માલિકાનાં છયે પુસ્તકોનું સંપાદન એમણે કરેલું. ઉત્તમ ગાયક અને સંગીતશાસ્ત્રના જ્ઞાતા હોઈ એમણે તૈયાર કરેલા અનેક શિષ્યો આજે દેશભરમાં ખ્યાત થએલા છે. ખૈરગઢની ઇન્દિરા કલા વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિપદે પણ તેઓએ અનેક વર્ષ કામ કરેલું. છેલ્લેછેલ્લે તેઓ મુંબઈમાં સાયનના શ્રી વલ્લભ સંગીત આશ્રમમાં માનાર્હ નિયામક તરીકે સેવા આપતા હતા. સીલોનમાં પણ એમણે પોતાનું સંગીત અને સંગીતવિષયક વ્યાખ્યાનો આપેલાં. કેન્દ્ર સરકારની નૃત્યનાટ્ય અકાદમીના એ ફૅલો હતા. આકાશવાણી (દિલ્હી)ના શાસ્ત્રીય સંગીત માટેની પરીક્ષક સમિતિના અધ્યક્ષ પદે પણ રહેલા. અનેક ઘરાણાની ગાયકીની વિશિષ્ટતાઓનું એમને ઊંડું જ્ઞાન હતું. પદ્મભૂષણનું માન આપીને પણ ભારત સરકારે એમની સંગીતસેવાને નવાજી હતી.

'અભિનવ ગીતમંજરી' અને 'તાનસંગ્રહ'ના કેટલાક ભાગ ઉપરાંત સંગીત વિષયક અન્ય પુસ્તકો તથા પં. ભાતખંડેનું ચરિત્ર પણ એમણે લખેલાં છે. સંગીતક્ષેત્રે એમની વિદ્વત્તા અંગે ઘણું માન પ્રવર્તતું હતું. ઉત્તમ ગાયક હોવા સાથે સંગીતશાસ્ત્રના એમના જેવા વિદ્વાનો બહુ વિરલ છે ત્યારે એમના અવસાનથી પડેલી ખોટ વધુ સાલે એ સ્વાભાવિક છે. સદ્‌ભાગ્યે એમના ગાયનની રેકૉર્ડ સુલભ છે. —સાધુરામ યોધ

લઘુકથા

હાર-જીત

અશ્વિન મ. વસાવડા

મનીઑર્ડરની બારી ઉપર લાંબી કતાર હતી. ધીરે ધીરે મારો નંબર હવે નજીક આવતો હતો. બારીના એક ખૂણા ઉપર લટકતી છત્રી ઉપર મારું ધ્યાન પડ્યું. મારે પણ એક છત્રી ખરીદવાની જ હતી તે મને યાદ આવ્યું. મારી આગળના વધુ ત્રણ ચાર જણ પોતાનું કામ પતાવી ચાલતા થયા, પણ કોઈએ એ છત્રી લીધી નહિ. કતાર લાંબી હતી, ઘણા ચાલ્યા ગયા. છત્રી કોઈ ભૂલી જ ગએલું લાગ્યું.

મારી આગળ હવે ત્રણ જ જણ હતા. એક ગયો. છત્રી લેતો ન ગયો. બીજો પણ છત્રી લીધા વિના ગયો. હવે હું બીજો હતો. છત્રીને મેં સ્પર્શ કર્યો. કોઈ મને જોતું તો નથીને એ ચોર આંખે મેં જોઈ લીધું.

આગળ હવે એક જ જણ હતો. છત્રીને પણ મેં આગળ સરકાવી લીધી. વીજળી જેવો આંચકો અનુભવ્યો.

મનીઑર્ડરનું ફૉર્મ અને નોટ આપી. વાતાવરણ ઠંડું હતું છતાં મને પરસેવો વળી ગયો. છત્રી જ્યાં હતી ત્યાં મેં પાછી મૂકી દીધી.

મનીઑર્ડરની પહોંચ લઈ ઉતાવળે મેં બારી છોડી. પાછી મૂકેલી છત્રી ફરી હાથમાં લેવાઈ ગઈ. ઝડપથી, લગભગ દોડતાં જ મેં રસ્તો પસાર કરી નાખ્યો. ઘેર આવી છત્રી ખોલી. નવી જ લાગી. મારો ખર્ચ બચી ગયો. ચૂમી લીધી. વળી અકળામણ થઈ. ફરી સંતોષ થયો.

'મહેતાભાઈ છે?' કોઈએ સાંજે બૂમ પાડી. 'ભાઈ; હમણાં તમે મનીઑર્ડર કરવા.........' '.........હા હા; તમારી છે? હું આવવાનો જ હતો. માફ કરજો મારાથી......'

'હેં?!...ના હા. મનીઑર્ડર કરવામાં તમે મને સો રૂપિયાની નોટ આપેલીને? મેં તમને બૂમ પાડી પણ ઉતાવળમાં તમે સાઠ રૂપિયા પાછા લીધા વિના ચાલ્યા ગયા. તમારું ઍડ્રેસ હતું એટલે થયું કે ઘેર જતાં આપી આવું?' અને પછી રૂપિયા પાછા આપતાં કલાકથી બોલી જવાયું: 'સાચું કહું ભાઈ? પહેલાં તો એમ થએલું કે લાવને રાખી જ લઉં.' □

હિંદી મહાસાગરનો ચર્ચાસ્પદ ટાપુ: ડીએગો ગાર્સીઆ


બ્રિટન અને અમેરિકા વચ્ચેની તાજેતરની એક સમજૂતી હેઠળ હિંદી મહાસાગરમાંનો 'ડીએગો ગાર્સીઆ' ટાપુ એક અત્યંત અદ્યતન એવું સંપૂર્ણ નૌકામથક બનશે. આ ટાપુ ક્યાં છે? તેનું મહત્ત્વ શું છે? વગેરે સમજવામાં આપણું હિત રહેલું છે. હિંદી મહાસાગરમાં આવેલા આ વ્યૂહાત્મક ટાપુમાં જહાજો લાંગરવાની, વિમાનમથકની, ને ઑસ્ટ્રેલિયામાંના નૉર્થ–વેસ્ટ કેઈપ ટાપુ જેવો અત્યંત અદ્યતન સંદેશાવ્યવહારની સગવડો ઊભી કરી તેને અદ્યતન નૌકામથક બનાવવામાં આવશે. આ પગલું હિંદી મહાસાગર વિસ્તારમાં વધેલી રશિયાની પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને પશ્ચિમી દેશોના હિતમાં સમતુલા સ્થાપવા માટે ભરાયું છે.

રશિયાના પ્રાદેશિક જળવિસ્તારની બહાર તેનાં જહાજોની સંખ્યા છેલ્લાં દસ વર્ષમાં ૬થી વધી ૧૩૦ થઈ છે. વધુમાં નજીકના ભવિષ્યમાં સુએઝ નહેર ખૂલતાં હિંદી મહાસાગરમાં રશિયાની નૌકાશક્તિમાં સારો એવો વધારો થશે. આમ રશિયાની વધતી નૌકાશક્તિને કારણે બ્રિટન અને અમેરિકા હિંદી મહાસાગરમાં અમેરિકાની નૌકાશક્તિ વધારવા પ્રવૃત્ત થયાં છે. તેના એક ભાગ રૂપે ડીએગો ગાર્સીઆને એક અત્યંત અદ્યતન એવું નૌકા તેમજ હવાઈમથક બનાવવામાં આવી રહ્યું છે.

ઘોડાની નાળના આકારનો પરવાળાનો બનેલો ડીએગો ગાર્સીઆ ટાપુ વિસ્તારમાં ૧૩ માઈલ લાંબો અને ૪ માઈલ પહોળો છે. આ વિસ્તારમાંના નાના નાના ટાપુઓમાં એ સૌથી મોટો છે. એની વસ્તી ૩૦૦થી ૫૦૦ની છે, જેનો મોટો ભાગ માછીમારો અને મજૂરો છે. આ ટાપુનું વ્યૂહાત્મક મહત્ત્વ ઘણું જ છે. તે હિંદી મહાસાગરની મધ્યમાં છે. પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાંના અમેરિકાના સંદેશાવ્યવહાર કેન્દ્ર નૉર્થ-વેસ્ટ કેઈપ અને ઇથિયોપિયામાં આવેલા અસમારા થાણાની પણ એ મધ્યમાં છે. ભારતના કેઈપ કૉમોરીનથી એ ૧૨૦૦ માઈલના અંતરે છે અને ભારતથી મોરીશિયસના માર્ગની અધવચમાં છે.

વળી આ ટાપુ ૧૪૦ ફૂટ ઊંડું સારુ એવું બારું ધરાવે છે, ટાપુ પર એક વિશાળ વિમાનમથક માટે યોગ્ય જમીનવિસ્તાર પણ છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જહાજોમાં બળતણ ભરવાના મથક તરીકે અને શાહી હવાઈદળનાં વિમાનો માટે દરિયાઈ વિમાનીમથક તરીકે આ ટાપુનો ઉપયોગ થયો હતો. પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનોના યુદ્ધજહાજ 'એમડેન'નો બે બ્રિટિશ જહાજોએ પીછો પકડતાં એ જર્મન જહાજે આ ટાપુમાં આશરો લીધો હતો. આજથી આઠ. વર્ષ પહેલાં ઇ. ૧૯૬૬માં બ્રિટન અને અમેરિકા વચ્ચે થએલા દ્વિપક્ષી કરાર હેઠળ આ ટાપુનો સંરક્ષણ વિષયક સગવડો માટે ઉપયોગ કરવા સંમતિ સધાઈ હતી. આ કરારની મુદત ૫૦ વર્ષની છે. આ પછી ડિસેમ્બર ૧૯૭૦માં થએલા બીજા એક કરાર હેઠળ આ ટાપુમાં અમેરિકાએ એક વિમાનમથક સહિત નૌકાદળ માટે સંદેશા-વ્યવહારની સગવડો ઊભી કરી છે. તાજેતરમાં થએલા કરાર અન્વયે હવે અહીં સંદેશા-વ્યવહારની સગવડો વધારી તેને એક અદ્યતન એવું નૌકા તેમજ હવાઈ મથક બનાવવામાં આવશે. જેને પરિણામે અહીંથી અણુશસ્ત્રોથી સુસજ્જ એવી સબમરીનોને આંતરસાગર હેરફેર માટે માર્ગદર્શન આપી શકાશે તેમજ એને આશ્રય પણ આપી શકાશે. ઉપરાંત આ ટાપુ અમેરિકાનાં દુનિયાભરને આવરી લેતાં શ્રેણીબંધ જાસૂસી નિરીક્ષણ મથકોમાંના એક મથક તરીકેની ગરજ સારશે. વળી તે અણુશસ્ત્રોથી સજ્જ અમેરિકાની સબમરીનોને આક્રમક હલ્લા માટે પણ સહાયક બનશે.

આ એક ગંભીર પરિસ્થિતિ સૂચવે છે અને હિંદી મહાસાગરને અણુશસ્ત્રોથી મુક્ત એવો શાંતિવિસ્તાર બનાવી રાખવાના યુનોના એક ઠરાવના આદર્શની વિરુદ્ધની છે. આમ એ માત્ર ભારત જ નહિ પરંતુ દરિયાકાંઠો ધરાવતાં તમામ રાષ્ટ્રો માટે ગંભીર ચિંતાનો વિષય છે.



△ લક્દીવ અને માલદીવ ટાપુઓની હારમાળાને લંબાવતાં વિષુવવૃત્તની દક્ષિણે ૪ થી ૭ અક્ષાંશ વચ્ચે અને હિંદી મહાસાગરમાં લગભગ કેન્દ્ર સ્થાને આશરે ૭૬ ચો. મા.ના વિસ્તારના છાગોસ ટાપુઓ આવેલા છે. એના પૂર્વ અને દક્ષિણનો કેટલોક ભાગ ડૂબી જઈ એગ્મૉંટ, ડેન્જર, ઈગલ અને થ્રી બ્રધર્સ નામના ટચૂકડા ટાપુઓ હાલ રહ્યા છે, પણ આમાં અગ્નિ કોણ પરનો ડીએગો ગાર્સીઆ નામનો માત્ર બાવન ચો. માઈલનો ટાપુ મુખ્ય હોઈ એના પર જ આછી પાતળી વસતિ વસી હતી. જેમાં મુખ્યત્વે મોરીશીઅસના હબસીઓ હતા. ઈ. ૧૭૯૧માં મોરીશીઅસ પાસેથી ફ્રેન્ચોએ આ ટાપુઓ ને તેનો તેલ ઉદ્યોગ હાથ કરેલા. આ ઉદ્યોગને કારણે આ ટાપુઓ 'ઑઈલ આઈલૅન્ડ્સ' નામે પણ ઓળખાતા. એનું ડીએગો ગાર્સીઆ નામ ઈ. ૧૫૩૨માં એ નામના એક પોર્ટુગીઝ નાવિકે તે શોધેલો તેના પરથી પડ્યું છે. ઈ. ૧૮૧૪માં મોરીશીઅસ અને એની વસાહતો બ્રિટિશ શાસન તળે આવી. એ વખતે કોપરેલ, નાળિયેર, કોપરું, મીઠામાં આથેલી માછલીઓ તથા પક્ષીની હગારની નિકાસના કારણે એનું મહત્ત્વ હતું, પણ હવે હિંદી મહાસાગરમાંના એના મધ્યવર્તી સ્થાનને કારણે બીજા વિશ્વયુદ્ધ પછી વ્યૂહાત્મક દષ્ટિએ એનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. હિંદી મહાસાગરમાં આવવા માટે સોવિયેત નૌકાદળને કેઈપ ઑવ ગુડહોપના માર્ગે થતો ૧૧૦૦૦ માઈલનો ફેરો સુએજની નહેર ખૂલતાં ૨૨૦૦ માઈલનો જ થતાં એનું એ દબાણ વધશે. નકશા પરથી જોઈ શકાશે કે એની બધી બાજુના દેશો પર અહીંથી જાસુસી નજર રાખવી કે આક્રમણ લઈ જવું યા એ બધા દેશોના જલમાર્ગો આંતરવા એ કેટલું સરળ થઈ પડે. એટલે જ આ ટાપુ પર લશ્કરી મથક ઊભું થવા અંગેની લાગતાવળગતા દેશો— ખાસ કરીને રાજકીય દૃષ્ટિએ ભારતનું આમાં વધુ મહત્ત્વનું સ્થાન હોઈ એની ચિંતા તદ્દન વાજબી છે.

જૂની ચલણી નોટો

ફરી એક વાર લોકોને જૂની ચલણી નોટોને કારણે મુશ્કેલીમાંથી પસાર થવાની વેળા આવી છે, ત્યારે આ છાશવારે પેદા થતા પ્રશ્નોના કાયમી ઉકેલ માટે કેટલાંક પગલાં વિચારવાં જરૂરી છે.

૧) રૂ. ૨, ૫ અને ૧૦ની કિંમતના હલકી પ્રમાણિત ધાતુના સિક્કા પાડવા જોઈએ, જેથી સર્વત્ર અને ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં કાગળની નોટો પરનું દબાણ ઘટી જશે.

૨) રિઝર્વ બૅન્કે રેડિયો, અખબારી જાહેરખબરો, સિનેમા-સ્લાઇડો, પોસ્ટરો અને શાળા–કૉલેજોના સહકારથી કાગળની નોટોને કઈ રીતે વાપરવી એ અંગે રાષ્ટ્રવ્યાપી લોકશિક્ષણ–ઝુંબેશ ઉઠાવવી જોઈએ, અને નોટો પર છાપો મારવાનું, લખવાનું, ચોળી નાખવાનું તથા ભૂંગળીઓ વાળી ઘડિયાળના પટ્ટા નીચે દબાવવા જેવા નોટ સાચવવાના માર્ગોનું

શાક-ભાજી—મરી-મસાલો] ૨૦ [ગલકાં

તૂરિયાંની જાતનું એક બીજું શાક તે ગલકાં. એની બે જાત છે. તેનાં બી પણ બે જાતનાં—સફેદ અને કાળાં હોય છે. કાળાં બીમાંથી ગલકાં લીલાં અને લાંબાં થાય છે અને સફેદ બીનાં ગલકાં રંગે ઝાંખાં ધોળાં તથા કદમાં નાનાં થાય છે. ગલકી (ગલકાંનો વેલો) બહુ વધતી હોઈ તેને માંડવા ઉપર ચડાવવાથી ગલકાં સારાં ઊતરે છે. ચોમાસાના આરંભમાં અને માહ માસમાં એ વવાય છે. તૂરિયાંની માફક જ તેનો ઉછેર થાય છે, પણ તૂરિયાં કરતાં તેનો પાક મોડો ઊતરે છે. ગલકાં પણ મીઠાં અને કડવાં એમ બે પ્રકારનાં થાય છે. ગલકાંમાં મીઠાશ હોઈ તેનું શાક અને ભજિયાં સ્વાદિષ્ટ બને છે. ઘર-આંગણે જો ગલકીના બે-ત્રણ વેલા ચડાવ્યા હોય તો શાક અને ભજિયાં માટે જોઈતાં ગલકાં મળી રહે છે. ગલકાંને પારોસ પણ કહે છે. ચોમાસામાં વાવેલાં ગલકાં–તૂરિયાં શરદ ઋતુમાં શ્રાવણ–ભાદરવામાં બેસે છે. પણ શરદ ઋતુમાં તેનું વધુપડતું સેવન વાયુ કે પિત્તનો પ્રકોપ કરી તાવ લાવે છે.

'તાવ કહે તૂરિયામાં વસું, ગલકું દેખી ખડખડ હસું;
જેને ઘેર ખાટી છાશ, તેને ઘેર મારો છે વાસ.'

જો કે ગલકાં તૂરિયાં જેટલાં વાયડાં નથી, છતાં પણ શરદ ઋતુમાં તેનું વધારેપડતું સેવન કરવું હિતાવહ નથી. ગલકાંનાં પાકાં ફળની અંદરનો રેષામય ભાગ નાહવાના, વાસણ અજવાળવાના અને કારખાનાંમાં ગળણાં તરીકે વપરાય છે. તેનાં બીમાંથી ઔદ્યોગિક ઉપયોગમાં આવતું તેલ પણ નીકળે છે. મહાકોશાતકી, હસ્તિઘોષા, મહાફલા, ધામાર્ગવ, ઘોષક અને હસ્તિપર્ણું એ ગલકાનાં સંસ્કૃત નામો છે.

ગલકાં સ્નિગ્ધ છે. એ રક્તપિત્ત ને વાયુને મટાડે છે. કેટલાક નિઘંટુકારે તેને પિત્ત ને વાયુનો નાશ કરનાર માન્યાં છે. મોટાં ગલકાં મધુર, શીતળ, વાતલ, અગ્નિદીપક ને કફકર છે. એ દમ, ઉદરરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. જ્વરરોગી માટે પણ તે હિતકારી છે. લોકજીભે જો કે ગલકાંને તાવકારક ગણ્યું છે, પરંતુ વૈદકશાસ્ત્ર તેને તાવમાં હિતકારી ગણે છે.

ગલકું શેકી તેનો એક પૈસા ભાર રસ કાઢી, બાળકને પિવડાવવાથી તેની છાતીમાં થતું દરદ મટે છે. ગલકીનાં પાનનો બે તોલા રસ પીવાથી અને તેનાં પાનને વાટી રસ કાઢી પેટના સોજા પર ચોપડવાથી શોફોદર (એક ઉદરરોગ) મટે છે. ગલકીનાં પાનના રસમાં ગોમૂત્ર મેળવી ગરમ કરી ચોપડવાથી સોજો મટે છે.

કલાઈ કરેલા વાસણમાં એક શેર જેટલાં ગલકીનાં લીલાં પાનનો રસ તથા એટલું જ ગાયનું કે બકરીનું જૂનું ઘી મેળવી ધીમા તાપ પર ચડાવવું અને બધો રસ બાળી દઈને ઘી સિદ્ધ કરવું. આ ઘીમાં પાંચ તોલા ઓગાળેલું શુદ્ધ મીણ ભેળવીને એકરસ કરી બનાવેલો મલમ બદ, ફૂટેલાં ગૂમડાં, ગરમીની ચાંદી, વ્રણ વગેરે પર લગાડવાથી જલદી રૂઝ આવે છે.

માધવ મો. ચૌધરી

અવલંબન લેતાં લોકો રોકાય એ માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ.

૩) રિઝર્વ બૅન્કે સ્ટેઈટ બૅન્ક અને રાષ્ટ્રીયકૃત બૅન્કોને રદ્દી નોટો બદલી આપી લોકોને હાલાકીમુક્ત કરવાનો આદેશ આપવો જોઈએ, ને ૪) આ દરમિયાન લોકોએ પણ પોતાના અધિકારનો ભોગવટો કરી જૂની નોટ સ્વીકારવાનો ઇન્કાર કરતી બૅન્કો સામે કાયદેસર પગલાં લેવાં જોઈએ. તેઓએ બૅન્કના અધિકારીઓ પાસે રદ્દી નોટોના અસ્વીકાર માટેની લેખિત માગણી કરવી જોઈએ; અને આ માગણી સ્વીકારાય કે નહિ, ઇન્કાર થતાં જ નજીકના પોલીસ સ્ટેશને જઈ કાયદેસર ચલણના અસ્વીકાર અંગે ફરિયાદ નોંધાવવી જોઈએ.

લોકોએ એ જાણવાની જરૂર છે, કે જ્યાં સુધી નોટ પર કેટલા રૂપિયાનું એ ચલણ છે, તે તથા તેનો સીરિયલ નંબર અને રિઝર્વ બૅન્કના ગવર્નર યા એક રૂપિયાની નોટ પર નાણાંખાતાના અધિકારીની સહી સ્પષ્ટ હોય ત્યાં સુધી એ નોટ ગમે તેવી હાલતમાં પણ કાયદેસર ચલણ રહે છે, અને તેનો અસ્વીકાર કાયદાના ભંગ સમાન છે.

નકલી ચલણી નોટ

આજે દેશમાં ફરતી ચલણી નોટોમાં બનાવટી નોટોનું પ્રમાણ વધી ગએલું છે ત્યારે એની પરખમાં 'સિક્યોરિટી થ્રેડ' તથા રાષ્ટ્રચિહ્નના વૉટર માર્ક ઉપરાંત બીજા પણ અમુક મુદ્દા લક્ષમાં રાખવા જેવા છે. આમાં સૌથી પ્રથમ જોવાનો છે તેનો કાગળ. રાષ્ટ્રની ટંકશાળમાં ખાસ પ્રકારનો કાગળ જ વપરાય છે જે હાથમાં લેતાં કડક લાગે છે. ('કડકડતી નોટ' એટલે જ તો કહેવાય છે). બનાવટ કરનારા તેવો કાગળ મેળવી શકતા નથી. બીજું દસ અને સો રૂપિયાની નોટો પર તેના આંકડાના, અતિ તેજ પ્રકાશ સામે ધરતાં જ દેખાય તેવા વૉટર માર્ક્સ હોય છે. અસલી નોટોનું રંગ સંયોજન પણ અત્યંત અટપટું હોય છે અને દસ રૂપિયાથી વધુ કિંમતની નોટો તો દસથીયે વધુ રંગોમાં છાપેલી હોય છે. નકલ કરનારાઓ આટલો સૂક્ષ્મ રંગભેદ સાધી શકતા નથી. વળી અસલી ને નકલી નોટોમાં દેખાતા તાર (સિક્યોરિટી થ્રેડ)નો ભેદ પણ પકડી શકાય તેવો હોય છે. નકલીમાં એ માત્ર છાપેલી હોય છે જ્યારે અસલીમાં રીતસર બારીક તંતુ. નકલી નોટમાં રીઝર્વ બૅન્ક ઑવ ઈંડિયાના પ્રથમાક્ષરોનું સંયોજન કરવું મુશ્કેલ છે જે વૉટરમાર્કમાં ઝીણવટથી પકડી શકાય છે.

જ્યાં પૈસાની લેવડદેવડ વધુ રહેતી હોય તેવા સ્થાનોએ રાતવરાતે બનાવટી નોટો લોકોના હાથમાં સરકાવી દેવી સરળ હોઈ એવા સ્થળોએ લેવડદેવડ કરતી વેળા ચોકસાઈ રાખવી જરૂરી છે.

ગણિતગમ્મત

સંખ્યાને તેના અંકોના સરવાળા વડે ભાગતાં ભાગાકાર અને શેષ સરખા રહે. શેષ ભાજક કરતાં હમેશ ઓછા હોય એ ધ્યાનમાં રાખીને એવી સંખ્યાઓ શોધી કાઢવાનો પ્રશ્ન રસિક છે, પરંતુ એવી સંખ્યાઓ શોધવાનું કામ એકદમ સરળ નથી. બેઅંકી એવી સંખ્યાઓ નીચે મુજબ છે:

૧૬, ૩૯, ૫૫, ૯૬

૧૬ માં	અંકોનો	સરવાળો	૧ + ૬ = ૭
૩૯ ,,	,,	,,	૩ + ૯ = ૧૨
૫૫ ,,	,,	,,	૫ + ૫ = ૧૦
૯૬ ,,	,,	,,	૯ + ૬ = ૧૫

		ભાગાકાર	શેષ
૧૬ ÷ ૭	...	૨	૨
૩૯ ÷ ૧૨	...	૩	૩
૫૫ ÷ ૧૦	...	૫	૫
૯૬ ÷ ૧૫	...	૬	૬

આ પ્રકારની ત્રણઅંકી એક સંખ્યા ૧૮૭ છે. એના અંકોનો સરવાળો ૧ + ૮ + ૭ = ૧૬ છે. અને ૧૮૭ ÷ ૧૬ ના સંબંધમાં ભાગાકાર ૧૧ અને શેષ પણ ૧૧ રહે છે. જેમ કે (૧૬ × ૧૧) + ૧૧ = ૧૭૬ + ૧૧ = ૧૮૭. વધુ અંકોવાળી આવી સંખ્યાઓ હોઈ શકે પરંતુ તે શોધવાનું કામ શ્રમસાધ્ય છે.

—એમ. એન. ખત્રી

આ વર્ષે જર્મન ફેડરલ પોસ્ટ ઑફિસ એક નવી સેવા વધારે છે. 'રેડિયો કૉલ'ની આ સેવા માટે ગ્રાહક બનનારને એક નાનકડું રેડિયો રિસીવર અપાશે, જેના દ્વારા એ વ્યક્તિ જર્મન ફેડરલ રીપબ્લિકની હદમાં એ જ્યાં હશે ત્યાં તેને રેડિયો દ્વારા સંદેશ પહોંચાડાશે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

પ્રાચીન રોમન પંચાંગમાં મૂળ વર્ષનો બીજો, પણ આગળ જતાં એમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીના ઉમેરણથી ચોથા આવતા આ એપ્રિલ માસનું નામ શા પરથી પડયું એ નિશ્ચિત નથી. આ માસની આસપાસના ગાળામાં વસંત ઋતુથી સૃષ્ટિમાં એક નવો જ ઉઘાડ આવે છે. ઉઘાડ માટેના લૅટિન શબ્દ તથા વસંત માટેના ગ્રીક શબ્દના ઉચ્ચારો કંઈક આ માસના નામને મળતા હોઈ કદાચ એ પરથી એપ્રિલ નામ આવ્યું હશે. પ્રાચીન રોમમાં (અને અન્યત્ર પણ) વસંતોત્સવ ઊજવાતા અને એમાં નિર્દોષ મજાક મશ્કરીઓ પણ થતી. (આપણે ત્યાં પણ વર્ષના લગભગ આ જ અરસામાં હોળીના તહેવારો ઊજવાય છે ને અમુક પ્રદેશોમાં એ દિવસો સુધી ચાલે છે. આમાં ઘેરૈયાનાં મજાકભર્યાં તોફાનો પણ જાણીતાં છે.) મનાય છે કે 'એપ્રિલ ફૂલ'ની રસમ પણ આમાંથી જ વિકસી હશે જે ૧૮મી સદીથી ઠીકઠીક પ્રચલિત બન્યા પછી આજે પશ્ચિમી અસર પામેલા બધા જ દેશોમાં પ્રસરી ગઈ છે.

તા. ૨/૭૪૨ યુરોપના ઇતિહાસ પર જેનો ઊંડો અને દીર્ઘકાલીન પ્રભાવ રહ્યો છે એ વિખ્યાત સમ્રાટ શાર્લેમાનનો જન્મ. પાંચમી સદીમાં




પ્રાચીન રોમન સામ્રાજ્યના રહ્યાસહ્યા અવશેષ જેવા સ્યેગ્રીઅસ પર જીત મેળવવા સાથે જર્મનીની ફ્રૅન્ક જાતિના રાજા કલૉવિસે એક વિશાળ ફ્રૅન્કિશ રાજ્ય સ્થાપેલું. એણે રોમન કૅથોલિક ધર્મ સ્વીકારેલો એથી ખ્રિસ્તી ધર્માનુયાયી પ્રજામાં પણ એ માનીતો થયો. શાર્લેમાન આ ફ્રૅન્કિશ રાજવંશનો ઇતિહાસ-પ્રસિદ્ધ રાજા છે. લગભગ અર્ધી સદી સુધીના શાસન દરમિયાન અનેક યુદ્ધોમાં રત રહેવા છતાં એનું શાસન સુવ્યવસ્થિત રહેલું. અનેક સુંદર સ્થાપત્યોનું એણે સર્જન કર્યું. ખ્રિસ્તી ધર્મપ્રચાર અને તેના વહીવટમાં પણ એણે ઊંડું લક્ષ આપ્યું હતું. ઘોડેસવારી, શિકાર અને તરવાનો એને શૉખ હતો. ખાન-પાનમાં સંયમી અને કુશળ વક્તા હતો. પોતાની માતૃભાષા ઉપરાંત લૅટિન અને થોડું ગ્રીક પણ એ જાણતો.

પશ્ચિમ યુરોપ પરના મુસ્લિમ વિજેતાઓને એણે પાછા હઠાવેલા, ને પૂર્વ-પશ્ચિમ યુરોપ પર એક વિશાળ ફ્રેન્કિશ સામ્રાજ્ય સ્થાપેલું. સૅમ્યુલસ ઑગસ્ટસ પછી તદ્દન ભાંગી પડેલા પ્રાચીન રોમન સામ્રાજ્યનું ત્રણસો વર્ષ બાદ જાણે એણે નવસર્જન કર્યું હતું. પ્રાચીન રોમનોના કટ્ટર શત્રુઓ સમી જર્મન જાતિઓમાંની એકની આ ખ્રિસ્તી શાસક પ્રત્યે પોપની કૃપાદૃષ્ટિ હતી અને એટલે જ એણે શાર્લેમનને રોમમાં આમંત્રીને ત્યાંના સેન્ટ પીટરના દેવળમાં ઈ. ૮૦૦ના ક્રિસ્ટમસના દિવસે એનો 'રોમન સમ્રાટ' તરીકે રાજ્યાભિષેક કરેલો અને પ્રજાએ એને 'મહાન ચાર્લ્સ ઑગસ્ટસ'નું ખ્રિસ્તી નામ આપી હર્ષથી વધાવ્યો હતો. એનું આ નવું સામ્રાજ્ય 'હોલી રોમન ઍમ્પાયર'ના નામે ઓળખાયું. છેક ૧૯મી સદીના આરંભસુધી યુરોપના ઇતિહાસ પર એ સામ્રાજ્યનો પ્રભાવ ટકી રહ્યો હતો.


ઈ. ૮૧૪ની ૨૮મી જાન્યુઆરીએ શાર્લેમાનનું અવસાન થયું.

તા. ૩/૧૮૬૦ યુનાઈટેડ સ્ટેટ્સમાં પૂર્વ-પશ્ચિમ છેડે ઝડપથી ટપાલ પહોંચાડવા 'ઓવરલૅન્ડ પૉની એક્સપ્રેસ'નો પ્રારંભ થયો. જો કે બંને છેડા વચ્ચેના લગભગ ૨૦૦૦ માઈલના એ અંતરમાં ટપાલ લઈ જવા પ્રવાસી ઘોડાગાડીઓ વપરાતી પણ એમાં લગભગ મહિના જેટલો સમય જતો. આથી થોડા થોડા અંતરે બદલાતા જતા ઝડપી ઘોડેસવારો દ્વારા વધુ ઝડપે ટપાલ મોકલવાની આ યોજના થઈ હતી. સામસામી દિશામાંથી



આવતા સવારોએ માત્ર બે જ મિનિટમાં પોતા પાસેની ટપાલની અદલાબદલી કરી દોડવાનું રહેતું. ઈ. સ. ૧૮૬૧માં દેશના બંને છેડા ટેલિગ્રાફથી જોડાઈ ગયા પછી આ સેવા સમેટાઈ ગઈ, પણ તે દરમિયાન સેંકડો માઇલના વિસ્તારમાં ગરમી, ઠંડી, બરફ, આદિવાસી રેડ ઇન્ડિયનો કે લુટારુ ટોળકીનાં આક્રમણો વગેરે જેવાં અનેકવિધ અવરોધો સામે એકલે પંડે ટકી લડીને અને ક્યારેક તો જાન ગુમાવીને પોતાની ફરજ બજાવ્યાનાં એ ખડતલ બહાદુર ટપાલીઓનાં શૌર્યભર્યાં સાહસોની અનેક પ્રેરક-રોમાંચક કથાઓ રચાઈ છે.

તા. ૨૩/૧૮૯૬ ન્યૂ યૉર્કમાં કૉસ્ટર ઍન્ડ બીઆલ મ્યૂઝિક હૉલમાં 'વિટાસ્કોપ' નામે પરદા પર પહેલવહેલા ચલચિત્રની રજૂઆત થઈ. જો કે આ અગાઉ ઈ. ૧૮૮૯માં એડિસને 'કિનેટોસ્કોપ' બતાવેલું અને ઈ. ૧૮૯૪માં આ જ માસની ૧૪મીએ ન્યૂ યૉર્કમાં ધંધાદારી રીતે ચલચિત્રો બતાવવાનો આરંભ થએલો પણ એની રજૂઆત આજની જેમ પર્દા પર નહોતી થઈ. ઈ. ૧૮૯૬ પછી તો આ ક્ષેત્રે ઘણો વિકાસ થયો. આરંભમાં મુખ્યત્વે નાચ ગાનનાં ચિત્રો જ બનતાં. પછી ૧૯૦૯માં જ્યૉર્જ મેલિસે ફિલ્મમાં ફેઈડ આઉટ, ડિસોલ્વમેન્ટ, ડબલ એકસ્પોઝર વગેરે જેવી યુક્તિના પ્રયોગો કરી એક નવો જ વળાંક આપ્યો. આ દરમિયાન ઈ. ૧૯૦૩માં નાચગાનથી દૂર ખસી એડવિન સી. પૉર્ટરે 'ધી લાઈફ ઑવ એન અમેરિકન ફાયરમૅન' સરજીને ચલચિત્રમાં નવી રોમાંચકતા આણી અને પછી તેણે 'ધ ગ્રેઈટ ટ્રેઈન રૉબરી' નામની એક નાની ફિલ્મ બનાવી. એક સળંગ કથા કહેતી એ પહેલી ફિલ્મ હતી. તે પછીના વિકાસમાં ઈ. ૧૯૧૨માં ફિલ્મ 'ક્વીન ઇલિઝાબેથ' ને ઈ. ૧૯૧૩માં 'ક્વો વાડિસ', 'જ્યુડિથ ઑવ બેથુલિયા', 'ધી સ્કવૉ મૅન' નોંધનીય છે. પણ આ જ અરસામાં ફિલ્મ 'ધ બર્થ ઑવ એ નેશન'નો અજબ પ્રભાવ પડયો. અમેરિકાના આંતરવિગ્રહની કથા પર રચાએલી એ ફિલ્મમાં અબ્રાહમ લિંકનના ખૂનના પ્રસંગનું જે દૃશ્ય રજૂ થએલું તે આ નીચે આપ્યું છે.



—અને અબ્રાહમ લિંકન પરનો એ ગોળીબાર પણ ઈ. ૧૮૬૫ના આ જ એપ્રિલ માસની ૧૪મી તારીખે થએલો ને ૧૫મીએ એનું મૃત્યુ થએલું.

તા. ૨૯/૧૯૪૫ બીજા વિશ્વયુદ્ધમાં ઈટાલીમાં જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી અને બીજે જ દિવસે તા. ૩૦મીએ એ મહાયુદ્ધના સર્જક ઍડોલ્ફ હિટલરે આત્મહત્યા કરી. એ હિટલરનો જન્મ પણ ઈ. ૧૮૮૯ની ૩૦મી એપ્રિલે જ થએલો. □

—શેર—

દુઃખ પણ પાછું પડે છે હામના ધરનારથી,
દુઃખમાં પણ સુખ સદા મલકાવનારો જોઇએ.

— વલી લાખાણી —

ગરીબી અને અંધાપાથી કંટાળીને મિસરનો એક કિશોર કૂવે પડતો હતો. તેને એક બુઝર્ગે દોડીને બચાવી લીધો અને તેની હતાશા જાણી કહ્યું: 'એમ કાંઈ જિંદગીથી હારી જવાતું હશે? આંખ વિના પ્રગતિ ન થઈ શકે એવું કોણે કહ્યું? આંખ અને બધી ઇંદ્રિયો કરતાં પણ મન બળવાન છે. જીવનને ખરાબે ચડાવી તારતું કે ડુબાડતું મન જ સર્વોપરિ છે. માટે તું મનને મજબૂત કર અને મર્દ થા.' બુઝર્ગનાં આ પ્રોત્સાહક વચને એ કિશોર પર જાણે જાદુ કર્યો. પુરુષાર્થ ખેડી એણે અભ્યાસ ચાલુ રાખ્યો ને જતે દહાડે ડૉ. તહાહુસેન બની મિસરના શિક્ષણમંત્રીને પદે પહોંચ્યો.

∞

કહેવતોના અર્થ: 'નાહવું નહિ ને નિચોવવું નહિ'. નકામી જંજાળ, પળોજણ કે ચિંતા ન વહોરતાં નિરાંતવા રહેવાની વૃત્તિ માટે વપરાતી કહેવત. આનાથી જુદા અર્થવાળી પણ આને મળતી બીજી કહેવત છે: 'નાગો નહાય શું ને નિચોવે શું?'

∞

અનેકાર્થી શબ્દ: **તિલક** = કપાળમાં કરાતું ધર્મસૂચક અથવા મંગળ ચિહ્ન–ટીલું; લોકમાન્ય ટિળક; ભૈરવ રાગનો પુત્ર રાગ; ધ્રુપદના સોળ માંહેનો એક પ્રકાર; ઘોડાની એક જાત; એક પ્રકારનો રોગ; કાળો સંચળ; તલનો છોડ; તલબાવળી; ભૂષણ કે શોભા; શિરોમણિ વ્યક્તિ–દા. ત. રઘુકુળતિલક રામ; કપાળ ઉપર પહેરાતું આભૂષણ; નાટ્યશાસ્ત્રનું એક કરણ.

∞



કલાકણિકાઃ યહૂદી દેવળ–સીનેગૉગ–માં સપ્તશિખા દીપદાન મનોરાહનું ધાર્મિક મહત્ત્વ ઘણું છે. ઈઝરાએલના રાષ્ટ્રચિહ્નમાં પણ એ સ્થાન પામ્યું છે. એને શોભનરૂપે સાંકળીને બનાવેલું એક પ્રાચીન દીપપાત્ર.

ગણિતગમ્મત

$\frac{૧}{૨}-\frac{૧}{૩}=\frac{૧}{૬}$ અથવા $\frac{૧}{૨}\times\frac{૧}{૩}=\frac{૧}{૬}$

$\frac{૩}{૭}-\frac{૩}{૧૦}=\frac{૯}{૭૦}$ અથવા $\frac{૩}{૭}\times\frac{૩}{૧૦}=\frac{૯}{૭૦}$

આ જાતની જવાબની સમતા થોડાં જ અપૂર્ણાંકમાં આવશે. એનો નિયમ એ છે કે જે અપૂર્ણાંક રકમોના અંશ સમાન હોય અને તેઓના છેદનો તફાવત બેઉના અંશમાં આવેલી રકમના જેટલો જ હોય, તે બેઉ અપૂર્ણાંક રકમોનો તફાવત તથા ગુણાકાર એક જ હોય છે. દાખલા તરીકે

$\frac{૪}{૬}-\frac{૪}{૧૦}=\frac{૧૬}{૬૦}$ અથવા $\frac{૪}{૬}\times\frac{૪}{૧૦}=\frac{૧૬}{૬૦}$

∞



સફેદને સ્વતંત્ર રંગ ગણવામાં આવે છે, અને વ્યવહારમાં એ એક અલગ રંગ છે પણ ખરો; પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો એ સર્વ રંગોનું મિશ્રણ છે. આ જ રીતે કાળો પણ એક અલગ રંગ નહિ, પણ બધા રંગોનો અભાવ છે.

∞

ધુમ્મસ (Fog) હોય છે ત્યારે સૂર્ય લાલ શાથી દેખાય છે?

ધુમ્મસ સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર પડતો અટકાવે છે, પણ તે બધો જ પ્રકાશ અટકાવી શકતું નથી. સૂર્યમાંથી નીકળતાં 'શૉર્ટ વેવ' કિરણો તે અટકાવીને વિખેરી નાખે છે, પણ 'લૉંગ વેવ' કિરણો તો તેમાંથી પણ સોંસરાં નીકળી જઈ શકે છે; અને લાલ રંગનાં કિરણો એ સૌથી વધુ 'લૉંગ વેવ' કિરણો હોવાથી ધુમ્મસને વખતે આપણે ફક્ત તે જ જોવા પામીએ છીએ. આથી સૂર્ય લાલ દેખાય છે.

∞

સર્વ રંગોના મૂળ સાત રંગો ગણાય છે; પણ એ સાત રંગોનાં મિશ્રણમાંથી કુલ ૩ લાખ જાતના રંગ તૈયાર કરી શકાય છે!



વાયા ડોલોરોસા. ઈઝરાએલના પાટનગર જેરુસલેમની એક શેરી. મનાય છે કે વધસ્તંભે જતા ઈસુ ખ્રિસ્ત અહીંથી પસાર થયા હતા. ખ્રિસ્તીઓમાં એ યાત્રાસ્થળ સમી પવિત્ર મનાય છે.

∞

કૂંડીમાં કે બીજે જામેલી લીલ સાફ કરવાનો રસ્તો એ છે કે તેના પર ઘોળેલો કળીચૂનો છાંટી સુકાવા દેવો. કળીચૂનાની ગરમી લીલને બાળી સૂકવી નાખશે અને તે ઊખડી આવશે.

∞

વીજળીના ખોટા થએલા ગોળામાંથી તાર વગેરે કાઢી લીધા પછી ખાલી ગોળામાં થોડું સ્વચ્છ પાણી ભરી જોવાથી કામચલાઉ બૃહદર્શક (Magnifier) બનશે. (મ. પ. જ.)



ફોટોગ્રાફીના અથવા સાદા કાગળ પર ઘરની વિવિધ ચાવીઓનાં ઉપર મુજબનાં છાયાચિત્રો લઈ, તેની નીચે તે શાની છે તે લખી રાખવાથી બે લાભ થશે: એક તો ઝૂડામાંથી જોઈતી ચાવી તે તે છાયાચિત્ર સાથે મેળવીને જલદીથી શોધી શકાશે, ને બીજું, કોઈ ચાવી ખોવાઈ જતાં, તેના આ છાયાચિત્ર પરથી નવી ચાવી સુગમતાથી બનાવી શકાશે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૧૩થી

૬૦૦મા અંકમાંની અમરજિતસિંહ જાડેજાની પૃચ્છા સંબંધે: શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીએ 'સુવર્ણમાળા'ની શરૂઆત કરી ત્યારે મહાશિવરાત્રિ, હોળી, જન્માષ્ટમી, બળેવ, દિવાળી વગેરે પર્વના દિવસોમાં માળાના કુલ નવ અંક બહાર પડતા હતા. તેમાં મેઘદૂત, શાકુંતલ, વિક્રમોર્વશીય, ભગવદ્‌ગીતા, ઉષાહરણ, વગેરેનાં ચિત્રો આપવામાંઆવ્યાં હતાં. ચિત્રો મોટેભાગે ધુરંધરનાં જ આવતાં હતાં. ચિત્રો પૂરાં થયા બાદ તેની સમજૂતી અંગ્રેજી ભાષામાં અપાતી. થોડો સમય આ પ્રમાણે પ્રકાશન કર્યા પછી તેને માસિક બનાવવામાં આવ્યું હતું. માસિક ક્યારે બંધ પડ્યું તેની માહિતી નથી. પણ મારી પાસેના અંકો પરથી જણાય છે કે તે આઠેક વર્ષ તો ચાલ્યું હતું. કદાચ વધારે પણ ચાલ્યું હોય.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

∞

૬૦૦મા અંકમાં કલાપીની 'હૃદય ત્રિપુટી'નું પ્રકરણ વાંચી અતિ આનંદ થયો. પણ, ૪૭૦મા પાના પર રાજબાને કલાપી કરતાં આઠ વર્ષ મોટાં જણાવ્યાં છે, 'કલાપીના કેકારવ'માં ૮મા પાના પર રાજબાને દશ બાર વર્ષ મોટાં જણાવ્યાં છે. તો શું સમજવું?

શોભનાનું તેની ન્યાતના અડબંગ આદમી ગાભા દુજા ખવાસ સાથે વેવિશાળ કરવામાં આવ્યું તેમ દર્શાવ્યું છે. 'કલાપીના કેકારવ'માં શોભનાનું તેની જ જાતના રણછોડ ખવાસ સાથે લગ્ન થએલું દર્શાવ્યું છે (વિવરણ-કાવ્ય 'અતિમોડું' પાન નં. ૭૪ ઉપર) અને ૯૮મા પાના પર કાવ્ય 'એક ભલામણ'ના વિવરણમાં શોભનાના પતિનું નામ રામજી ખવાસ બતાવ્યું છે. તેમજ પાના નંબર ૧૩૧ ઉપર કાવ્ય 'સુકાની શબ્દ'નાવિવરણમાં પણ શોભનાના પતિનું નામ રામજી ખવાસ જ દર્શાવ્યું છે. તો શું શોભનાના પતિનાં નામ આટલાં બધાં હોઈ શકે?

(કાણીએલ) —સુમતિ એન. જાદવ

∞

જાન્યુ. '૭૪ના અંકના 'વાચકો લખે છે' વિભાગમાં શ્રી કલ્યાણજીભાઈ મહેતા વિષે નવસારીના શ્રી વિનોદ પંડ્યાએ હકીકતદોષ બતાવતાં વધારે હકીકતદોષ કર્યો છે. એમનાં લગ્ન કાશીબહેન સાથે થયાં હતાં, ગંગાબહેન સાથે નહિ. ગંગાબહેન તો એમના મોટા ભાઈ શ્રી કુંવરજીભાઈ વિ. મહેતાનાં પત્ની હતાં.

(સૂરત) —ઈશ્વરલાલ ઈ. દેસાઈ

∞

જાન્યુઆરી અંકમાં 'અતિમનસનાં યોગયાત્રી' લેખમાં શ્રી અરવિંદના પ્રતીકની નીચે, પંક્તિ ૮માં જણાવેલું છે કે......'શ્રી માતાજીએ ૧૯૨૬ના ફેબ્રુઆરીની ૨૯મીએ એનો આવિર્ભાવ અનુભવ્યો'ત્યાં ખરેખર ૧૯૫૬ જોઇએ.

(અમરેલી) —રમેશ રાડિયા

∞

'કુમાર'ના આ વર્ષના શુભ પર્વે 'કુમાર'ને ને તમને અંતરથી શુભકામનાઓ મોકલું છું. ક્યાંથી 'કુમાર'ને યાદ કરું? તેની સાથે બહુ લાંબી મજલ કાપી છે. પહેલાં મારા ભાઈને નામે આવતું ત્યારે નાનપણમાંથી વાચન શરૂ થએલું. જૂનામાં જૂની યાદ. શ્રી ચં. ચી.નાં ઈલાકાવ્યો, 'સુકાની'ની 'સોનાર પસા', કેટલાંય સુંદર જીવનચરિત્રો, એવરેસ્ટનું આરોહણ, ઉત્તર-દક્ષિણ ધ્રુવની સફરો, 'દરિયાનો દાનવ', 'જંગલનો ભેરુ' 'ટૉમી', 'કાળોદીપડો'–બધું જ હજી એવું યાદ છે.

તે પછી નવી દુનિયા, નવા લેખકો : શ્રી રામસિંહભાઈની કચ્છની લેખમાળા, શ્રી. શિવકુમાર જોશીની વાર્તા 'ઊભા રહેજો આવું છું', 'કુમાર'ની 'શિષ્ટમાન્ય સાહિત્યશ્રેણી : શેક્સપીઅરની કથામાળા...શું યાદ કરું ને શું નહિ? 'કુમાર'ની આ આટલી લાંબી યાત્રામાં સહભાગી થયાનો મનમાં ખૂબ જ આનંદ છે.

અમને, અમારાં બાળકોને અને હવેની આવતી પેઢીને પણ સમૃદ્ધ વાચન પૂરું પાડે તેટલી બધી 'કુમાર'ની ફાઈલો હવે તો ઘરમાં થઈ ગઈ

છે. માત્ર છોકરાઓનું માનવું છે કે હવે 'કુમાર' પહેલાં જેવું નથી આવતું. છતાંય વાંચવું તો ગમે છે જ.

(બોરીવલી) —દીપા વસા

~

સુવર્ણ જયન્તી વિશેષાંકનો હાલ આનંદ લઈ રહ્યા છીએ. પ્રતિષ્ઠા અને પ્રણાલિકા પ્રમાણે અંક ઉત્તમ બન્યો છે. ભાઈશ્રી રામસિંહજી રાઠોડના 'કલાપી' વિષયક લેખે અજબ મોહિની જગાડી છે. એની ચિત્રમયતા પણ અપૂર્વ છે. કલાપી જીવતા હશે તે યુગની હવાનો સ્પર્શ થઈ જાય છે.

શ્રી રવિભાઈએ ગાંધી યુગમાં ગુજરાતમાં કલાની ચેતના, કલાપ્રીતિ અને કલાની શિક્ષા દીક્ષાને સુંદર પ્રોત્સાહક શૈલીમાં વિગતો સાથે ઉપસાવી છે. આ જઈફ ઉમરમાં પણ પોતાના પ્રસન્ન-મધુર અને પ્રભાવક ચૈતન્ય સાથે તેઓ કેવી મનોરમ રચના ઉપજાવે છે!

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

~

નવજીવન ટ્રસ્ટ તરફથી પ્રગટ થએલી આશ્રમભજનાવલિમાં પ્રારંભમાં જે પ્રાર્થનાના શ્લોકો આપ્યા છે તેમાં નીચે પ્રમાણે એક શ્લોક છે:

न त्वहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम्।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम्॥

આ શ્લોક કયા ગ્રન્થમાંથી લેવામાં આવ્યો છે અને તે કોણ કોને ઉદ્દેશીને બોલે છે તે વિષે મને જિજ્ઞાસા છે. શ્રીમદ્ ભાગવતમાં અને ગીતામાં મેં તપાસ કરી. 'કુમાર'ના સુજ્ઞ પાઠકગણમાંથી કોઈને જો માહિતી હોય તો જણાવવા કૃપા કરે.

(વીરમગામ) —ચન્દ્રકાન્ત મો. શુકલ

~

ઈક્કીસ વર્ષસે આપકી પત્રિકાકા ગ્રાહક ઔર પાઠક હૂઁ. સબસે પહલે 'મારી માન્યતા' સ્તમ્ભ કો પઢતા હૂં. મુઝે યહ દેખ કર આનન્દ હોતા હૈ કિ હિન્દી ભાષા-ભાષી લેખક ભી ગુજરાતી લિપિ મેં અપને હસ્તાક્ષર કરતે હૈં. ગુરુમુખી લિપિમેં લિખનેવાલે ઇલસ્ટ્રેટેડ વીકલી કે સમ્પાદક તક ગુજરાતી લિપિમેં અપને હસ્તાક્ષર કરતે હૈં. પાકિસ્તાન કે સંસ્થાપક મિ. જિન્ના કા (અક્તૂબર '૭૩ કે અંક મેં) 'દિલનો એકરાર' અપને હસ્તાક્ષરો મેં અપની માતૃભાષા મેં પઢકર જિતના હી આનન્દ હુઆ, ઉતના હી હાર્દિક આઘાત ઉસી અંક કે 'મારી માન્યતા' સ્તમ્ભ મેં શ્રીમતી સુમતિબેન મોરારજી કે રોમન લિપિ કે હસ્તાક્ષરોં કો દેખકર હુઆ. ઉન્હીં કે શબ્દો મેં યહ 'બાપુ ચીંધ્યો માર્ગ' નહીં હૈ. બાપૂજી તો વિભિન્ન ભાષા કે પત્રોં કો સન્દેશ દેતે સમય ઉસી ભાષાકી લિપિ મેં હસ્તાક્ષર કરતે થે. હો સકતા હૈ 'આપણે આપણી સંસ્કૃતિ ને કર્તવ્યપરાયણતા તથા ધર્મભાવને ભૂલી ગયા છીએ તેનું આ પરિણામ છે!'

હાઁસી (હિસાર) હરિયાણા —દયાનંદ નારાયણ

~

'કુમાર' સપ્ટે. '૭૩ અંકની માધુકરીમાં આપેલા ગુજરાતના શિક્ષકરત્ન કરુણાશંકર ભટ્ટના રેખાચિત્રમાં લખ્યું છે કે 'છેવટે તેઓ મુંબાઈના શેઠ તુલસીદાસ કીલાચંદનાં બાળકોનાં શિક્ષણ–સંસ્કારની જવાબદારી સંભાળતા. આ સંબંધમાં મુંબાઈના શેઠ શ્રી રામદાસભાઇ કીલાચંદ લખે છે કે હકીકતમાં તેઓ શેઠ તુલસીદાસભાઇનાં, શેઠ રામદાસભાઈનાં, શેઠ અંબાલભાઈનાં તથા શેઠ ચીનુભાઇનાં બાળકોનાં શિક્ષણ–સંસ્કારની જવાબદારી સંભાળતા હતા. મતલબ કે તેઓ સ્વ. શેઠ કીલાચંદ દેવચંદના સમગ્ર કુટુંબનાં બાળકોનાં શિક્ષણની જવાબદારી સંભાળતા હતા, એમ જોઈએ.'

(વલ્લભવિદ્યાનગર) —દીનબંધુ ક. ભટ્ટ

ચાલુ વર્ષનાં પારિતોષિકો

લેખકો-ચિત્રકારોને નિમંત્રણ

'કુમાર'ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે.

૧) **કુમાર-ચન્દ્રક** : વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ કૃતિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક
૨) રૂ. ૫૦ હરિઃૐ **આશ્રમ પારિતોષિક–૧** : જીવનઘડતરમાં પ્રેરણારૂપ ચરિત્રલેખ માટે
૩) રૂ. ૫૦ હરિઃૐ **આશ્રમ પારિતોષિક–૨** : ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતા વ્યક્તિચિત્ર કે પ્રસંગચિત્ર માટે
૪) રૂ. ૫૦ હરિઃૐ **આશ્રમ પારિતોષિક–૩** : વાચકોની રુચિને સંસ્કારે એવા નવા પૂર્ણરંગી ચિત્ર માટે
૫) રૂ. ૫૧ **દીક્ષિત-સ્મૃતિ પારિતોષિક** : સપ્ટેમ્બર ૧૯૭૩ થી ઑગસ્ટ ૧૯૭૪ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને
૬) રૂ. ૫૧ **સ્વ. જમનાપ્રસાદ પારિતોષિક** તેમના પુત્ર શ્રી નીતિન મહેતા તરફથી ભૂગોળવિષયક શ્રેષ્ઠ લેખના લેખકને
૭) રૂ. ૩૦ **એક લેખક તરફથી** : ઈ. ૧૯૭૪ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય માટે
૮) રૂ. ૩૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરમાં પ્રકટ થએલી શ્રેષ્ઠ ગઝલ માટે
૯) રૂ. ૨૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરનાં કાવ્યો પૈકી બીજા ક્રમમાં આવનાર કાવ્યને
૧૦) રૂ. ૨૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરની ગઝલો પૈકી બીજા ક્રમમાં આવતી ગઝલને
૧૧) રૂ. ૧૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરનાં કાવ્યો પૈકી ત્રીજા ક્રમમાં આવનાર કાવ્યને
૧૨) રૂ. ૧૦ **શ્રી હાસમભાઈ વૈદ્ય** તરફથી વર્ષભરની ગઝલો પૈકી ત્રીજા ક્રમમાં આવતી ગઝલને
૧૩) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા માટે
૧૪) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** : ઈ. ૧૯૭૪ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ પરાક્રમકથા, ડિટેક્ટિવવાર્તા કે વિજ્ઞાનવાર્તા માટે
૧૫) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** ઈ. ૧૯૭૪ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ ઐતિહાસિક વાર્તા માટે
૧૬) રૂ. ૨૫ **એક સદ્ગૃહસ્થ તરફથી** : ઈ. ૧૯૭૪ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી જીવસટોસટના સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વાર્તા કે પ્રસંગચિત્ર માટે